
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
નવેમ્બર, ૨૦૦૧ • સળંગ અંક ૮૮૭

કુમાર

તંત્રી
ધીરુ પરીખ



ચિત્રકાર : અવિનાશ ઠાકર
(જુઓ આ અંકની કલાવાર્તા)



ઢીંગલીનાં લગ્ન) (એમ. એફ. હુસેન

તૈલરંગમાં તૈયાર થયેલુ કેનવાસ પરનું આ ચિત્ર તેમાંની રેખાપ્રધાન આકૃતિ - રચના અને લગ્નસમારંભના સંરચનાત્મક દશ્યથી સાદગીભરી પ્રભાવકતા દાખવે છે. એમાંનો આગળ પડતો લાલ રંગ લગ્નના શુભ સંકેત સમાન છે. ઈ. ૨૦૦૦માં તૈયાર થયેલું આ ચિત્ર ૧૫૩ X ૭૭ સે.મી. નું છે. ('અષ્ટનાયક' માંથી સાભાર)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૪મું — અંક ૧૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષરે સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૭

ચિત્રો
ગ્રામ શેરીમાં એક મકાન (ચિત્રકાર : અવિનાશ ઠાકર) — પૂઠું - ૧
ઢીંગલીનાં લગ્ન (ચિત્રકાર : એમ.એફ. હુસેન) — પૂઠું - ૨

કાવ્યો
તને વ્યક્તમધ્યને (ઉશનસ્), રહેંસાતો ઇતિહાસ (ધીરુ પરીખ) — ૬૯૯
હાઈકુ (પરાગ ત્રિવેદી), એટલું બધું (રમણીક સોમેશ્વર), ઘરની દિશામાં (નરસિંહ પટેલ) — ૬૯૯

ચરિત્ર-રોજનીશી
ગોપાળભાઈ જીવાભાઈ પટેલ — ડૉ. રજનીકાન્ત જોશી — ૭૦૦
ઍન ફ્રેન્કની રોજનીશી — અનુવાદ : હિના ગોખલે — ૭૧૨

વાર્તા-લઘુકથા-ધ્યાનકથા-નવલકથા
ધરતીકંપ — બી. કેશરશિવમ્ — ૭૦૪
વળામણાં (લઘુકથા) — હસમુખ કે. રાવલ — ૭૦૫
સુખનું અસુખ (નવલકથા) — અનુ. ચન્દ્રકાન્ત મહેતા — ૭૧૭
ગુરુ બજુવાની બચપણની શાળા (ધ્યાનકથા) — બહાદુરભાઈ જ. વાંક — ૭૨૫

લેખો
અમિતાભનાં આચારસૂત્રો (સૂત્રસાર) — રાધેશ્યામ શર્મા — ૬૯૮
હવાઈ ટાપુ પરનાં વિરાટ દૂરબીનો — પ્રા. સુરેશ ર. શાહ — ૭૦૬
'દેવદાસ'ના નિર્માણની ભીતરની અજાણી વાતો (ફિલ્માકાશ-૧૧) — રજનીકુમાર પંડ્યા — ૭૦૮
પસ્તીનાં પાનાં — ડૉ. પ્ર.ચુ. વૈદ્ય — ૭૧૪
સદાનાં સાથી સ્મરણ (સંમુખ સાગરમઠ-૩૧) — પ્રીતિ સેનગુપ્તા — ૭૧૫
જાણીતા માણસની અજાણી વાતો — પુષ્કરભાઈ ગોકાણી — ૭૧૬
દેલોલની કાર્તિકેયની પ્રતિમાએ — મુનીન્દ્ર વેણીશંકર જોશી — ૭૧૯
ચેસ કૉર્નર : કોયડો-૧૨ — અર્પી શાહ — ૭૨૦
પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૧૦ — યોગેન્દ્ર માંકડ — ૭૨૧

વિભાગો
પ્રસંગકથા : — વિનોદ ભટ્ટ — ૭૦૩
સાહિત્યસંપર્ક : બે કવિઓને નરસિંહ મહેતા અંવોર્ડ : — પ્રફુલ્લ રાવલ — ૭૨૩
સર્જકસૃષ્ટિ વ્યંગદૃષ્ટિ - કૅરિકેચર — નિર્મિશ ઠાકર — ૭૨૪
કલાવાર્તા : અવિનાશ ઠાકર — બંસીલાલ દલાલ — ૭૨૬
કલાવૃત્ત : દીપિકા પટેલ અને સીમા રાવતની ચિત્રસૃષ્ટિ, મોલિના ખિમાનીની ચિત્રસૃષ્ટિ — બંસીલાલ દલાલ — ૭૨૭
કંકાવટી : સમુદ્ર તરવાનો વિશ્વવિક્રમ સ્થાપનાર વર્ષા કેડિયા : ડૉ. ધર્મેન્દ્ર માસ્તર — ૭૨૮
વાળની સંભાળ
દેશાટન-૩૪ : બિશનુપુર — ૭૨૯
માધુકરી : જગન્નાથ અહિવાસીની જન્મશતાબ્દી - ભરત'કુમાર' પ્રા. ઠાકર, ભારતની વિવિધ પ્રકારની ગાય - શાંતિકુમાર જ. ભટ્ટ, કોળું - પ્રા. મહેન્દ્રકુમાર રામદાસ શાહ — ૭૨૯
છેલ્લું પાનું — ૭૩૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૯૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

સૂત્રસાર

અમિતાભનાં આચારસૂત્રો

રાધેશ્યામ શર્મા

ક્રોધ છોડો,
ગર્વ ત્યાગો,
જેને કશાનું બંધન નથી
જેનું કાંઈ નથી
તેવા મનુષ્યને
શોક સ્પર્શી શકતો નથી.

-ધમ્મપદ

હિન્દુના હૃદયમાં ગીતાનું જે સ્થાન તેવું જ ધમ્મપદનું સ્થાન બૌદ્ધોના અંતઃકરણમાં. પરંપરાઓ જ્યારે પ્રવાહી અને પારદર્શક રહી હોય ત્યારે પ્રશિષ્ટ પુરાણગ્રંથોનો મહિમા કોઈ ઓર જ આભા ધારણ કરી રહેતો હોય છે.

ઉપનિષદ-ગીતા-ધમ્મપદની શુભ્ર આભાથી જાતને અજવાળનાર એક વિદ્વાન સ્પેનના હોવા છતાં આપણી પરંપરાની સાતત્યપૂર્ણ શુદ્ધિની કદર કરી શકેલા. એમનું નામ હ્વાન મસ્કારો.

'ધમ્મપદ'ની પ્રસ્તાવનામાં મસ્કારોએ સ્પષ્ટ કહ્યું છે કે આમાં 'બુદ્ધનો વિશદ અવાજ આપણે સાંભળી શકીએ છીએ. પ્રકાશ અને પ્રેમનો પ્રબોધ કરતી આ કૃતિ મનુષ્યની સર્વોત્તમ આધ્યાત્મિક રચનાઓમાંની એક છે...'

એકેએક શ્લોક લઘુતારક જેવો અને સમગ્ર કૃતિ શાશ્વત દ્યુતિની પ્રભા ધારી રહે છે. 'ધમ્મપદ'માં 'અમિતાભ-બોધ્યાં આચારસૂત્રો' છે. ગુજરાતીમાં વિજયશંકર કામદારે એનો સમશ્લોકી અનુવાદ આપ્યો ૧૯૭૧માં. ઉપરના સૂત્રનો સમશ્લોકી અનુવાદ આવો છે :

દૈ ક્રોધ ત્યાગી, અભિમાન ગાળી,
સંસારનાં સકલ બંધન છેદી નાખી.
આસક્તિ છોડે સહુ નામ-રૂપે,
દુઃખો ઉતાપે ન અસંગ્રહીને.

સંતો અને શાસ્ત્રો સતત જે કહેતાં આવ્યાં છે એ ક્રોધ છોડવાની અને ગર્વ વર્જવાની વાત બુદ્ધના આ પ્રસિદ્ધ બોધમાં પણ કહેવાઈ છે.

ઉપદેશની વાણી કશા આડા ફાંટામાં ફસાયા વગર સીધાસોંસરા સ્વાનુભૂત સ્ટેટમેન્ટમાં વ્યક્ત થઈ જાય છે. એનું મુખ હિરણ્યના પાત્રથી ઢંકાયેલું નથી હોતું ! જે જેમ, જેવું, જેવી રીતે જાણે છે તે તેમ, તેવું, તેવી રીતે જ પ્રગટે છે. અંચળાનાં આવરણો ભેદીને બોધકિરણ, હૃદયવેધક શૈલીમાં શબ્દરૂપ પામ્યું છે. આદેશનો આજ્ઞાવાચી સ્વર આક્રમક બન્યા વિના, પણ કેટલો અફર અને અટળ બની શકે એનો 'ક્રોધ છોડો, ગર્વ ત્યાગો' શબ્દોમાં નિર્ભેગ અનુભવ થાય. પણ જેઓ બહાનાં બતાવીને કે બહાનાં બનાવીને છટકી જવા માગે છે તેવા તો આને ઉપ-દેશ માની, ઉપ-પ્રમુખ સદૃશ ગૌણ ગણી કાઢી શકે ! ક્રોધ છોડવા જેવો છે, ગર્વ ત્યાગવા જેવો છે એટલું પણ એમની પ્રતિભા (!) સ્વીકારવા તૈયાર નથી થતી હોતી !

પરંતુ આ પછીના ઉદ્‌ગાર શોકગ્રસ્ત જગતની ખેદપરસ્ત ગ્લાનિત્રસ્ત વ્યક્તિઓ માટે મૂલ્યવંતા છે.

'જેને કશાનું બંધન નથી' વાંચીને પૂછું કે આટઆટલાં મનુષ્યોમાં કોઈને ક્યારેય આપણે, જેલ સિવાય, સાંકળ-બેડીઓથી બંધાયેલો પેખ્યો ? છતાં અંદરથી બરાબરના જાણીએ છીએ કે સૌકોઈ એક યા અન્ય રીતે અને રૂપે બંધાયેલાં છીએ. જંજીરો નરી નજરે વરતાતી નથી એટલું જ, બાકી બંધનમાં જ ધસીએ છીએ.

મુક્તિમાં બંધનનો અનુભવ અશક્ય છે. તેથી બંધનમાં જ મુક્તિ શોધી લેવા આતુર છીએ.

આંગળી મૂકી બતાવાય એવો મહત્ત્વનો ભ્રમ આપણા હાડમાં ઘૂસી ગયો છે કે આપણું બધું જ છે. સર્વ કાંઈ આપણું જ છે. હવે જો શુદ્ધ અર્થમાં આપણું જ કહીએ એવું સઘળું હોય તો એવા તમામે આપણો સાથ ક્યારેય ના છોડવો જોઈએ. એ જ ન્યાયે, આપણે પણ આપણી વાતનો સંગાથ ના છોડવો ઘટે. પણ આવું ક્યાંય બન્યું છે ? બંધન છે જ શાનું બંધન છે ? તો કે' આપણું સ્વામીત્વ ધારી લીધું છતાં જેનું સ્વામીત્વ અને વર્ચસ્ આપણા પર છે એના લૌકિક બંધનથી આપણને શોક સિવાય શું મળે ?

જેની પ્રાપ્તિથી ગર્વ થાય, જેના જવાથી ક્રોધ જન્મે, આ તમામ વસ 'બહાર' હોવાથી એનું બંધન છે અને ઊલટાનો આભાસ ઊભો થાય કે જે કાંઈ છે તે મારું છે - એટલે તો શોક, ગ્લાનિ તેમ જ ખેદની સોગાદ મળ્યા વગર ના રહે. 'ધમ્મપદ'માનું સૂત્ર યથાર્થ કથન કરે છે કે જેનું કશું નથી તેને (એટલે કે કશું છે એમ માનતો નથી તેવા ભ્રાંતિમુક્તને) શોક સ્પર્શી શકતો નથી.

એક ફકીરને મળવા રાજા દરબારીઓ સાથે પહોંચ્યો. સૌના આશ્ચર્ય વચ્ચે રાજાની અદબ જાળવવાને બદલે લાંબા ટાંટિયા કરેલી હાલતમાં જ ફકીર હસતો હસતો બેસી રહ્યો. ના ઊભો થયો, ના અભિવાદન કર્યું. પૂછ્યું કે આવું વર્તન કેમ ? તો ફકીરે કહ્યું કે આ દેહ મારો નથી અને પ્રતિષ્ઠાનું પણ બંધન નથી તેથી રાજાને કેવું લાગશે એનો ભય કે શોક નથી ! ❐

તને વ્યક્તમધ્યને / ઉશનસ્

(શિખરિણી ● સૉનેટ)

તું મૂળે વાણીથી પર અનુભૂતિ કેવલ હતી,
તને મેં વાણીમાં, મનની ભૂમિકામાં લીધ ખીંચી,
છલન્તા છંદોના લય મહીં છકી આંખડી મીંચી
ઉછાળી આન્દોલે કરી મૂકી નર્યી બાહ્ય પ્રગટી,

નહીં તો, તે પૂર્વે - અગર પછી - તું મૌનવિલીના
હતી, ઊંડે ઊંડે અતલ તળિયે શાન્ત છીપ-શી
પડેલી - મોતી-શું મુજ મન કર્યું જ્યાં શુચિ વસી,
અવ્યક્તા આદિમાં અધવચ ગિરાક્ષુબ્ધ - પછી ના,
શી કિંતુ અધવચ્ચે તવ ભણી મચી વાણી રમણા !
યથા પૂર્ણિમાનો વિધુ નિરખી અંભોધિ ઊછળે
થઈ ઊંચોનીચો પટકી ખડકોપે શિર મરે-
વૃથા પ્રીતિ, કિંતુ સફલ સ્વરની સર્ગ રચના !

ભલે, તું બે મૌનો બિચ શબદ આસ્ફાલન સહે,
પરંતુ તેને સ્તો પ્રીતનું વિબુધો વાસ્તવ કહે.

રહેંસાતો ઈતિહાસ / ધીરુ પરીખ

(વનવેલી)

'હું જે કંઈ કહીશ તે સત્ય જ કહીશ
ને સત્ય સિવાય બીજું કશું નહીં કહું,'
ગીતા પર હાથ રાખી
શપથ લઈને બોલ્યા યુધિષ્ઠિર :
'નરો વા કુંજરો વા' - ને
ન્યાયખંડે હસાહસ.
ન્યાયાધીશ પછાડે હથોડો :
'ઑર્ડર ઑર્ડર.'
બધાં પછી શાંત.

ટ્રૉયના દરવાજાને તોડી
કાષ્ઠના અશ્વને લઈ ઘૂસ્યું અરિદળ,
જેમાં ઠર્યું નર્યું શસ્ત્રબળ
સત્યનું છે કાષ્ઠથી જ આવરણ !
પિંજરામાં ઊભા રહી
મહાકવિ ચલાવે છે પોતાની વાત આગળ.

'છળ, નર્યું છળ !'
ખંડમાં ત્યાં ઊભરાતી ધિક્કારની પળ.
'ઑર્ડર ઑર્ડર.'
વળી બધાં શાંત.

કઠેડામાં ઊભો ઊભો બોલ્યો બીજો જણ :
'ગેથ્સેમની ઉદ્યાનમાં
સશસ્ત્ર ટોળાની વચ્ચે
જુડાસે તો જીસઝને ચૂમી દીધી :
ઓહ ! જાણે હોય પ્રેમનું પ્રતીક-'

વચ્ચે ખંડ ગાજ્યો : 'શેમ શેમ.'
'ઑર્ડર ઑર્ડર.'
ફરી બધાં શાંત.

નેહરુની પડખે ત્યાં
ચાઉ એન લાઈ કહે :
હિન્દી-ચીની ભાઈભાઈ.
વળી પાછી ૧૯૬૨ની લડાઈ.

'ધિક્કાર ધિક્કાર' ન્યાયખંડ ગાજી રહ્યો.
'ઑર્ડર ઑર્ડર.'
શાન્તિને બદલે વધુ અશાન્તિનો શોર :
'ઑર્ડર ઑર્ડર એમ હથોડો પછાડ્યે
સત્યને સ્થપાય ?
અસત્યને ઉથાપાય ?'

સત્ય નથી કંઈ સમયની પાર
સમયમાં જ્યારે જ્યારે જે જે કોઈ
સત્યોની જિકર થાય
ત્યારે સત્ય શું-ની શોધ માટે
હાંફળુંફાંફળું થઈ
કાજીઓનું કીડિયારું ઊભરાય !
સત્ય અને અસત્યના તુમુલમાં
અન્ય નહિ કોઈ
માત્ર ઈતિહાસ રહેંસાય.

હાઈકુ/ પરાગ ત્રિવેદી

ચોમેર તપે
તડકો, તોયે પંખી
ટહુકો ટાઢો !

એટલું ઘણું
રમણીક સોમેશ્વર

(ગાન)

આંગણું ખુલ્લું હોય
ને થોડી ગીતની રેલમછેલમ મળે
બસ, એટલું ઘણું.
ચકલી-ટોળું એયને આવે-જાય
ને હસે જૂઈની કળી
આજની રાતે એટલુંયે સંભારણું મળે
એટલું ઘણું.
આપણે તો બસ,
ટ્હેલવા આવ્યા આમ
ને થોડું તમને મળી,
ગામને મળી
ચાલતા થાશું.
સાવ સાચું કહું,
આંખ મીંચી દઉં
ક્યાંય હતો નહીં-
એમ ધારી લઉં
એટલામાં આ આયખું ઢળે
એટલું ઘણું.

ઘરની દિશામાં/ નરસિંહ પટેલ

ઘરની દિશામાં વિશ્વપરકમ્મા વળે
તરુવરની ઈચ્છા બી થવાની તે ફળે.
કૈલાસને ગંગા નમે સાગર લગી
તોડે શિલા શિવલિંગ ઘડવા જિંદગી.
વળતાં વિધાત્રી જોઈ લે જીવનવહી
અભરાઈ પર માથાનની મટકી રહી.
કાપી મજલ અવકાશની ઉત્પાતમાં
કેવું સરળ સ્થિરપાંખ તરવું બેતમા !
મનમાં ગુંજે પણ ગીત અટકી રે' ગળે
અંતરવ્યથા નયને પ્રતીક્ષા થઈ છળે.
કણકણ વણી આનંદનો સંચય કરું
ઘરથી અહીં વેરણલિસોટો ચીતરું.
દેખાઈ આખર ધર્મશાળા-વાવટી
અવ હાથવેંત તીર્થધામ હશે, નહીં ?

અનોખા મૂલ્યનિષ્ઠ ગુજરાતી અને અવિરત અનુવાદપ્રવૃત્તિમાં સક્રિય



ગોપાળભાઈ જીવાભાઈ પટેલ

ડૉ. રજનીકાન્ત જોશી

ઈ.સ. ૧૯૫૩-૫૪ની આ વાત છે. એ ગાળામાં ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના વિનયમંદિરમાં આઠમા ધોરણમાં હું દાખલ થયેલો. ત્યારે આ લખનારના કાને વાત આવેલી કે નવમા ધોરણમાં ભણતો એક છોકરો કલોલ મિલના શેઠનો દીકરો થાય. હોતું હશે ? મિલમાલિકનો છોકરો આપણી સાથે ? એ છોકરાને જોયો. એની સાથે વાતો કરી. રોજેરોજ મળવાનું પણ થતું હતું. એ છોકરાનાં માતા-પિતા અમારા જેવા ટીનકુડાઓને પોતાનાં જ બાળકો હોય એ પ્રકારે આવકારતાં અને વહાલ કરતાં.

હા, આજે જ્યારે એ દિવસોને યાદ કરું છું ત્યારે એ ગાળાને અદ્‌ભુત કહ્યા વગર રહી શકતો નથી. એ છોકરાનું નામ વિહારી. આજે આપણે એમને ડૉ. વિહારીદાસ પટેલ તરીકે ઓળખીશું, જેઓ આજે ઇન્દિરા બ્રિજ પાસે આવેલી નવા ઉદ્યોગકારોની તાલિમી સંસ્થા ઈ.ડી.આઈ.ના મેનેજિંગ ડિરેક્ટરપદે છે અને સંસ્થાના સ્થાપક પણ. તેમના પિતાશ્રી તે ગોપાળદાસ જીવાભાઈ પટેલ, જેઓ એ સમયે ગૂજરાત વિદ્યાપીઠમાં મગનભાઈ દેસાઈની નિશ્રામાં સેવાપ્રવૃત્ત હતા. તે પછી એમણે વિદ્યાપીઠને ત્યાગી તે એવી ત્યાગી કે ક્યારેય પણ તેમણે એ સંસ્થામાં પગ સુધ્ધાં ન જ મૂક્યો.

તેમના આવા વ્યવહારથી આશ્ચર્ય તો થાય જ છે. સ્મરણ છે ત્યાં સુધી ૧૯૭૩ કે '૭૪માં તેમને 'અનુવાદ' અંગે વ્યાખ્યાન માટે નિમંત્રણ આપવા જવાનું થયેલું. વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના હિન્દી વિષયમાં અનુસ્નાતક કક્ષાએ અનુવાદવિજ્ઞાનનું એક પ્રશ્નપત્ર રાખવામાં આવેલું. આ વિષય માટે ગુજરાતમાંથી ખ્યાતનામ તજજ્ઞો શોધવા જઈએ તો સ્વાભાવિક રીતે ચન્દ્રશંકર શુક્લ, રમણલાલ સોની, નગીનદાસ પારેખ અને ગોપાળદાસ પટેલનાં નામો એ સમયે અગ્રસ્થાને હતાં. આમાં રમણલાલ સોનીને બંગાળી સાહિત્યનો ગુજરાતીમાં અનુવાદ કરવા પરત્વે તથા નગીનભાઈને બંગાળી તથા હિન્દી અને સંસ્કૃત સાહિત્યને ગુજરાતીમાં લાવવા માટેનું શ્રેય આપવું પડે. જ્યારે ગોપાલદાસે તો વિશ્વના ખ્યાતનામ લેખકોની ઉચ્ચતમ કૃતિઓને ગુજરાતીમાં લાવવાનો જે હિમાલયી પુરુષાર્થ કર્યો છે તે તો અવિસ્મરણીય જ રહેશે. અનુવાદના ક્ષેત્રે ગોપાળદાસભાઈનું પ્રદાન એટલું બધું વિપુલ છે કે ગુજરાતને હજુ સુધી તેનો પૂર્ણ પરિચય થઈ શક્યો જ નથી. આવા સમય અનુવાદક પોતાનું પુસ્તક શ્રી મગનભાઈ દેસાઈને અર્પણ કરતાં લખે છે :

'પરમ પિતા-ગુરુ

શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈને ચરણે, જેમણે મારાં તન અને મન નવેસરથી ઘડી આપીને મને જીવતદાન આપ્યું.'

ત્યારે અહીં એ પ્રશ્ન થાય છે કે તો પછી શ્રી મગનભાઈ દેસાઈનું એમના ઘડતરમાં પ્રદાન કેવું'ક હશે ? આથી આ અન્વયે પણ ગુજરાતને અને ભારતીય સાહિત્યને તેમનો પરિચય ભવિષ્યમાં સત્વરે કરાવવો જ પડશે.

ખેડા જિલ્લાના કરમસદ ગામમાં ૧૯૦૫માં ૨૮મી એપ્રિલે જન્મેલા ગોપાળદાસભાઈએ ગૂજરાત વિદ્યાપીઠની વિનીત અને આર્યવિદ્યા વિશારદની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરીને, ત્યાં જ પુરાતત્ત્વ મંદિર તથા ગ્રંથાલય સમિતિના મંત્રી તરીકેની

સેવાં બજાવી હતી.

પ્રકાશનક્ષેત્રે વિદ્યાપીઠનાં ઐતિહાસિક પ્રદાનોમાં શબ્દકોશનું પ્રકાશન આજે પણ નોંધપાત્ર ગણાયું છે. આજે જ્યારે જોડણી સરળ કરવાની અને સુધારવાની ચળવળ ચાલી રહી છે ત્યારે શબ્દકોશોનાં જે કાર્યો વિદ્યાપીઠે કર્યાં છે એની ઐતિહાસિકતા સ્વીકારતાં આંચકો કેમ આવતો હશે ? ગોપાળદાસ પટેલે સર્વપ્રથમ 'સંસ્કૃત-ગુજરાતી વિનીત કોશ' ૧૯૬૨માં તૈયાર કર્યો તેમજ અન્ય કોશમાં પણ તેમનો પ્રત્યક્ષ ફાળો ખરો જ.

ગોપાળદાસભાઈએ વિશ્વના વિખ્યાત સર્જકોની કૃતિઓને ગુજરાતીમાં ઉતારીને ગુજરાતી ભાષાનું ગૌરવ કર્યું છે. ભારતીય પ્રાદેશિક ભાષાઓના સાહિત્યને ગુજરાતીમાં ઉતારવાનું શ્રેય એમને જાય છે; કેમ કે ભાષાઓ ભલેને અલગ અલગ હોય પણ પાયામાં સંસ્કૃતિ, સંસ્કાર અને સભ્યતાનો અર્ક તો સામ્ય જ ઉપસાવી આપે છે અને એથી વાચક પણ અનુભવે છે કે આ તો આપણી જ વાતો છે. તફાવત જ્યાં તરી આવે છે તેનું છાયાનું કારણ અર્થકારણ અને તે સંબંધિત રાજકારણ કે જેમાં જમીનદારી પદ્ધતિ કે સામંતશાહીનાં દર્શનો જ્યાં ત્યાં જોવા મળે છે. તેમ છતાં વ્યક્તિનાં ચરિત્રો તો સરવાળે ભારતીય અવધારણાઓની કથા જ કહેતાં જોવા મળ્યાં છે. આ અવધારણા વધારે સશક્ત થાય અને તે સ્થાયિત્વ મેળવે એ માટે જ વિશ્વના ઉત્તમ સાહિત્યને ગુજરાતી ભાષામાં લાવવાની અનુવાદ દ્વારા એમણે ભારેખમ ખેડ કરી છે. વળી, એ સત્ય પણ સ્વીકારવું જ પડશે કે જે કૃતિનો, સર્જકનો કે કથાવસ્તુનો ભારતીય ધરતી સાથેનો તાણા-વાણાનો નાતો નથી તેમની અભિવ્યક્તિ જ્યારે વિદેશોને પાર કરીને છેક ગુજરાતની ધરતી પર ખેંચી લાવવાનું કામ થાય ત્યારે એને જબરું સાહસ જ કહેવાય. આવું સાહસ ગોપાળદાસભાઈએ કર્યું છે. છતાં એ વાતનું મોટું આશ્ચર્ય તો છે જ કે જે પ્રસિદ્ધિ એ જ યુગમાં કવિ નાનાલાલ, ગોવર્ધનરામ, ઉમાશંકર જોશી અને સુંદરમ્‌ને પ્રાપ્ત થઈ તેવી પ્રસિદ્ધિ ગોપાળદાસભાઈ અને મગનભાઈ દેસાઈને કેમ નહીં ? આ બંને મહાનુભાવોનું પ્રદાન સક્ષમ, ઠોસ અને વિપુલમાત્રાનું છે એમાં બે મત હોઈ ના શકે. આ મહાનુભાવો ઊંચાઈના સારસ્વતો તો હતા જ. ખામી માત્ર પ્રચાર-પ્રસારની. અને તેઓ બંને હતા સામા પ્રવાહમાં ઝંપલાવનારાઓ.

સર્જક અને ચિંતક તો તેમના માનસમાં જે તે વિચારો આવે, કલ્પનાઓ આવે, સંબંધો ગોઠવાય તેમને તેઓ સ્વાભાવિક રીતે, કાગળ પર ઉતારી શકતા હોય છે, જેનું જેવું કાઠું. નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, ચિંતકો ઘણા બધા થઈ ગયા.

પુ. છો. પટેલે કહેલી એક ઘટનાનો અહીં નિર્દેશ કરવાનું મન થઈ આવે છે. ડૉ. વિહારીદાસનો દીકરો હર્ષ વધુ અભ્યાસ માટે એમ.બી.એ. કરવા વિદેશ જઈ રહ્યો હતો. તેને ચિંતા હતી



ડૉ. વિહારીદાસ પટેલ અને શ્રી ગોપાળભાઈ

દાદાજીની. દાદાજી એટલે ગોપાળદાસ પટેલ. વરસોથી તેઓ પથારીવશ. તેમની ચાકરી આખું કુટુંબ કરે અને દાદાજી પથારીમાં પડ્યા સહુની દેખરેખ પણ રાખે. વિહારીલાલનાં બાળકોને ભણાવવાની જવાબદારી તેઓએ અદા કરી. આથી સ્વાભાવિક છે કે પરસ્પર સહજ અને સઘન સંબંધો હતા. આવી સ્થિતિમાં પોતે વિદેશ જતા હોવા છતાં હર્ષને ચિંતા રહેતી કે મારી ગેરહાજરીમાં દાદાજીની સેવામાં ઊણપ તો નહીં આવે ને ! આથી એમનાથી વિદેશ જતાં જતાં કહેવાઈ ગયું કે, જો દાદાજીની ચાકરીમાં સહેજ પણ ગરબડ થઈ તો હું ભણવાનું છોડીને પાછો આવી જઈશ.

વસ્તુતઃ આ થઈ ભારતીય અવધારણાની નિષ્પત્તિ. આવી હતી પરિવાર પ્રત્યેની ઉત્કટ ભાવના. ગોપાળદાસભાઈએ જે જે લખ્યું તે પ્રમાણે તેઓ જીવ્યા. તેવાં મૂલ્યોની સ્થાપના જો તેઓ પોતાના પરિવારમાં કરી શક્યા ન હોત તો ભાઈ હર્ષના મુખેથી જે વાક્ય સર્યું તે સર્યું ન હોત. આપણે ભારતીય અવધારણા અને સંસ્કૃતિનાં મૂલ્યોની વાતો તો ઘણી જ કરીએ છીએ, પણ આચારમાં ? તા. ૧-૧-૧૯૯૦ના દિને ભારતીય ભાષા સાહિત્ય સંસદના ઉપક્રમે અમૃતલાલ પંચાલનાં ચિત્રોનું પ્રદર્શન અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં યોજાયેલું તે વેળાએ ડૉ. વિહારીલાલનાં પત્ની યોગિનીબહેન પણ આવેલાં. અમૃતલાલ અને ડૉ. વિહારીદાસનો પરિચય-સંપર્ક ખરો પણ ત્યારે જ મળવાનું થયું. મારાથી યોગિનીબહેનને કહેવાઈ ગયું કે 'તમે ખરેખર ગુણિયલ છો. ગોપાળદાસભાઈની ચાકરી ખૂબ જ સારી રીતે કરી છે અને કરો છો, આવું બહારથી સાંભળ્યું છે, કેમ ખરી વાત ને ?'

એમનો જવાબ અદ્‌ભુત હતો. તેઓ કહે 'હા, મેં ચાકરી કરી છે ખરી પણ તેમને ચાકરી લેતાં પણ આવડે છે.' તેમનું કથન તત્ક્ષણે હું સમજી ના શક્યો એટલે મારાથી પુછાઈ ગયું, 'એટલે ?' જવાબ મળ્યો 'એમણે મારાં બાળકોને કેવાં સરસ તૈયાર કર્યાં છે. તેઓ કુટુંબના વડીલ, વિદ્વાન વડીલ. પોતાની સારસ્વત પાંખમાં તેમણે સહુને સમાવી લીધેલાં. મારા પિતાતુલ્ય સસરા અમારે મન પૂજ્ય છે. આથી તેમની સેવા અમારો સ્વાભાવિક ક્રમ જ થઈ ગયો છે.'

આમ, એ પ્રકટ જ છે કે ગોપાળદાસ પટેલે કેવળ લેખન, અનુસર્જન દ્વારા સમય જ પસાર નહોતો કર્યો પણ પોતાની વિવશ માંદગીમાં પણ તેમનું જીવન મહેકતું, ચૈતન્યસભર જ હતું.

ઈ.સ. ૨૦૦૪માં ગોપાલદાસભાઈનું જન્મ-શતાબ્દી વર્ષ આવશે. આ ગાળામાં તેમનું સમગ્ર પ્રદાન, તેમનું જીવનચરિત્ર તથા ગુજરાતમાં તેમની વધુમાં વધુ પ્રતિષ્ઠા એ જરૂરી છે. આપણે વધારેમાં વધારે વર્તમાનને આવકારીએ છીએ. વર્તમાનમાં તાજી ચમક દેખાય છે, જ્યારે વિગતમાં મૂલ્યોનું સ્થાપન તે તેમાં રહેલી ચેતના હોય છે, જે વર્તમાન અને આવતી કાલ માટે પણ ઉપયોગી બનવા પામે છે. આવાં જ કારણોસર આપણે ગુણકીર્તન ને સ્મરણગાથાઓ કરતા હોઈએ છીએ.

આપણે જો આવનારી પેઢીને લટકાં-મટકાં કે ક્ષણિક ચમત્કૃતિની વાતો આપી જઈશું તો તેઓ તે આવકારશે નહીં, પણ આ દેશના સાંસ્કૃતિક વારસાની જે પરંપરા છે તે પરંપરા અનુસાર કંઈક આપતા જઈશું તો અવશ્ય જન્મ્યું કે જીવ્યું સાર્થક ગણાશે અને નવી પેઢી પણ તેને આવકારશે જ. ગોપાળદાસ પટેલે પોતાની તેજીલી કલમ દ્વારા જે કંઈ પણ આપ્યું તે પરંપરામાંથી વીણીવીણીને અને ભવિષ્યની પેઢીને ધ્યાનમાં રાખીને જ. ગોપાળદાસ પટેલનું સાહિત્ય અઢળક છે. જુઓ એનાં થોડાંક પ્રમાણો : ગુનો અને ગરીબાઈ / ૧૯૫૭, ક્રાંતિ કે ઉત્ક્રાંતિ / ૧૯૬૩, લે મિઝરેબલ ઉર્ફે દરિદ્રનારાયણ / ૧૯૬૪, થ્રી મસ્કેટીઅર્સ ૧-૫ / ૧૯૬૪, ઑલિવર ટ્વિસ્ટ / ૧૯૬૪, નિકોલસ નિકલ્બી / ૧૯૬૫, / મોતની માયા / ૧૯૬૩, ગુનો અને સજા / ૧૯૫૭ / પ્રાચીન શીલકથાઓ / ૧૯૫૫, વેર અને અવિચાર / ૧૯૫૫, નીતિ અને ધર્મ / ૧૯૫૭, બેવડું પાપ યાને હિન્દુસ્તાનની પાયમાલી / ૧૯૩૦, ગૂજરાત વિદ્યાપીઠ / ૧૯૫૭, સર્વોદયની કેળવણી / ૧૯૫૯ અને સરસ્વતીચન્દ્રનો સંક્ષેપ તથા અન્ય અનેક ગ્રન્થો તેમણે ગુજરાતને આપ્યા છે. આ પછી તો ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક સંઘ દ્વારા અસ્તિત્વમાં આવેલી આચાર્ય શ્રી મગનભાઈ દેસાઈ ને વિઠ્ઠલદાસ કોઠારી જન્મશતાબ્દી સમિતિ દ્વારા સત્તરેક જેટલાં પ્રકાશનોમાં તથા વિશ્વ સાહિત્ય અકાદમી દ્વારા દસેક પ્રકાશનોમાં ગોપાળદાસ જીવાભાઈ પટેલના અપ્રકાશિત નાના-મોટા ગ્રન્થો પ્રકાશિત કરવામાં આવ્યા છે, જેમાં મુખ્ય 'ગુરુ નાનકની વાણી', 'દાદુભગતની વાણી, 'કબીરવાણી', 'દરિયા ભગતની વાણી', 'પલટૂની વાણી', 'નિસર્ગોપચાર દ્વારા રોગમુક્તિ'નો સંક્ષેપ, 'એક ઝલક કુદરતી ઉપચારની', 'ફ્યૂચર શૉક'નો સંક્ષેપ, તેમજ 'માનવીના આરોગ્ય સામે આફત' જેવાં પુસ્તકો એક કલમના સિપાહીની જેમ ગોપાળદાસભાઈ આપણને આપતા ગયા છે. ગાંધીજીના સત્સંગે તેમનો મુખ્ય રસ બાપુની રચનાત્મક પ્રવૃત્તિઓ, શિક્ષણ, ગ્રન્થાલય, પત્રકારત્વ અને કોશની પ્રવૃત્તિ, સાહિત્યની પ્રવૃત્તિ અને તેમાંયે ખાસ કરીને ધર્મ-સાહિત્ય તથા વિશ્વસાહિત્યનાં પુસ્તકોનાં અનુવાદ-પ્રકાશનમાં તેમનો રસ રહ્યો હતો.

'લે મિઝરેબ્લ' નવલકથા વાંચીને જ મારા મનમાં એક વિચાર જન્મ્યો તે મેં અનેક ઠેકાણે વાપર્યો છે. દરેક નવલકથામાં નાયકનાયિકા ઉપરાંત એક મંગલમૂર્તિની પણ આવશ્યકતા હોય છે. 'લે મિઝરેબ્લ'માં નાયક ઉપર પોતાની ક્ષમાયુક્ત ઉદારતાની અમીટ અસર પાડનાર એક બિશપ પ્રારંભમાં આવીને ગાયબ થઈ જાય છે. ફરી એનાં દર્શન તો શું, ઉલ્લેખ પણ મળે નહીં. અને છતાં એ મંગલમૂર્તિ બિશપની અસર આખી વાર્તામાં આખર સુધી દેખાય છે.

રવિબાબુની 'ઘરેબાહિરે'માં નાયક-નાયિકાના જીવન ઉપર નતનયને આશીર્વાદ રેડનારા અધ્યાપક એ મંગલમૂર્તિ છે. મહાભારતમાં શ્રીકૃષ્ણ ભગવાન, વ્યાસ અને વિદુર એ ત્રણેને આપણે મંગલમૂર્તિ ગણી શકીએ. રામાયણ માટે 'કઠોરગર્ભા' સીતાને આશ્રય આપનાર અને એમનાં બાળકોનું સંગોપન કરનાર વાલ્મિકી પોતે જ મંગલમૂર્તિ છે. આ નવલકથાનો નાયક જાઁ વાલજીન ઐતિહાસિક વ્યક્તિ જેવો થઈ ગયો છે. જીવનમાં સર્વશ્રેષ્ઠ શું? ત્રાજવાનો અણિશુદ્ધ કાનૂની ન્યાય ? કે માણસાઈની અપાર ઉદારતા, ક્ષમા અને પ્રેમ ? આ વાર્તામાં ચળકતો પોલીસ ઑફિસર કાનૂનમાં માને છે. ત્યાં એ હાર્યો ત્યારે એને અણગમતો ઉદારતાનો ધર્મ સ્વીકારવાને બદલે એ આત્મહત્યા કરે છે. એની સ્વધર્મ-નિષ્ઠા અને એના ધર્મની વિફલતા બંને આપણા હૃદય ઉપર અંકાઈ જાય છે.

આમ, આપણી યુવાન પેઢીને સમૃદ્ધ કરવી હશે તો આવું સુંદર સાહિત્ય ઢગલાબંધ તેમને પીરસવું પડશે, જેથી તેમને એ વિશ્વસાહિત્યનાં અમર પુસ્તકોનો વાર્તારસ સહેજે સુલભ થાય. પોતાના અમૂલ્ય સાહિત્યવારસા તરફ તેમની પહેલેથી નજર જાય, તેમની સુરુચિ કેળવાય તથા માનવ-સાહિત્યમાં સંઘરાયેલ અમર સંસ્કાર-વારસાના પરિચયમાં તેઓ આવે એ અત્યંત આવશ્યક છે, અને પરિણામે તેમની દૃષ્ટિ અને એમનું વ્યક્તિત્વ પણ બહુદેશી વ્યાપક અને સર્વાંગી બનવા પામશે તેમજ ઉદાર મતવાદી કેળવણી

સાધવામાં એ વસ્તુ સારું કામ આપી શકશે.

આ દૃષ્ટિબિન્દુથી પણ ગોપાળદાસ જીવાભાઈ પટેલનું નામ ગાંધીયુગના પ્રત્યેક ગુજરાતી વાચકના હૃદયમાં કોતરાઈ ગયું છે. વિશ્વ-સાહિત્ય, ગાંધી-સાહિત્ય, ધર્મ-સાહિત્ય, અને ગુજરાતી નીડર પત્રકારત્વમાં તેમનું નામ મોટા ગજાનું હતું. સાચી વાત પ્રસ્તુત કરવામાં તેમણે કદી પાછી પાની કરી નથી. તેઓ ગાંધીજીના સાચા સિપાહી હતા. બધી લડતોમાં સક્રિય ભાગ લઈને અનેક વખત જેલમાં પણ ગયા હતાં. તેઓ સરદાર પટેલના નજીકના કુટુંબી હતા. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા બાદ તેઓ મગનભાઈ પ્રભુદાસ દેસાઈની સાથે મુખ્યત્વે ગૂજરાત વિદ્યાપીઠના કાર્યમાં સમર્પણ- ભાવનાથી જોડાઈ ગયા. વિદ્યાપીઠ દ્વારા હિન્દુ, જૈન, બૌદ્ધ ધર્મના ગ્રન્થોનાં ગૂઢ રહસ્યો સરળ અને રોચક શૈલીમાં તેમણે રજૂ કર્યાં છે. વાચકના નામે પણ તેજાબી ચાબખા સાહિત્યજગત પર તેમણે લગાવ્યા છે. 'સત્યાગ્રહ' અને 'ટંકારવ' જેવાં સાપ્તાહિક-પાક્ષિક પત્રો તેનાં પ્રમાણો છે.

વિદ્યાપીઠ સાથેનો તેમનો લગાવ અદ્‌ભુત હતો. ગોપાળદાસભાઈને આપણે વિદ્યાપીઠનું ગૌરવ પણ કહીશું. સગી મા કરતાં પણ વિશેષ માતૃસંસ્થા વિદ્યાપીઠ માટે તેમને પ્રેમ અને આદર હતાં. વિદ્યાપીઠ સાથે મતભેદો અનેકોને થયા તેમાંના એક ગોપાળભાઈ પણ ખરા, છતાં તેઓ ક્યારેય વિદ્યાપીઠના મટ્યા નથી. મહાત્માજી દ્વારા સ્થપાયેલી આ સંસ્થા એક એવી રાષ્ટ્રિય સંસ્થા રહી છે કે તેમાં એક વાર નોતરાયા કે જોતરાયા પછી ક્યારેય સંસ્થા સાથેનો પ્રેમ, આદર અને લગાવમાંથી મુક્ત થઈ શકતો નથી. જેમ ભારતમાં જન્મેલી વ્યક્તિ સ્વપ્નેય ભારતીય અવધારણામાંથી પોતાને જુદી કરી શકતી નથી તેવું જ વિદ્યાપીઠ સાથેની અવધારણા પરત્વે પણ કહી શકાય. કદાચ આ જ કારણે ગોપાળદાસભાઈ મગનભાઈ પ્રભુદાસ દેસાઈ સાથે જોડાયેલા હતા. મગનભાઈને તો તેઓ પોતાના પરમ પિતા અને ગુરુ તરીકે ગણતા. આમ, સર્વપ્રકારે શ્રદ્ધેય શ્રી ગોપાળદાસભાઈનું પ્રદાન નાનુંસૂનું નથી. તેમણે અઢળક સાહિત્ય વાચકોને અને સમાજને આપ્યું છે. જોકે યથાર્થ તો એ છે કે ગુજરાત બહાર તો શું પણ હજુ ગુજરાત પણ આ સારસ્વત વિભૂતિને ઓળખી શક્યું નથી. આપણે કેવળ ટોળાવાદી, વાહવાહવાદી, અર્થવાદી કે વાડાવાદી તરફ ઢળેલા છીએ. જે મૂલ્ય છે તે સદા સનાતન જ રહેશે. જીવન પર્યંત વિદ્યાપીઠ બનીને સતત અનુવાદ કરતા રહીને ગોપાળદાસભાઈ લકવાની માંદગી છતાં અનુવાદ-પ્રવૃત્ત તો રહ્યા જ હતા. તેમની માંદગી અને તે માંદગીમાં તેમનો હરપળનો શ્વાસ કલમ અને કાગળને જ સમર્પિત હતો. ત્યારે એ અવસ્થામાં તેમને પૂછવામાં આવલું, 'તમને આવી માંદગીમાં કામ કરવાનો કંટાળો નથી આવતો ?' તેમનો જવાબ હતો :

'માંદગી છે પણ મારા શરીરની. તેને હું કેવી રીતે અટકાવી શકું ? જ્યાં સુધી ચેતના રહેશે ત્યાં સુધી કલમ અને કાગળો રહેશે જ.'

ગોપાળદાસભાઈ આવા અર્થમાં શબ્દયોગી હતા કબીર, પલટૂદાસ, દાદૂ તથા નાનક જેવી વિરલ પ્રતિભાઓનું તેમનું ચિંતન તેમને સતત સન્તપ્રસાદી અર્કની જેમ ઓજસ્વી બનાવતું રહ્યું અને પરિણામે જગતને તેમના દેહાવસાન પછી જાણ થઈ કે તેમણે તો શીખ ધર્મ ધારણ કર્યો છે. જો કે તેમનાં લખાણોથી તેમને કોઈ એક ધર્મના માળખામાં મૂકી શકાય એમ નથી, આથી જ્યારે ૧૯૯૬ની બીજી જુલાઈએ તેમનું દેહાવસાન થયું ત્યારે તેઓ એક સાચા માનવધર્મી તરીકે જ સવિશેષ મ્હોરી ઊઠ્યા. આજે તેઓ દૈહિક સ્વરૂપે ભલે આપણી વચ્ચે અસ્તિત્વ ધરાવતા નથી, છતાં તેમણે વિશ્વસાહિત્યમાંથી તેમજ ભારતીય સંતસાહિત્યમાંથી જે અઢળક સાહિત્ય માનવધર્મ અને ધર્મના નાતે આપ્યું છે તે સદ્‌ગત ગોપાળદાસ પટેલ ક્યારેય સદ્‌ગત ગણાશે નહીં. ❐

પ્રસંગકથા

— વિનોદ ભટ્ટ

એક વાર ઔરંગઝેબના ભૂતપૂર્વ વઝીર જાફરખાનના પુત્ર કમગરખાને બાદશાહને ફરિયાદ કરી કે મિરઝા મહમ્મદ નીઆમતખાન નામના વ્યંગકવિએ મારા લગ્નજીવન પર કટાક્ષ કરતી કાવ્યપંક્તિઓ પ્રગટ કરી છે, સાથે મારા વિશે તેણે ગેરવાજબી ટીખળ કરી લોકોમાં મને હાંસીપાત્ર બનાવ્યો છે. હું ઇચ્છું છું કે બાદશાહ સલામત આવી ક્રૂર મજાક કરવા બદલ તેને એવી નસિયત કરે કે જેથી ભવિષ્યમાં આવું લખવાનું તેઓ ભૂલી જાય. આના જવાબમાં ઔરંગઝેબે કમગરખાનને લખ્યું કે તેને સજા કરવાથી તો તારી ભારે હાંસી થશે, અને પછી તે મારા વિશે પણ જાહેરમાં ફાવે તેમ કટાક્ષો કરશે ને આખાય મુલકમાં મને નઠારો ચીતરશે. મારા પર તે વ્યંગબાણો ન વરસાવે એ માટે મેં તેનું સાલિયાણું વધારી દીધું હતું. તો પણ મારા પર કટાક્ષ કરવાની એકેય તક તે જતી કરતો નથી. મારા માટે તેનું ડોકું કાપી કાયમ માટે તેની બોલતી બંધ કરવાનું શક્ય નથી. આપણે આપણા લાગણીતંત્ર પર લગામ રાખી અન્ય લોકો સાથે સુખેથી રહેવું જોઈએ. તે એક એવો મિત્ર છે જે તને વળગતો પણ નથી ને પોતાને તારાથી અળગોય કરતો નથી.

ધરતીકંપ

— બી. કેશરશિવમ્ —

અશ્વિન મૂંઝવણમાં હતો. એણે પોતે જ્યોતિષી તરીકે ધરતીકંપની આગાહી કરી હતી, જેને લીધે લોકો ભયના ઓથાર નીચે જીવી રહ્યાં હતાં. અઠવાડિયા પર જ ધરતીકંપ થયો હતો, જાણે ધરતી ફાટી હતી ! તેમાં ઘણી તારાજી સર્જાઈ હતી. નાનાં-મોટાં ઘણાં મકાનો ધરાશાયી થયાં હતાં. કેટલાંય માણસો તેમાં કાટમાળ નીચે દટાઈ મર્યાં હતાં. નીચે બેઝમેન્ટ બનાવેલ હોઈ કેટલાંક ઊંચાં મકાનો જાણે જમીનમાં ઊતરી ગયાં હતાં. નબળાં બાંધકામવાળાં બહુમાળી મકાનો જમીનદોસ્ત થઈ ગયાં હતાં. જે ઊભાં હતાં તેમાં મોટી તિરાડો પડી ગઈ હતી. પોતાના જ ઘરમાં દાખલ થતાં લોકો ગભરાતાં હતાં. કેટલાકે તો બૅન્કમાંથી લોન લઈ વર્ષ પર જ મકાન ખરીદ્યું હતું. આવાં નવાં મકાનો પણ પત્તાના મહેલની જેમ ધરતી પર ખડી પડ્યાં હતાં. લોકો ભયને લીધે રાત્રે બહાર જ સૂઈ જતાં હતાં: હજુ ધરતીકંપના નાના આંચકાઓ ચાલુ હતા. દેશ-પરદેશથી તંબુ, દવાઓની મદદનો પ્રવાહ ચાલુ થઈ ગયો હતો. સ્વૈચ્છિક સંસ્થાઓ ફૂડપૅકેટ બનાવી તેના વિતરણમાં લાગી ગઈ હતી. દેશ-વિદેશથી ડૉક્ટરોની ટીમો સારવાર માટે આવી રહી હતી. લોકો હજુ હૈયામાં ભયનો ઓથાર લઈ શ્વસી રહ્યાં હતાં. કોઈકે મા-બાપ કે પતિ ગુમાવ્યાં તો કોઈએ પુત્ર-પુત્રીઓ ને પત્ની. ઘરનાં ઘર મોતના તાંડવમાં ભરખાઈ ગયાં હતાં. બાળકો ખૂબ મરાયાં હતાં. એમાં વળી અશ્વિને પોતાના જ્યોતિષના જ્ઞાનથી આગાહી કરી હતી કે ૯મી તારીખે મોટો ભૂકંપ થવાનો છે. આ અફવા સૂકા ઘાસમાં આગની જેમ ફેલાઈ ગઈ હતી. જ્યોતિષીએ કહ્યું હતું કે ૯મી તારીખની આસપાસ ૮મી કે ૧૦મીએ પણ ભૂકંપ થઈ શકે ! લોકો તેમાં આગળ-પાછળ એક વધારાનો દિવસ ઉમેરી સાતમીથી જ ભયનાં વાદળો વચ્ચે જીવી રહ્યાં હતાં. આ બધું રોજ ટીવી પર બતાવવામાં આવતું હતું. અશ્વિનને લાગ્યું કે પોતે અખબારમાં આ જણાવવાને બદલે સરકાર કે તેના ખાતાને જણાવ્યું હોત તો સારું થાત. ધરતીના પેટાળમાં થતી ધ્રુજારીની માહિતી એકત્ર કરનાર તજ્જ્ઞો વારેવારે ટીવી પર જાહેર કરતા હતા :

'એક મોટા ભૂકંપ પછી એટલી શક્તિનો ભૂકંપ આવતો નથી પણ ધીમા ધીમા આંચકા થોડા સમય સુધી ચાલુ રહે છે. કોઈએ ગભરાવાની જરૂર નથી.'

છતાં લોકો પેલી જ્યોતિષીની આગાહીમાં અટવાઈ જતાં હતાં. આવી નિરાધાર આગાહી કરી આવો ભીષણ ભય ફેલાવવો એ આમ તો ગૂનો બને છે. આવી આગાહીને લીધે લોકોની વધી ગયેલી યાતનાઓ જોઈને પોલીસે કાર્યવાહી કરી અશ્વિનને પકડી લીધો. અશ્વિને પોતાનું જ્યોતિષનું જ્ઞાન પ્રકટ કરી કહ્યું, 'જો મારી વાત ખોટી ઠરે તો હું આત્મવિલોપન કરીશ.'

તેની આ વાતથી ભૂકંપ થવાની દહેશત વધારે ફેલાઈ, લોકોએ ઘરમાં દાખલ થવાનું જ બંધ કરી દીધું. આખી રાત લોકો ઘરની બહાર ખેતરોમાં ને રસ્તાઓ પર ઠંડીમાં બાળકો સાથે જાગતાં ને કણસતાં રહ્યાં.

અશ્વિને માગણી કરતાં તેને જામીન પર છોડવામાં આવ્યો.

આખરે ૮મી તારીખ પસાર થઈ જતાં ૯મી તારીખનો દિવસ આવી ગયો. લોકો સવારથી જ ભયના વાઘા પહેરી ફરી રહ્યાં હતાં. દરેકના મનમાં દહેશત હતી, 'આજે શું થશે ?' દિવસ તો પસાર થઈ ગયો પણ એ રાત રોજ કરતાં એમને વધારે બિહામણી લાગી. કુદરતે નહીં પણ પેલા અશ્વિને જાણે સૌને મહાજાગરણનો કાર્યક્રમ આપ્યો હોય એવું લાગતું હતું ! દિવસની જેમ એ કાળરાત્રી પણ ભયના ઓથાર નીચે પસાર થઈ ગઈ. એ દિવસે રોજની જેમ આંચકા ચાલુ હતા પણ મોટો ભૂકંપ ન થયો. એક મોટો આંચકો આવ્યો હતો. અશ્વિને તેને પોતાની સિદ્ધિ માની લીધી ને કહ્યું, 'મોટો આંચકો આવ્યો એટલે મારી ભવિષ્યવાણી સાચી પડી છે.'

કેટલાક લોકોએ તેની વાત સાચી માની. કેટલાક મનના જાગૃત માણસોએ તેને મજાક ગણી હસી કાઢી. નાના-મોટા આંચકાઓ તો ભૂકંપ પછી આવતા જ હોય છે. જ્યોતિષીની વાત સાચી પડી એમ કેવી રીતે કહી શકાય ? ઘણાંના માનસમાં આ પ્રશ્ન ઘુમરાવા લાગ્યો.

અશ્વિને ફરી ભૂકંપની આગાહીની બીજી તારીખ આપવાનો વિચાર કર્યો પણ આ વિચાર પાછળથી તેણે માંડી વાળ્યો. લોકોની હાલાકીનાં દૃશ્યો એણે ટીવી પર જોયાં હતાં. એણે મનથી નક્કી કર્યું કે આ વખતે કોઈને વાત કરવી નથી. એની જ્યોતિષવિદ્યા પ્રમાણે હવે ૨૭મી તારીખે ભૂકંપ આવવાનો હતો. વાતચીત દરમ્યાન, તેની ઇચ્છા ન હોવા છતાં, એના મિત્રવર્તુળમાં આ આગાહીની ખબર પડી ગઈ. ભૂકંપની આ અફવા સૂકાં પાંદડાંમાં અગ્નિ ફેલાય તેમ ઝડપથી બધે ફેલાઈ ગઈ. લોકોએ સગાં-સંબંધીઓને ટેલિફોન કરી દીધા. અખબારોમાં પણ આ અફવા છપાઈ ગઈ. વળી પાછા બધા પોતાના ધંધા-રોજગારમાં મન પરોવવાને બદલે પેલી ૨૭મી તારીખની રાહ જોવામાં લાગી ગયા.

૨૭મી તારીખ આવીને ગઈ પણ આ વખતે તો નાનો આંચકો પણ ના આવ્યો. લોકોના આનંદની કોઈ સીમા ન હતી, જાણે એક મોટી ઘાતમાંથી બધાં બચી ગયાં હતાં. પણ આ ઘાત તો

કાલ્પનિક હતી, ખોટી અફવા હતી. એની દારુણ કિંમત તો લોકો પહેલેથી ચૂકવી ચૂક્યાં હતાં. કેટલાકનો આ કૃત્રિમ આનંદ ગુસ્સામાં પરિવર્તિત થઈ ગયો. આવી ખોટી અફવા ફેલાવવા બદલ લોકોનું ટોળું અશ્વિનના ઘર આગળ ભેગું થઈ ગયું. કેટલાંક લોકો કેરોસીનનાં ડબલાં લઈને આવ્યાં હતાં. અશ્વિને આત્મવિલોપનની વાત કરી હતી એટલે લોકો તેને બાળવાનો સામાન પણ સાથે લાવ્યા હતા. અશ્વિને તેના ઘરની બારીમાંથી આ જોયું. તેને હવે પોતાની એકલાની જિંદગી ભયમાં લાગી. એણે તરત જ પોલીસ સ્ટેશને ફોન કર્યો. થોડી જ વારમાં ત્યાં પોલીસ આવી ગઈ. લોકોને સમજાવીને તથા પાછળથી ન માનતાં સોટી ચાર્જ કરીને પોલીસે લોકોને વિખેરી નાખ્યા.

આજની રાત અશ્વિન માટે બહાર નીકળવું ભારે પડે એમ હતું. એ ઘરમાં જ ભરાઈ રહ્યો. ઘરનાં બધાંને ધરતીકંપને લીધે પોતાના મોસાળમાં મોકલી દીધાં હતાં. ધરતીકંપ ન થયો એટલે એને પોતાની જ્યોતિષવિદ્યા પર નફરત આવી ગઈ. આમ તો જ્યોતિષવિદ્યાના નામે અગાઉ એણે ઘણાં લોકોનાં વ્યક્તિગત જીવન સાથે રમત કરી હતી. કોઈને મુહૂર્ત કાઢી આપ્યાં હતાં, કેટલાકની જન્મકુંડળી જોઈ આપી હતી, કેટલાકને ફલાદેશ લખી આપ્યા હતા. જાતજાતનાં વિધિવિધાન ને યજ્ઞયાગ કર્યા પછી થયેલ લગ્નમાં પણ છૂટાછેડા થયાના કિસ્સા તેના ધ્યાનમાં હતા. તેને પોતાની જાત પર તિરસ્કાર છૂટ્યો. પોતે આ કામમાં શા માટે પડ્યો ? પોતાનું પેટ ભરતાં કેટલાં લોકોનું અહિત થાય છે ! લોકો અકર્મણ્ય થઈ જાય છે ને પોતાના નસીબ પર આધાર રાખી બેસી રહે છે. એણે પોલીસ સ્ટેશનમાં આપેલું પોતાનું વચન યાદ આવી ગયું :

'જો મારી આગાહી ખોટી પડશે ને ધરતીકંપ નહીં થાય તો પોતે આત્મવિલોપન કરશે.'

તેને લાગ્યું કે પોતાનો ખેલ હવે ખતમ થઈ ગયો છે. પોતાને જીવવાનો અધિકાર નથી.

લોકોનાં હૃદય જ નહીં, એમના જીવન સાથે પણ એણે ખેલ ખેલ્યા હતા. પોતાનો ભૂતકાળ તેની નજર આગળ તરવરી રહ્યો. એને પોતાની જાત પર એટલી ઘૃણા થઈ આવી કે તેને પોતાને આત્મવિલોપન કરવાની ઈચ્છા થઈ આવી. એના માનસમાં આત્મવિલોપનના વિચારો ઘૂમરિયો લેવા લાગ્યા. એને મરવાના જ વિચારો સતત આવવા લાગ્યા. આખો દિવસ તે બહાર નીકળી શક્યો ન હતો. તેને ભૂખ પણ કકડીને લાગી હતી. ભૂખને લીધે તેને સતત વિચારો આવ્યા કરતા હતા. ભૂખને લીધે જ તેને મોડી રાત સુધી ઊંઘ ન આવી. જાગવાને લીધે તેનું વિચારતંત્ર વધારે સતેજ થઈ ગયું. વળી વળીને તેને પેલું આત્મવિલોપનનું વચન યાદ આવી જતું હતું. એના માનસમાંથી પેલા આત્મવિલોપનના વિચારો ખસતા ન હતા. વિચારોમાં ને વિચારોમાં તે ઊભો થયો. આ વિચારો તેને રસોડા તરફ દોરી ગયા. રસોડામાં ગૅસના સિલિંડર પર તેની નજર પડી. એના મસ્તિષ્કમાં આત્મવિલોપન જાણે લીંપાઈ ગયું. તેને બીજું કંઈ સૂઝતું ન હતું. એણે ગૅસની સ્વીચ ચાલુ કરી. જોતજોતામાં રસોડામાં ગૅસ છવાઈ ગયો. ગૅસની દુર્ગંધ પેલા આત્મવિલોપનના વિચારને દૂર ન કરી શકી. એણે માચીસ હાથમાં લીધી. દીવાસળી સળગાવતાંની સાથે રસોડામાં જાણે મોટો ભડકો થયો. એક જ ક્ષણમાં ભૂકંપની જેમ મોટો વિસ્ફોટ થયો.

આજુબાજુવાળાં બધાં ગભરાઈ ગયાં. લોકો ઘરની બહાર દોડી આવ્યાં. લોકોએ જોયું કે જાણે અશ્વિનના એકલાના જ ઘરમાં ભૂકંપ થયો હતો ! □

લઘુકથા

વળામણાં

હસમુખ કે. રાવલ

મનનાં મોજાંનો ખળભળાટ આંખના કિનારા ભીંજવે છે. ખળભળાટમાં ક્યારેક શરણાઈ સંભળાય છે તો ક્યારેક ડૂસકાં. હેલારા મારતાં મોજાંમાં ઘડીક પાર્ટી પ્લૉટનો ઝાંપો દેખાય છે તો ઘડીક હૉસ્પિટલનો ઝાંપો. બધું જ ઊથલપાથલ છે.

અત્યારે, એટલે આ ક્ષણે, હાલકડોલક થતો પાર્ટી-પ્લૉટનો ઝાંપો દેખાય છે. શરણાઈ સંભળાય છે. કારના પૈડે શ્રીફળ સીંચાય છે. ડ્રાઈવરની સીટ પાસે દીદીના સસરાજી બેઠા છે. તેમના કોટના ખીસામાં મહેંકતો રૂમાલ ડોકાય છે. પાછળની સીટ પર છે દીદી અને તેનાં સાસુમા. વચ્ચે જીજાજી. બંનેના હાથ પકડી બેઠા છે. દીદી અને એ જોડિયાં ભાઈ-બહેન છે. છતાં દીદી એને શાંત કરવા કહે છે, 'ભઈલુ, પ્લીઝ રડ નહીં.' કાર ચાલે છે. ચૂડીભર્યો ગરમ ગરમ હાથ એના હાથમાંથી સરકતો જાય છે. એને રસ્તો જડતો નથી. પાછળ પપ્પા-મમ્મી, ભાઈ-બહેનનો ટેકો છે.

વળી છાલક વાગે છે. ભીની આંખ વધારે ભીની થાય છે.

હૉસ્પિટલનો ઝાંપો છે. શરણાઈ સંભળાતી નથી. વણવપરાયો ગ્લુકોઝનો બાટલો એના હાથથી સરકી જતાં અનાયાસ પૈડું સીંચાઈ ગયું છે. ડ્રાઈવરની સીટ પાસે દીદીના સસરાજી બેઠા છે. તેમના કોટના ખીસામાં હૉસ્પિટલના સર્ટિફિકેટનો કાગળ સંતાય છે. પાછળની સીટ પર છે દીદી અને તેનાં સાસુમા. વચ્ચે 'ગોઠવેલા' જીજાજીને બંનેના હાથે પકડી રાખ્યા છે. દીદી અને એ જોડિયાં ભાઈ-બહેન છે છતાં દીદી એને શાંત કરી શકતી નથી, 'ભઈલુ, પ્લીઝ રડ નહીં.' કાર ચાલે છે. ચૂડીહીણો ઠંડોગાર હાથ એના હાથમાંથી સરકતો જાય છે. એને રસ્તો જડતો નથી. પાછળ પપ્પા-મમ્મી, ભાઈ-બહેનનો ટેકો નથી.

આધુનિક ટૅક્નોલૉજીની કમાલ

હવાઈ ટાપુ પરનાં વિરાટ દૂરબીનો

પ્રા. સુરેશ ર. શાહ

આકાશી જ્યોતિઓને વધુ સારી અને સ્પષ્ટ રીતે જોવા માટે અતિ ઉપયોગી ઉપકરણ તે દૂરબીન કે ટેલિસ્કોપ તરીકે ઓળખાય છે. આવું પ્રકાશીય દૂરબીન જેને અંગ્રેજીમાં 'ઑપ્ટિકલ ટેલિસ્કૉપ' કહેવામાં આવે છે તે સામાન્ય રીતે બે પ્રકારનાં છે. એમાં બહિર્ગોળ લેન્સનો ઉપયોગ થાય છે. તેમાં પ્રકાશ જ્યારે એક માધ્યમમાંથી બીજા માધ્યમમાં આવે (એટલે કે હવામાંથી કાચમાં) ત્યારે તે વળાંક લે છે. આને વિજ્ઞાનની ભાષામાં વક્રીભવન-રિફ્રૅક્શન - કહે છે. આથી આવાં લેન્સવાળાં દૂરબીનોને વક્રતાકારક કે રિફ્રૅક્ટર પ્રકારનાં દૂરબીન કહે છે. બીજા પ્રકારના પ્રકાશીય દૂરબીનમાં અંતર્ગોળ અરીસો વપરાય છે. પ્રકાશનું કિરણ જ્યારે આવા વક્ર અરીસા ઉપર આપાત થાય છે ત્યારે તેનું પરાવર્તન કે પ્રતિબિંબીકરણ થાય છે. આવા વક્રઅરીસાવાળા દૂરબીનને પરાવર્તક પ્રકારનાં દૂરબીન કહે છે.

આકાશીય પદાર્થોને જોવા માટે દૂરબીનનો ઉપયોગ સાંપ્રથમ કરનાર ઈટાલિયન વિજ્ઞાની ગેલીલિયો (૧૫૬૪-૧૬૪૨) હતા. એમણે બનાવેલા બહિર્ગોળ લેન્સ આધારિત પોતાના સરળ દૂરબીનથી આકાશ દર્શન કર્યું હતું. આવા દૂરબીનને વક્રતાકારક દૂરબીન કહીએ છીએ. તેમણે ૧૬૦૯માં કરેલા આકાશદર્શનમાં મહાકાળ ગ્રહ ગુરુનું દર્શન કર્યું ત્યારે તેની સાથે તેના ચાર કુદરતી ઉપગ્રહો-ચંદ્રો જોયા. સંધ્યારાણી તરીકે ઓળખાતા શુક્ર તરફ દૂરબીન ગોઠવતાં જણાયું કે જેમ આપણો ચંદ્ર કળાઓ કરે છે તેમા શુક્ર પણ કળાઓ કરે છે. આમ, સ્પષ્ટ આકાશદર્શન માટે આવું દૂરબીન અત્યંત જરૂરી બન્યું.


અંગ્રેજી વિજ્ઞાની સર આઈઝેક ન્યુટને (૧૬૪૨-૧૭૨૭) દૂરબીનમાં એક મોટો સુધારો કર્યો. તેમણે દૂરબીનમાં બહિર્ગોળ લેન્સના સ્થાને નાની કેન્દ્રલંબાઈવાળો અંતર્ગોળ અરીસો વાપર્યો. આમ, હવે અહીં પ્રકાશના વક્રીભવનને બદલે પ્રકાશના પરાવર્તનને લીધે સુસ્પષ્ટ પ્રતિબિંબ ઝિલાયું. આવું દૂરબીન સગવડભર્યું અને વધુ સાનુકૂળ જણાયું હતું.

ત્યાર પછી તો ઘણા સુધારા વધારા થયા. વધુ મોટાં પ્રતિબિંબો મેળવાય તેવાં દૂરબીનો બનવા લાગ્યાં. આપણે જાણીએ છીએ કે સફેદ પ્રકાશ સાત રંગોનો બનેલો છે. તે જ્યારે પ્રિઝમ કે લેન્સમાંથી પસાર થાય ત્યારે પ્રકાશનું વિભાજન થવાથી પ્રતિબિંબમાં વર્ણવિપથનની ખામી ઉદ્ભવતી હતી. આથી મોટું પ્રતિબિંબ મેળવવાના પ્રયાસોમાં પ્રતિબિંબ રંગીન કિનારીવાળું મળતું હતું. આમ, તે અસ્પષ્ટ બનતું. આનો પણ ઉપાય શોધાયો. જ્હોન ડૉલોન્ડ (John Dollond) નામના અંગ્રેજી ચશ્મા બનાવનારાએ શોધી કાઢ્યું કે ફ્લિન્ટ કાચ અને ક્રાઉન કાચના બનાવેલા એક સંયુક્ત બહિર્ગોળ લેન્સ વાપરતાં આવી ખામીમાં મોટી માત્રામાં ઘટાડો થાય છે. આવો લેન્સ વાપરતાં વધુ સારી ગુણવત્તાવાળું પ્રતિબિંબ મળે છે. આથી હવે આવા લેન્સ આધારિત મોટાં દૂરબીનો બનવા લાગ્યાં. ખ્યાતનામ લિક વેધશાળા માટે ૯૦ સેમી.નો વસ્તુકાચ બનવાયો તો શિકાગો યુનિવર્સિટીની યાર્કસ (Yearks) વેધશાળા માટે ૧ મીટરનું વસ્તુકાચવાળું દૂરબીન બનાવાયું. આથી અતિદૂરના ઝાંખા તારાઓને પણ વધુ સારી અને સ્પષ્ટ રીતે જોઈ શકાતા.

અમુક સમય પછી સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે વધુ મોટા લેન્સવાળાં દૂરબીનોને બદલે અંતર્ગોળ અરીસાવાળાં પરાવર્તી દૂરબીનો બનાવવાં વધુ સાનુકૂળ છે. ત્યાર પછીનાં લગભગ બધાં જ મોટાં દૂરબીનો પરાવર્તક પ્રકારનાં અંતર્ગોળ અરીસાવાળાં બન્યાં હતાં. કૅલિફોર્નિયા ખાતેની માઉન્ટ પાલોમોર વેધશાળા ખાતે ૨૦૦ ઈંચ એટલે કે આશરે ૩ મીટરનું પરાવર્તક ટેલિસ્કોપ વિશ્વનું સૌથી મોટું દૂરબીન હતું. ત્યાર પછી રશિયામાં ક્રિમિયા વેધશાળા (crimea observatory)માં આશરે ૬મીટરનું દૂરબીન ગોઠવાયું અને કાર્યરત કરાયું.

વિજ્ઞાનીઓને એ બાબતનો પણ ખયાલ આવી ગયો હતો કે વાતાવરણ સારામાં સારા દૂરબીનમાં અવરોધક અસરો ઊભી કરે છે. તેથી વાતાવરણની આવી અસરોથી બચવા દૂરબીનો ઊંચાણવાળા પર્વતીય પ્રદેશોમાં ગોઠવાયાં. ગઈ સદીના છેલ્લા દસકમાં અમેરિકાએ તેના હવાઈ ટાપુ ખાતેની મોના કિ (Mauna kea) જે સમુદ્ર સપાટીથી ૪૧૫૦ મીટરની ઊંચાઈ છે ત્યાં તેનું વિરાટ દૂરબીન ઊભું કર્યું. કારણ કે આ વિસ્તાર શહેરી પ્રદૂષિત વાતાવરણથી દૂર ઊંચાઈએ આવેલો હતો.

ઈ.સ. ૧૯૭૫માં તે સમયના સોવિયેટ સંઘ દ્વારા કૉકેસસ



હવાઈ ટાપુ પરનું દૂરબીન

પર્વતમાળામાં માઉન્ટ પાસ્તુખોવ (Pastukhov) ખાતે ૮મીટર વ્યાસના અરીસાવાળું દૂરબીન ગોઠવાયું. સામાન્ય રીતે દૂરબીનને આકાશીય પદાર્થો તરફ સ્થિર રાખવા માટે તેમને પૃથ્વીની ધરીને સમાંતર ધરીને ફરતાં, પૃથ્વીની ભ્રમણગતિથી વિરુદ્ધ ભ્રમણગતિની સાથે ફેરવવામાં આવે છે. પરંતુ રશિયા આ તે વેળાના વિશ્વના સૌથી મોટા દૂરબીનને, સમક્ષિતિજ અને ક્ષિતિજને લંબ એવી બે ધરી ફરતું ઘૂમે અને કમ્પ્યૂટર દ્વારા ગોઠવાયેલી ગણતરી મુજબ બે ધરી ફરતાં ભ્રમણથી આકાશી પદાર્થ તરફ સ્થિર રહે તેવી પ્રણાલી અપનાવાઈ હતી. આ પ્રકારની હાઈટેક રચનાને ALT - AZIMUTH MOUNT કહેવામાં આવે છે. કમ્પ્યૂટર ક્ષેત્રે થયેલી પ્રગતિ દ્વારા જ આ શક્ય બન્યું હતું. આવી ગોઠવણીથી મહત્ત્વની ઇજનેરી મુશ્કેલીઓ દૂર થઈ હતી. તેથી હવે વિરાટકાય દૂરબીનોમાં આ નવી પદ્ધતિ જ અનુસરાય છે પહેલાંની જૂની પદ્ધતિ અનુ પૃથ્વીને સમાંતર ધરી ફરતાં માઉન્ટને વિષવૃત્તીય પ્રસ્થા-ન Equitorial Mount કહે છે.

ત્યાર બાદ દૂરબીનની રચનાના ક્ષેત્રે એક અન્ય ક્રાન્તિ થઈ પહેલાંનાં દૂરબીનોમાં વપરાતા અરીસાને તેના વ્યાસથી છઠ્ઠા ભાગની જાડાઈ રાખવી જરૂરી હતી, જેથી કરીને તે પોતાના વજનને કારણે યોગ્ય સ્વરૂપ જાળવી રાખે. આવા મોટા વ્યાસના અરીસા માટે સુયોગ્ય કાચ બનાવવા મુશ્કેલ ગણાય. ૧૯૯૧માં હવાઈ ટાપુના મોનાકિ ખાતે ૯.૮ મીટર વ્યાસનો અરીસો ધરાવતાં દૂરબીનનું નિર્માણ કરાયું. પણ આ અરીસામાં ષટ્કોણ આકારના ૩૬ અરીસાઓ ગોઠવીને તેની રચના કરવામાં આવી હતી. પિઝો ઇલેક્ટ્રિક ઉપકરણો દ્વારા આ ૧.૮ મીટરના ૩૬ અરીસાઓથી સતત એવું દબાણ સર્જાય છે કે તેમના દ્વારા રચાતી સંયુક્ત સપાટી એક આદર્શ અંતર્ગોળ અરીસા તરીકે વર્તે છે. આ પદ્ધતિમાં કમ્પ્યૂટર દ્વારા સતત નિયંત્રિત પિઝો ઇલેક્ટ્રિક ઉપકરણોની રચના ઘણી મહત્ત્વની છે. ટેકનોલૉજી ક્ષેત્રે આ એક મોટું પગલું ગણાય. આ દૂરબીનનું કૅલિફોર્નિયા યુનિવર્સિટી અને કાલ્ટેક (Caltech) સંસ્થા દ્વારા સંયુક્ત રીતે નિર્માણ કરાયું હતું. તેને કેક-I (Keck I) નામથી ઓળખવામાં આવે છે. આ એક દૂરબીનયુગ્મ છે. તેનાથી ૮૫ મીટર દૂર આવું જ બીજું કેક-II પાંચ વર્ષ બાદ ૧૯૯૬માં કાર્યરત કરાયું હતું. બન્ને દૂરબીનોના પ્રકાશનું સંયોજન પણ કરી શકાય છે.

હવે એક નવી હાઈસ્પીડ ડેટા લિન્ક ટેક્નિકથી આ દૂરબીનોને હવાઈ ટાપુથી અમેરિકાની મુખ્ય ભૂમિ સાથે જોડવામાં આવ્યાં છે. આથી હવે હવાઈ ટાપુ ગયા સિવાય પણ અહીંનાં કાંઈ પણ દૂરબીન જૈમિની કે કેક (kerk)ને અમેરિકાનાં ભૂમિકેન્દ્રોથી ઉપયોગ કરી શકાશે. આમાં પણ વધુ સુધારો કરાયો છે.-હવે વિડિયો કૉનફરન્સિંગ અને કમ્પ્યુટર નિયંત્રિત પૅનલો સાથે જોડીને અમેરિકાનાં વિવિધ સ્થળોએથી વાપરી શકાય તેવી વ્યવસ્થા પણ આધુનિક નવી ટેકનોલૉજીને લીધે શક્ય બની છે.

ઈ.સ. ૧૯૯૯માં અમેરિકા, બ્રિટન, કૅનૅડા, ચિલિ, ઑસ્ટ્રેલિયા, આર્જેન્ટિના અને બ્રાઝિલની યુનિવર્સિટીઓના સંઘ દ્વારા તેમના સંયુક્ત ઉપયોગ માટે ૮.૧ વ્યાસના અરીસાવાળું એક દૂરબીન હવાઈ ટાપુના મોનાકિ ખાતે કાર્યરત કરાયું છે. આ દૂરબીનમાં વપરાયેલો અરીસો એક જ કાચનો છે પણ તે પ્રમાણમાં પાતળો છે. વળી, પિઝોઈલેક્ટ્રિક ઉપકરણો દ્વારા તેની સપાટી નીચે કમ્પ્યુટર નિયંત્રિત પદ્ધતિથી યોગ્ય દબાણ સર્જીને તેની સપાટી સતત આદર્શ અરીસા સ્વરૂપની રખાય છે. આ દૂરબીન જૈમિની નૉર્થ તરીકે જાણીતું છે. આ જ પ્રકારનું બીજું એક દૂરબીન જૈમિની સાઉથ ચિલિના ઉચ્ચ પ્રદેશમાં ૨૦૦૧ સુધીમાં કાર્યરત થઈ જાય તેવું આયોજન કરાયું છે.

જપાનની રાષ્ટ્રિય ખગોળીય વેધશાળાના ઉપક્રમે 'સાબુરુ' (Saburu) નામનું ૮.૨ મીટરનો અરીસો ધરાવતું એક મોટું દૂરબીન ૧૯૯૮માં હવાઈ ટાપુ ઉપર મોનાકિ ખાતે કાર્યરત થઈ ચૂક્યું છે. આમ, ખગોળીય અવલોકનો માટે વિશાળ દૂરબીનો અત્રે કાર્યરત છે, અને પાતળું વાતાવરણ તથા સ્વચ્છ આકાશ હવાઈ ટાપુને હાઈટેક દૂરબીનો ગોઠવવા માટે આદર્શ સ્થળ બની ચૂક્યું છે. □

ફિલ્માકાશ-૧૧

'દેવદાસ'ના નિર્માણની ભીતરની અજાણી વાતો

રજનીકુમાર પંડ્યા

અચાનક એક દિવસ સાયગલે ફણી મઝમુદારને પોતાની નજીક બોલાવ્યા અને કાનમાં કહ્યું : "તમે તો જાણો છો, મને 'દેવદાસ'ની મુખ્ય ભૂમિકા ઑફર થઈ છે."

'અરે, ભૂલી ગયા ?' ફણીદાએ આશ્ચર્યથી પૂછ્યું : 'મેં જ તો તમને અભિનંદન આપ્યાં હતાં. યાદ છે, કયે દિવસે ?'

બન્નેમાંથી કોઈને યાદ કરવું પડે એવું નહોતું. એ દિવસ બીજી રીતે પણ 'અવિસ્મરણીય' હતો. કુંદનલાલ સાયગલે નવી નવી મોટરસાઈકલ ખરીદી હતી. સ્ટૂડિયો ઉપર આવવા માટે ઘેરથી નીકળતી વેળા ફણીદાનું ઘર વચ્ચે આવતું હતું. એટલે એમણે સૌથી પહેલાં જ એમને ઘેર જઈને મોં મીઠું કર્યું. સાયગલ જન્મ્યા હતા ૧૯૦૫માં અને ફણીદાનો જન્મ ૧૯૧૨ (૨૮મી ડિસેમ્બર)માં સાત વર્ષનો ફેર હોવા છતાં બન્ને વચ્ચે ભાઈબંધી જામી હતી. એટલે આત્મીયતાને નાતે સાયગલે ફણીદાને સ્ટૂડિયો સુધી આવવા માટે પોતાની નવી મોટરસાઈકલ પર લિફ્ટની ઑફર કરી. ફણીદાના મનમાં આ નવી સવારી કરવા બાબત ફડકો પેદા થયો. પણ તેમણે વાતને બીજી રીતે વાળી અને ટાળી કહ્યું : 'મારા કરતાં લિફ્ટની વધારે જરૂર પંકજદાને (પંકજ મલ્લિક) છે. તેઓ બિચારા ટ્રામમાં અથડાતા-કૂટાતા આવે છે - તેમને વધુ ગમશે. જાઓ, ત્યાં જઈને પછી આવી રોજની ગોઠવણ કરો, એટલી વારમાં હું સ્ટૂડિયો પહોંચું છું.'

સાયગલને ગળે ઘૂંટડો ઊતરી ગયો. તેઓએ પંકજદાના ઘર ભણી મોટરસાઈકલ દોડાવી.

પણ જ્યારે ફણીદા સ્ટૂડિયો પર પહોંચ્યા ત્યારે સાયગલ પહોંચ્યા નહોતા. સ્વાભાવિક રીતે જ વધુ વાર લાગવાની હતી, કારણ કે પંકજદાને લઈને તે આવવાના હતા. તેમણે પી.સી. બરુઆ સાથે થોડી જરૂરી કામની વાતો કરી, કારણ કે તેઓ દિગ્દર્શન અને પટકથાલેખન બન્નેમાં એમના મદદનીશ, ફિલ્મક્ષેત્રમાં દાખલ થયા ત્યારથી એટલે કે ફેબ્રુઆરી ૧૯૩૧થી હતા. 'રૂપલેખાં', બંગાળી ઉપરાંત તેની હિંદી આવૃત્તિ 'મહોબ્બતકી કસૌટી'માં તેમણે એ જવાબદારી નિભાવી હતી. તેમની નિષ્ઠા અને લગનથી પ્રભાવિત થઈને બરૂઆ તેમને 'દેવદાસ'માં પણ એ કામગીરી સોંપવાના હતા; જો કે હજુ તો પાત્રવરણી પણ નિર્ધારિત થઈ નહોતી. પણ વાતચીતો રોજ થતી હતી.

વાત ચાલતી હતી ત્યાં જ સાયગલની મોટરસાઈકલ ધડધડાટ ન્યૂ થીએટર્સના પ્રાંગણમાં પ્રવેશી. પણ આ શું ? સાયગલ એકલા જ હતા ! નવને ટકોરે સ્ટૂડિયોમાં રોજ પ્રવેશનાર પંકજદા ક્યાં ?

સાયગલ મસ્તીમાં ચપટી વગાડતા વગાડતા અને કોઈ ગીત ગણગણતા નજીક આવ્યા કે તરત જ ફણીદાએ તેમને લાગલો જ એ સવાલ પૂછ્યો. સાયગલ પળ-બેપળ વિચારમાં પડી ગયા. પણ પછી તરત જ એમના ચહેરા પરનું તેજ ગાયબ થઈ ગયું. 'અરે હા, પંકજ દા ક્યાં ? એમને તો મેં તમારા કહેવા મુજબ એમના ઘેરથી લિફ્ટ આપી હતી. અરે એ તો નવાં ધોતી-ઝભ્ભો ચડાવીને પીલીઅન (પાછલી સીટ) પર બેઠા હતા. એમનો એ હળવો આંચકો પણ મને યાદ છે. પણ એ ગયા ક્યાં ?'

થોડી જ વારમાં એ કૂટ પ્રશ્નનો જવાબ સાક્ષાત્ થયો. ધૂળકાદવથી ખરડાયેલાં વસ્ત્રો અને વિખરાયેલા વાળ, મલિન તથા મ્લાન પંકજદા સ્ટૂડિયોના કંપાઉન્ડમાં દાખલ થયા. એમણે એ કહેવું પણ ના પડ્યું કે કેવો કેર વર્ત્યો હતો ! રસ્તામાં અધવચ્ચે જ એક ખાડો આવ્યો અને પંકજદા પીલીઅન પરથી ઊથલી પડ્યા. ખાબોચિયામાં જઈને પટકાયા ! સદનસીબે કાદવની પથારી હતી. પથરા નહોતા એટલે વાગ્યું તો નહીં, પણ ઊભા થઈને જોયું તો સાયગલ બેખબરપણે મોટરસાઈકલને સડેડાટ આગળ દોડાવી ગયા હતા. આ તરફ સાયગલને પંકજદા ઊથલી પડ્યા એની ખબર તો ના પડી. અરે, એ તો ભૂલી પણ ગયા કે એમણે કોઈને લિફ્ટ આપી હતી.

પંકજદા સ્ટૂડિયોમાં પ્રવેશ્યા. શરૂમાં થોડી ગરમાગરમી અને પછી હસાહસ ! આ અવિસ્મરણીય ઘટના, એ દિવસ, કેમ ભુલાય ?

'હા, યાદ આવ્યું,' સાયગલે ફણીદાને કહ્યું : 'તમે એ જ દિવસે મને આ ખુશખબર આપ્યા હતા. પણ તમે જોયું હતું કે હું બહુ રાજી થયો નહોતો !'

'હા, 'ફણીદાએ કહ્યું : 'હજુ બહુ દિવસો થયા નથી એટલે યાદ છે. પણ મને એમ કે સામે કાનનદેવી હિરોઈન તરીકે આવી શકે તેમ નથી તેથી જરા દુ:ખી છો. હોય એ તો. કાનનની તીવ્ર ઈચ્છા છે પણ રાધે ફિલ્મ્સવાળા એમને છુટ્ટી આપતા નથી. એય બિચારાં કપાળ કૂટે છે - અલબત્ત, જમુના પણ સારી છે. વ્રજવાસી છોકરી છે. તમે 'રૂપલેખા'માં એનું કામ જોયેલું ને ! જો કે બિચારીનું નામ આ લોકોએ ક્રેડિટ ટાઈટલ્સમાં બરાબર મૂક્યું નહોતું. પણ બરુઆનો એના માટે વિશેષ ભાવ છે.

'મારી સમસ્યા બીજી જ છે,' સાયગલે કહ્યું : 'પણ તેમાં

જમુના ક્યાંય વચ્ચે આવતી નથી. મારો પ્રશ્ન એ કે બરુઆએ બંગાળી 'દેવદાસ'માં મુખ્ય ભૂમિકા ભજવી ને તેમાં એમને અપાર કીર્તિ અને યશ મળ્યાં. હવે આ હિંદી આવૃત્તિમાં મને આ પાત્ર ભજવવાની ઑફર થાય છે. પણ દિગ્દર્શક તો બરુઆ જ ને !

'એટલે ? તમે કહેવા શું માગો છો ?'

'કલાકારમાત્ર ઈર્ષાળુ - હોય છે. મને લાગે છે કે હું એમના કરતાં ચડિયાતો સાબીત ન થઈ જાઉં. તેટલા સારુ પણ એ મને ડાઈરેક્શન દેવામાં બહુ રસ નહીં લે. પરિણામે ઝાંખપ તો મારા કામને જ લાગે. કોઈ એ થોડું જુએ છે કે એમાં ડાઈરેક્શનની - જ ખામી છે !'

આ વાત ૧૯૩૪ના અંતની છે. મનઘડંત નથી. ફણી મઝુમદારે ૧૯૯૧ના મેની ૧૭મીએ પ્રગટ થયેલા ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના 'અનફરગેટેબલ' શીર્ષકવાળા ઈન્ટર્વ્યૂમાં આ વાત લખી છે. મનુષ્ય કોઈ પણ કાળે, કોઈ પણ સ્થળે, કોઈપણ કક્ષાનો હોય, પણ મનુષ્ય જ છે. ન્યૂ થીએટર્સના શ્રેષ્ઠ સુવર્ણયુગનાં શ્રેષ્ઠ રત્નો જેવા પ્રતિભાવાન કલાકારોની વાત આપણે કરી રહ્યા છીએ ત્યારે એ લોકોની માનવીય મર્યાદાઓની વાતોને આપણે સ્પર્શતા નથી; કારણ કે આપણી એ નિસબત નથી. પણ પ્રકરણ પાંચમામાં આપણા પંકજ મલિક જેવા ઉમદા અને પ્રતિભાવાન કલાકારના થયેલા અન્યાયની થોડી વાત લખી હતી તેમ આ પ્રકરણમાં આ ઈર્ષા, પ્રતિઈર્ષા, સકારણ ભયનો આ એક કિસ્સો જણાવવો જરૂરી સમજું છું. ભાવિના ભર્યા કુંભમાં કેવું અકળ રસાયણ સંઘરાયેલું છે એ દુનિયાનો કોઈ પણ નજૂમી જાણી શકતો નથી. પરિણામે સાયગલ પણ એ કલ્પી ના શક્યા કે પોતે પણ આ દેવદાસના પાત્ર દ્વારા અમર થઈ જવાના છે.

અલબત્ત, ફણીદા પાસે એમણે છેવટે માગણી મૂકી કે એક શરતે તેઓ એ ભૂમિકા ભજવવા તૈયાર થશે કે બરુઆના જ મદદનીશ એવા ફણીદા રોજ સેટ પર અર્ધો કલાક વહેલા આવશે અને એમને રિહર્સલો કરાવશે. ફણીદા આ બાળવત્ સ્વભાવના બેનમૂન કલાકારની ભયગ્રંથિ સમજી શક્યા. તેમણે એ વાતની એમને હૈયાધારણ આપી અને પછી વાતને હળવો વળાંક આપવા ખાતર એમ કહ્યું કે બદલામાં સાયગલે રોજ એક ગાણું પોતાને સંભળાવવું પડશે. સાયગલે સામી ચૂટકી ભરી : 'એમ ? પછી અર્ધે ગાયને ઊઠીને મારી મોટરસાયકલ ઉપર નાસી તો નહીં જાઓને ! કારણ કે હું ભેંસાસુરથી ગાવાનો છું. આપણી શરત ગાવાની છે. કેવું ગાવું એ મેં ક્યાં લખી આપ્યું છે.'

આમ, ભવિષ્યમાં યુગપ્રવર્તક, સંદર્ભબિંદુ બની રહેનારી આ ફિલ્મ 'દેવદાસ'ના શૂટિંગના ૧૯૩૪ના અંતમાં મંડાણ થયાં. અલબત્ત, બંગાળી 'દેવદાસ' ઘણી સફળ રહી હતી પણ કેટલાકને ડર હતો કે બંગાળના જમીનદાર પરિવારને કેન્દ્રમાં રાખીને નિરૂપાયેલી આ વાર્તા બંગાળીમાં ભલે સફળ રહી, પણ કદાચ હિંદીમાં એ સફળ નહીં જાય; કારણ કે બંગાળમાં જમીનદાર પરંપરા એ આદરનું પાત્ર ગણાતી હતી. જમીનદારો બ્રિટિશ સામ્રાજ્યના એક જાતના વાણોતર હતા, જેઓ મહેસૂલ વસૂલ કરતા અને એ આવક પોતે રાખીને ચોક્કસ વિઘોટી સરકારને આપી દેતા. એ રીતે એ રજવાડાં સદશ્ય હતાં. જોરજુલમ કરવાની કોઈ બૂમ એમના વિરુદ્ધ ભાગ્યે જ ઊઠતી. ઊલટાનું એ ક્યારેક 'બેનિવોલન્ટ' એટલે કે માયાળું સરતાજ તરીકે ઊપસી આવતા. ગુલામી માનસવાળી પ્રજામાં હંમેશાં આદરનું પાત્ર રહેલા દેવદાસ એ આવા જમીનદાર પરિવારનો બેટો હતો. જ્યારે પાર્વતી (પારો) ગરીબ પ્રજાજનની છોકરી. આ વિરોધ જન્ય સન્નિધિ વાર્તાને શરૂઆતથી ઉઠાવ-ઉપાડ આપતી.

પણ બંગાળ સિવાયના ભારતના અન્ય ભૂભાગો જેવા કે બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ આદિમાં જમીનદારો અથવા રજવાડાં જુલ્મી શાસકો તરીકે બહાર આવતાં હતાં. ગ્રામ પ્રજા પણ કંઈક અંશે જાગૃત હતી તેથી તેઓ નફરતને પાત્ર બન્યા હતા. આવા સંજોગોમાં આવી અન્ય ભૂમિની ક્યારી ધરાવતો છોડ બીજે સ્વીકાર નહીં જ પામે તેવી દહેશત સૌને હતી. પણ આગલા પ્રકરણમાં જોયું તેમ સફળ બંગાળી ફિલ્મોની હિંદી આવૃત્તિ બનાવવાનો એક વણલખ્યો શિરસ્તો બી.એન. સરકારે અપનાવ્યો હતો. અને એમાં પણ 'દેવદાસ' કંઈક વિશેષ પક્ષપાતને પાત્ર બની. તેઓ એમ સમજી પણ ગયા હતા કે સફળતા-નિષ્ફળતા અંગે કોઈ જ પૂર્વતર્ક કામમાં આવતા નથી. કાનનદેવી જે એ વખતે હજી કાનનબાલા જ હતાં તેમને પાર્વતીની ભૂમિકામાં લાવી શકાય તેમ ન હોવાથી છેવટે જમુના ઉપર બરુઆની પસંદગી ઢળી તેની પાછળ જમુનાએ બંગાળી 'દેવદાસ'માં સફળ રીતે ભજવેલી પાર્વતીની ભૂમિકા ઉપરાંત બીજાં અંગત કારણો પણ બરુઆના પક્ષે હતાં. તે બન્ને વચ્ચે નિકટતા જન્મી ચૂકી હતી એ તો ખરું જ, પણ તે ઉપરાંત જમુના મથુરા-વૃંદાવનની ભૂમિની હોવાના કારણે એના હિંદી ઉચ્ચારો વધુ ઊર્મિલ હતા. બીજા શબ્દોમાં કહીએ તો એ અભિનેત્રીનો ચહેરો સામાન્ય છતાં શબ્દોમાં હૃદયનો ભાવ રેડવાની શક્તિ નોંધપાત્ર હતી. પટકથા બરુઆ પોતે લખવાના હોવાથી એ અગાઉથી જ ચોક્કસ અભિનેત્રીની મુદ્રા, ભાવાભિવ્યક્તિની શૈલી વગેરેને લક્ષમાં રાખીને જ આગળ વધવાના હતા. એટલે ઉમા શશી જેવાં બીજાં ઉમેદવાર કલાકાર હોવા છતાં પસંદગી અંતે જમુના ઉપર જ ઢળી. ૧૯૧૭માં જન્મેલી જમુના સાથે એમણે પછીથી લગ્ન પણ કર્યાં જે એમને ૧૯૫૧માં એમના (બરૂઆના) અવસાન સુધી એવી તો વફાદાર રહી કે એ પછી એણે માત્ર ચોત્રીસ વર્ષની વય હોવા છતાં ફિલ્મક્ષેત્રમાંથી નિવૃત્તિ જ લઈ લીધી, અલબત્ત,

કાનનદેવીની આત્મકથા 'સૌને મારા નમસ્કાર'માં એમના બન્નેના છેક સુધી જળવાયેલા સખીપણાના ઉલ્લેખો મળે છે.

પાછળથી 'ગૃહદાહ', 'માયા', 'અધિકાર', 'જિંદગી' જેવી ન્યૂ થીએટર્સની અને બંગાળી ભાષાની 'ઉત્તરાયણ' અને 'શેષ ઉત્તર' (હિંદીમાં 'જવાબ') જેવી એમ.વી. પ્રોડક્શનની ફિલ્મોમાં કામ કરીને હિંદી-બંગાળી બન્ને પર્દા ઉપર ચિરસ્મરણીય બની જનાર જમુના 'દેવદાસ'ની પાત્રવરણી વખતે ઘણાની આંખમાં ખૂચતાં હતાં. પણ બરુઆના નિર્ણય સામે અવાજ ઉઠાવવાની કોઈની હિંમત નહોતી. બી.એન. સરકાર કદી દિગ્દર્શકોના કામમાં દખલ ના કરતા. એ હકીકત પણ આજના એથી ઊલટા યુગના સંદર્ભે નોંધવા જેવી ગણાય.

શરદબાબુની આ કથાનું એક બીજું મહત્ત્વનું પાત્ર હતું ચંદ્રમુખીનું, જે એક તવાયફ હતી. (વેશ્યા નહીં, એ હકીકત વારંવાર એ પાત્રને વેશ્યા તરીકે ઓળખાવનાર અધકચરા પત્રકારોએ યાદ રાખવી જોઈએ) તે સમાજનું એક હલકા પ્રકારનું પાત્ર ગણાતું હોવાના કારણે પાર્વતીના ભદ્ર-શાલીન સ્ત્રીપાત્રના વિરોધાભાસમાં બહુ ઉઠાવ પામતું હતું. ફિલ્મની સામાન્ય પરિભાષામાં એ સહનાયિકાનું પાત્ર ગણાતું હતું, પણ ન્યાયપૂર્ણ ધોરણે જોઈએ તો એ સમાંતર નાયિકાનું પાત્ર હતું - સહનાયિકાનું નહીં. આનું કારણ પાછળથી ૧૯૫૫માં બનેલી ફિલ્મ 'દેવદાસ'માં એ પાત્ર ભજવનારાં મશહૂર અભિનેત્રી વૈજયંતિમાલાએ પણ જાહેર નિવેદન દ્વારા, પોતાને સહનાયિકા તરીકે મળેલા પ્રતિષ્ઠિત ફિલ્મફેર ઍવૉર્ડનો અસ્વીકાર કરતી વેળા આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે પાર્વતીના પ્રબળ પ્રણયભાવની ઉપરવટ પણ દેવદાસની ઉત્કટ પ્રેમભાવનાનું ભાજન બનનાર, એનું વધુમાં વધુ સાન્નિધ્ય પામનાર, એને નિર્વ્યાજ પ્રેમ કરનાર, એને ખાતર તવાયફનો ધીકતો વ્યવસાય ત્યાગી દેનાર સમર્પિત ઉદાત્ત સ્ત્રીને તમે માત્ર સહનાયિકા કઈ રીતે કહી શકો? સંવાદોમાં એક વાર 'મેરી ચંદ્રમુખી' બોલનાર દેવદાસ ખુદ એ સત્યનો પુરાવો છે. વૈજયંતિમાલા કદાચ સાચાં હતાં. આખરે તો એ પાત્રનો સામાજિક દરજ્જો તવાયફનો હતો એટલે બરુઆને પણ એ પાત્રની વરણી કરતાં જરા તકલીફ પડી. બંગાળીમાં તો એ ભૂમિકા ચંદ્રાવતીએ ભજવી હતી. પણ એમનાથી હિંદી ભાષામા સંવાદો બોલી શકાય તેમ નહોતું. બીજા ઉપલબ્ધ અભિનેત્રીઓના ચહેરામહોરાનો પ્રશ્ન નડવા ઉપરાંત નૃત્યનિપુણતાના અભાવનો પ્રશ્ન પણ આડે આવતો હતો.

થોડી 'કસરત' પછી આનો ઉકેલ પણ મળી ગયો. પુલ્લોબાઈ કલકત્તાવાલી નામની એક એ જ વ્યવસાયમાં પડેલી સ્ત્રી મળી આવી. નૃત્યમાં તો એ પોતાના નાચવા-ગાવાના વ્યવસાયને કારણે કુશળ હતી જ, અભિનયની પણ એને તમન્ના હતી. એની વરણી સૌએ મંજૂર રાખી. માત્ર જમુનાના સૂચનને અનુસરીને એનું નામ પુલ્લોબાઈમાંથી બદલીને રાજકુમારી કરવામાં આવ્યું, જેથી કરીને પ્રેક્ષકો સુગાય નહીં. જો કે આગળ ઉપર તો એ 'પૂજારીન' (૧૯૩૬)માં હિરોઈન બન્યાં હતાં. એમણે ગાયેલાં ગીતો પણ બહુ ઊપડ્યાં હતાં.

એ જાણવું રસપ્રદ થઈ પડશે કે 'દેવદાસ' નવલકથાના લેખક શરદબાબુ ખુદ એના નિર્માણ અને પાત્રવરણીમાં રસ લેતા હતા. એમને એ વાતની ભારે ચોંપ હતી કે એમની સાહિત્યકૃતિ આ નવા આવેલા માધ્યમમાં (સિનેમા) વેડફાઈ ન જાય. નિર્માણના એક એક અંગમાં એ રસ તો લેતા હતા પણ જરૂર લાગે ત્યાં એમની સાથે સલાહમશવરા પણ કરતા. આની સાબિતી માટે માત્ર એક જ ઉદાહરણ પૂરતું છે અને તે એ કે બંગાળી દેવદાસમાં હીરો બરુઆ હતા પણ, સાયગલના ગળાનો પણ એમાં લાભ મળે તેવી શરદબાબુની ઈચ્છા હતી. એટલા ખાતર (યા બી. એન. સરકારની મરજીથી) સાયગલ તવાયફના કોઠામાં પ્રવેશે છે અને ગીતો ગાય છે તેવું દૃશ્ય પસંદ કરવામાં આવ્યું. સાયગલને માટે બંગાળી ફિલ્મમાં કામ કરવાનો અને ગાવાનો આ પહેલો જ પ્રસંગ હતો. વળી, જન્મે પંજાબી હોવાથી તેમને બંગાળી ભાષાનો મહાવરો કે ઉચ્ચારશુદ્ધિ હાંસલ નહોતાં. બંગાળી ફિલ્મમાં આવા અ-બંગાળી ઉચ્ચારોથી ભરેલું ગીત શી રીતે ચાલી શકે ? સાયગલને માત્ર આ જ કારણે પડતા મૂકવાનો સવાલ આવ્યો (જેનો સીધો અર્થ સુપ્રસિદ્ધ સાંયગલના ગળા વગર ચલાવવું). પ્રશ્ન શરદબાબુ આગળ મુકાયો ત્યારે તરત જ એમણે તોડ કાઢ્યો. એમણે કહ્યું કે તવાયફના કોઠામાં આવનારા બધા જ શું બંગાળી હોય છે ? જો તેમ ન હોય તો પ્રેક્ષકો એમ ભલેને સમજે કે કોઈ બિન-બંગાળી કોઠામાં આવ્યો છે ને તે બંગાળી ગીત ગાય છે. તેવો માણસ બંગાળીમાં ગાય ત્યારે એના ઉચ્ચારો તો આવા જ હોયને ! સૌને આ વાત લસલસતા શીરાની જેમ ગળે ઊતરી ગઈ. સાયગલે બંગાળી 'દેવદાસ'માં એ લઘુ ભૂમિકા સરસ રીતે ભજવી અને એમાં બે ગીતો એવાં ગાયાં કે રાતોરાત પ્રખ્યાત થઈ ગયાં. એ ગીતોના શબ્દો હતા 'ખેરેજ જેરતે હૈ' અને 'ગોલપ હોયે કૌતુક ફૂટે'. જૂની પેઢીના વાચકોને યાદ હશે કે હિંદી 'દેવદાસ' કે જેમાં સાયગલ નાયક હતા તેમાં આ જ સિચ્યુએશનમાં પહાડી સન્યાલે બે ગીતો જાતે ગાયાં હતાં 'રોશન હૈ દમસે દુનિયાકા પરીખાના, અલ્લાહ તુઝે રખે જલવાએ જનાના' અને 'છૂટે અસીર તો બદલા હૂઆ જમાના થા'. ત્રીજું એક ગીત 'ન પી કી નગરિયા આએ હૈ, ન ઐન કરેજવા પાએ હૈ' પણ પહાડી સન્યાલના સ્વરમાં હતું. પણ આ ત્રણમાંથી કોઈ ગીત સાયગલે ગાયેલા પેલા બંગાળી ગીત જેટલું પ્રખ્યાત થયું નહોતું. 'દેવદાસ'ના સંગીતની વાત નીકળી જ છે તો કહેવું જોઈએ કે બંગાળી 'દેવદાસ'નું સંગીત

આર.સી. બોરાલ અને પંકજ મલિકનું સંયુક્ત રીતે હતું અને ગીતો પણ સારાં એવાં ચાલ્યાં હતાં, ને તેમાં ય સાયગલના ગાયેલ ગીતોએ તો ધૂમ મચાવી હતી. પણ હિંદી 'દેવદાસ'ના ગીતોના ગીતલેખક અને સંગીતકાર બન્નેની એ પ્રથમ ફિલ્મ હતી છતાં એનાં ગીતો ઇતિહાસ-સર્જક બન્યાં હતાં. એ ગીતકાર હતા કેદાર શર્મા અને સંગીતકાર હતા તિમિર બરન. કેદાર શર્મા ભલે સાવ નવતર ગણાય તેવા હતા પણ તિમિર બરન તો એક ઇજ્જતદાર નામવર હતા. પરંપરાગત સંસ્કૃત પંડિતના પરિવારમાં ૧૯૦૪માં કલકત્તામાં જન્મેલા તિમિરનું આખું નામ હતું તિમિરબરન ભટ્ટાચાર્ય. શરૂઆતની મૂંગી ફિલ્મોનાં એ દૃશ્યને અનુરૂપ સંગીત આપવાનું કામ પણ કરતા હતા. રાધિકાપ્રસાદ ગોસ્વામી અને ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાન પાસેથી તાલીમ લઈને એ વ્યાવસાયિક સરોદવાદક બન્યા અને પછી ઉસ્તાદના મૈહર ગામના નિવાસસ્થાને રહીને સંગીત-સંચાલનનો અનુભવ પણ એમણે લીધો હતો. ત્યાંથી જ તેમની ઉદયશંકરની જગવિખ્યાત નૃત્યમંડળી સાથે ઓળખાણ થઈ અને તેમાં તેઓ જોડાઈ ગયા, અને અમેરિકા તથા યુરોપનો પ્રવાસ કર્યો. એ પછી તેઓ સુપ્રસિદ્ધ દિગ્દર્શક અને ફિલ્મકાર મધુ બોઝ સાથે જોડાયા. મધુ બોઝ એ વિખ્યાત ઇતિહાસકાર આર.સી. દત્તના દૌહિત્ર અને નર્તકી અભિનેત્રી સાધના બોઝના પતિ. આ રીતે અભ્યાસપક્વ એવા તિમિર બરનને ન્યૂ થીએટર્સે વીણી લીધા અને તેમને 'દેવદાસ'ના સંગીતની જવાબદારી સોંપી ને એમણે પૂરી નિષ્ઠાથી નિભાવી. એમને કહેવામાં આવ્યું હતું કે ફિલ્મ 'દેવદાસ'ની પૃષ્ઠભૂ ભલે બંગાળની હોય પણ તેના સંગીતમાં સર્વપ્રદેશીયતા આવવી જોઈએ અને તો જ તે સફળ થશે. આને કારણે તિમિરદા વધુ સતર્ક થઈ ગયા અને સુરાવલીમાં બંગાળીપણાનો ઓવરડોઝ ન થઈ જાય તેનું ધ્યાન રાખ્યું. તિમિરદા સાયગલના કંઠથી પહેલેથી પ્રભાવિત હતા જ, પણ આ ફિલ્મના નિર્માણ દરમ્યાન એમણે જોયું કે કોઈક અદ્ભુત રીતે સાયગલ ગીતના શબ્દોને જ નહીં પણ તિમિરદા સ્વરબાંધણી દ્વારા જે ભાવને વ્યક્ત કરવા માગતા હતા તેને પણ બરાબર પકડી લેતા હતા અને તેને અનુરૂપ જ ગળાની કારીગરી પેશ કરતા હતા. ક્યારેક ક્યારેક પંકજ મલિક આ બન્નેની રેકોર્ડિંગ-પદ્ધતિ જોવા આવી ચડતા ત્યારે બેઝીઝક કહેતા કે સાયગલની અને મારી જુગલબંદી કરતાં તો આ જુગલબંદી વધુ ઉત્કૃષ્ટ લાગે છે.

આ ફિલ્મમાં સાયગલ નાયક હોવા છતાં તેમને ભાગે કુલ નવ ગીતોમાંથી ત્રણ જ આવ્યાં હતાં. પણ એ ત્રણે ત્રણ ભારે મશહૂર થયાં હતાં. બલકે આ જ લગી પણ એ ગીતોને કારણે જ ફિલ્મ 'દેવદાસ' ઓળખાય છે, જેમાં એક તો એ વખતના સંગીતકારોમાં મધ્યાહ્ને ઝળહળતા શાસ્ત્રીય સંગીતના ગાયક ખાનસાહેબ અબ્દુલ કરીમખાનની ઠુમરી 'પિયા બિન આવત નાહી ચૈન' હતી. તેમની એ ઠુમરી સાયગલે એવી તો દિલ દઈને અને અણિશુદ્ધતાથી ગાઈ હતી કે ખુદ ખાનસાહેબ દંગ થઈ ગયા હતા. વાસ્તવમાં ફિલ્માં એ (દેવદાસ) જ્યારે નશામાં ચકચૂર થઈને ગટર પાસે પડ્યો હોય છે ત્યારે ચંદ્રમુખી એને શોધતી શોધતી ત્યાં આગળથી પસાર થાય છે. એ વખતે દેવદાસના મોંમાં એ મદહોશ હાલતમાં આ ઠુમરીની બે પંક્તિઓ જ ફૂટતી હોય છે - વચ્ચે વચ્ચે વાતચીતના શબ્દો પણ ગૂંથાતા રહેતા હોય છે. આ ઉપરાંત 'દુઃખ કે અબ દિન બીતત નાહીં'માં પણ વાતચીત જેવા શબ્દો સાથે સુરમય શબ્દો ગૂંથાયા હોય છે. બોલાતા અને ગવાતા શબ્દો વચ્ચે એકરસતા સ્થાપવાનું કોઈ પણ ગાયક માટે મુશ્કેલ હોય છે. પણ સાયગલને માટે તે સહજ હતું.

આ ફિલ્મનું સૌથી વધુ લોકજીભે ચડેલું ગીત 'બાલમ આયે બસો મોરે મન મેં' હતું. શાસ્ત્રીય રાગ પર આધારિત આ ગીતની રેકોર્ડની લાખો પ્રત ચપોચપ ઊપડી ગઈ અને લોકહૃદયમાં એણે અનન્ય સ્થાન પ્રાપ્ત કરી લીધું, જે આજ સુધી છે. આ ઉપરાંત કે. સી. ડેનાં ગાયેલાં ગીતો 'મત ભૂલ મુસાફીર' અને 'ન આયા મનકા મીત' ઉપરાંત 'તેરી મૌત ખડી હો સરહાને ઇંધર' પણ અતિ લોકપ્રિય થયાં હતાં. આ પહેલી જ ફિલ્મથી તિમિર બરનનું સ્થાન ફિલ્મોમાં પ્રથમ પંક્તિમાં આવી ગયું.

અલબત્ત, ગીતલેખક કેદાર શર્માના કહેવા મુજબ સાયગલના 'બાલમ આયે' તથા 'દુઃખ કે અબ દિન'ની સ્વરબાંધણી કે.એલ. સાયગલે જાતે કરી હતી, તિમિર બરને નહીં.

પણ ગીતોની સફળતાના હિસ્સેદાર આ કેદાર શર્મા પણ હતા. ન્યૂ થીએટર્સમાં તેમના આગમનની કહાણી બહુ નાટકીય છે.

(ક્રમશઃ)

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

બુધવાર ૪થી આંગસ્ટ ૧૯૪૩
પ્રિયતમ કિટી,

અમને અહીં આવ્યે વરસથી પણ થોડો વધુ વખત વીતી ગયો. તને હવે તો અમારી અહીંની જિંદગી વિશે પણ ઘણી બધી ખબર છે. પણ એ વિશે બધી જ વાતો લખવી તો શક્ય નથી, કારણ કે સામાન્ય લોકોની સામાન્ય જિંદગીની સરખામણીમાં અહીંનું જીવન ખૂબ અલગ છે. અને તો પણ તને અમારા અહીંના જીવનની જરા નજીકથી ઝાંખી કરાવવા માટે હું અમારા સર્વ સામાન્ય દિવસના કોઈના કોઈ ભાગની દિનચર્યાનું વર્ણન તને લખીશ. એની શરૂઆત હું અમારા સાંજના અને રાતના કાર્યક્રમથી કરું છું.

નવ વાગતાં પહેલાં : ગુપ્ત નિવાસમાં સુવાની તૈયારીની ઘણી જ ધમાચકડી મચી જાય છે. ખુરશીઓ ખસેડાઈ જાય, ખાટલા પથરાય, ઓછાડ-પાગરણ બહાર આવે વગેરે વગેરે. ઘરની બધી જ વસ્તુઓ દિવસ દરમ્યાન જ્યાં પડી રહેતી હોય ત્યાં રાત્રે જોવા મળે નહિ, એનું સ્થળાંતર થઈ જાય છે. હું રાત્રે એક નાનકડા દીવાન પર સૂવું છું, જેની લંબાઈ માત્ર પાંચ ફૂટ છે. એટલે એને છેડે ખુરશીઓ મૂકી એની લંબાઈ થોડી વધારી લેવાય છે. ઓશિકાં, ઓછાડ, ચોરસા : દિવસે ડસેલના ખાટલા પર હોય છે ને રાત્રે એમનું વિતરણ થઈ જાય છે.

બાજુના રૂમમાંથી જોરથી કિચૂડકિચૂડ અવાજ આવે છે. એ અવાજ છે માર્ગટના ખાટલાને તૈયાર કરવાનો. એની પર વધુ પડતાં ઓશિકાં અને પાગરણ પથરાય છે, જેથી લાકડાની પાટ જરા વધારે સૂવાયોગ્ય બને. ઉપરથી ગડગડાટ થાય છે. પણ એ તો શ્રીમતી વેનડાનનો ખાટલો બારીની નજીક ખસેડાઈ રહ્યો છે એનો અવાજ છે, બીજો કોઈ નથી. ને શા માટે ? જેથી મેમસાહેબ ગુલાબી નાઈટડ્રેસ ધારણ કરીને રાતની શુદ્ધ હવા એમનાં નાજુક નમણાં ફોયણાંથી માણી શકે.

નવ વાગ્યા : પીટર પછી બાથરૂમ વાપરવાનો વારો મારો આવે. સંપૂર્ણ હાથ-પગ-મોઢું ધોઉં છું. ને ઘણી વાર એ પછી મને સીંકમાં બગાઓ પડેલી દેખાય છે. (પણ ફક્ત ઉનાળામાં જ) હું દાંત સાફ કરું, વાળને કર્લ કરું, નખ કાપી લઉં, હોઠ પરના કાળા વાળ બ્લીચ કરવા પૅરોક્સાઈડ લગાડી લઉં - ને આ બધું પતાવતાં મને અડધો કલાક લાગે છે.

સાડા નવ : કપડાં બદલીને એક હાથમાં સાબુ ને બીજા હાથમાં માથાનાં બક્કલ, પૉટી, અંદરના કપડાં, રૂ વગેરે લઈને હું ઉતાવળે બાથરૂમમાંથી બહાર નીકળું, પણ ત્યાં તો મારા પછી જનાર વ્યક્તિ મને પાછી બોલાવે જ, સીંકમાં નરી આંખે દેખાય પણ નહિ એવા મારા સુંદર મજાનું ગૂંચળું વળીને પડેલા વાળ કાઢવા માટે.

દસ વાગે : અંધારપટના પડદા નાખીને સૂવા જવાનો વખત થયો. હવે પછીની પંદરેક મિનિટ આખું ઘર ખાટલાના કિચૂડ કિચૂડ અવાજથી ભરાઈ જાય છે. અને પછી અમારાં ઉપરનાં પડોશી પથારીમાં દાંપત્યજીવનનું દ્વંદ્વ શરૂ ન કરે તો બધે જ શાંતિ છવાઈ જાય છે.

સાડા અગિયાર : બાથરૂમનું બારણું ઊઘડ્યું ને રૂમમાં પ્રકાશની એક પાતળી રેખા પડે છે. ને પછી રૂમમાં બુટના ચોંઈક ચોંઈક અવાજ સાથે એકો મોટોમસ કોટ-કોટની અંદરના માણસ કરતાં પણ અનેક ગણો મોટો પ્રવેશ્યો... ડસેલ કુગ્લરની ઑફિસમાંથી પોતાનું રાતનું કામ પતાવી પાછા ફર્યા છે. પછીની ખાસ્સી દસ મિનિટ સુધી મને એમના આમથી તેમ ફરવાના, કાગળના પડીકામાં ખાવાની વસ્તુ કબાટમાં ખોસતા થતા અવાજ ને ખાટલો પથરાવાના અવાજો સંભળાય છે. પછી એ આકૃતિ ત્યાંથી અદૃશ્ય થઈ જાય છે. ને ફક્ત સંડાસમાંથી કોક કોક વાર કેટલાક ખાસ પ્રકારના અવાજ આવતા રહે છે.

લગભગ ત્રણ વાગ્યે : ખાટલા નીચે પડેલું ટીનનું ડબલું વાપર્યા સિવાય મારે છૂટકો નથી. ન કરે નારાયણ અને ચૂવે તોય વાંધો ન આવે એ માટે એની નીચે રબર રાખ્યું છે. હું જરાક અધ્ધરશ્વાસે જ એનો ઉપયોગ કરું છું, કારણ કે ઝરણાની ધાર પડવા જેવો અવાજ એમાં થાય છે. ડબલાને એની જગ્યાએ પાછું પહોંચાડી સફેદ નાઈટીમાં સજ્જ એક આકૃતિ પથારીમાં ગરકાવ થઈ જાય છે. (એ નાઈટી જોઈને માર્ગટ બોલે જ, હે ભગવાન શું નાઈટ છે !) ને પછી કોઈ એક માણસ પથારીમાં જાગતું પડી રહે છે, રાતના અવાજો સાંભળતું ખાસ તો નીચે ચોરબોર આવ્યા છે કે નહિ એ સાંભળવા. પછી ઉપરના, નીચેના, બાજુના કે અમારા રૂમના ખાટલામાંથી કાંઈ સળવળાટ સંભળાય છે કે નહિ તેની ખાતરી કરવા, જેથી એને ખબર પડે કે બધાં જ સૂઈ ગયાં કે કોઈ જાગે પણ છે. આ વાતનું મને જરાય હસવું આવતું નથી, કારણ કે

આ માણસ છે ડસેલ. પહેલાં તો માછલી શ્વાસ લેવા હવાતિયાં મારતી હોય એવા અવાજો કરશે તે પણ નવદસ વાર. પછી સૂકાઈ ગયેલા હોઠ પર જોરજોરથી જીભ ફેરવશે. એમાં વળી વચ્ચે વચ્ચે જીભના લસરકાનો મંદ અવાજ સંભળાશે. આ પૂરું થાય એટલે ઘણા બધા વખત સુધી પડખાં બદલવાનો ને ઓશિકાંની ફેરગોઠવણી કરવાનો અવાજ શરૂ થશે. એમ કરતાં પાંચેક મિનિટના શાંત મધ્યાંતર પછી આ પ્રવૃત્તિની શ્રેણી ફરી શરૂ થશે. આમ, લગભગ ત્રણેક વાર પુનરાવૃત્તિ થયા પછી સ્વને શાંત કરી થોડા સમય માટે એઓ પોઢી જશે.

કોઈ વાર રાતના એકથી ચાર વચ્ચે ગોળીબાર શરૂ થાય. હવે એ ક્યારે શરૂ થયા એની મને ક્યારેય ખબર પડતી નથી. પણ હું જ્યારે થોડી જાગૃત થાઉં ત્યારે મને ખબર પડે કે હું તો પથારીમાંથી ઊઠીને ખાટલા પાસે ઊભી થઈ ગઈ છું. એકદમ પ્રતિક્ષિપ્ત ક્રિયાથી કોઈ વાર તો (વિચિત્ર ફ્રેંચ શબ્દોનાં કે ઉપરનાં પડોશીના ઝગડાનાં) સપનાંમાં એવી તો ખોવાઈ ગઈ હોઉં છું કે સંપૂર્ણ જાગૃત થાઉં ત્યાં સુધીમાં તો ગોળીબાર બંધ પણ થઈ ગયા હોય છે. અને એ બધો વખત હું મારા રૂમમાં જ રહી હતી એનું મને ભાન થાય. પણ સામાન્ય રીતે તો મારી નીંદર ઊડી જ જાય ને હાથમાં ઓશિકું, રૂમાલ લઈ, ડ્રેસિંગ ગાઉન જેમતેમ પહેરી, પગમાં સ્લીપર પહેર્યાં ન પહેર્યાં ત્યાં તો સીધી પપ્પા પાસે પહોંચી જાઉં. માર્ગટે લખેલી કવિતા પ્રમાણે :

જેવા થયા શરૂ બંધૂક-ધડાકા રાત્રીના અંધકારમાં છેક,
કરરરર કરતુંકને ખૂલે બારણું દૃષ્ટિએ પડે એક,
એક ઓશિકું, રૂમાલ એક ને આકૃતિ શ્વેત એક.

એક વાર હું ત્યાં પહોંચું પછી ડર ગાયબ, સિવાય કે ધડાકા વધુ જોર પકડે.

પોણા સાત : ટ્રૅં... ઍલાર્મ વાગ્યો. તમને ગમે કે ન ગમે, દિવસ હોય કે રાત એ તો પોતાનો કર્કશ સૂર વગાડવાનો એટલે વગાડવાનો જ. ખાટલાનો ચૂંચૂંકાર અને ધબ્બ શ્રીમતી વૅનડાને ઍલાર્મ બંધ કર્યો. ફરી ખાટલાનો અવાજ, શ્રીમતી વૅનડાન ઊઠ્યાં, પાણી ગરમ કરવા મૂકીને બાથરૂમ તરફ દોડ્યાં.

સવા સાત : બાથરૂમનું બારણું ખૂલ્યું. હવે ડસેલ માટે બાથરૂમ ખાલી થઈ. એમ કરતાં છેવટે આ રૂમમાં મને એકાંત લાધ્યું. અંધારપટના પડદા ખોલ્યા ને ગુપ્ત નિવાસના નવા દિવસની શરૂઆત થઈ   લિ. ઍન.

ગુરુવાર ૫મી ઑગસ્ટ ૧૯૪૩

પ્રિય કિટી,

આજે તને હું બપોરના જમવાના સમયની દિનચર્યા લખું.

અત્યારે સાડાબાર વાગ્યા છે. અમે બધાંએ જ નિરાંતનો શ્વાસ લીધો. જરા સંશયાસ્પદ ભૂતકાળ ધરાવતા શ્રી વૅનમારન અને શ્રી દ-કોક ઘેર જમવા ગયા.

ઉપરના માળેથી હવે શ્રીમતી વૅનડાનની એકની એક જાજમ પર વૅક્યૂમ ક્લિનર ફેરવવાનો અવાજ શરૂ થયો. માર્ગટ બગલમાં થોડાં પુસ્તકો મારીને મંદગતિએ શીખનાર વિદ્યાર્થીનો વર્ગ લેવા ગઈ; કારણ કે ડસેલસાહેબ એ માંહ્યલા જ છે. પીમ એમના હંમેશના સાથી ડિકન્સને લઈને એક ખૂણામાં થોડીક નિરાંત અને શાંતિ પામવાની આશા સાથે વિરાજમાન થયા છે. મમ્મી ઉતાવળે ઉતાવળે ઉપરનાં 'ગૃહિણી'ની મદદે પહોંચી ગઈ. અને હું ગૂંથાઈ છું બંને બાથરૂમ અને સાથે સાથે પોતાની જાતને પણ સ્વચ્છ કરી લેવામાં.

પોણો વાગ્યો : એક પછી એક બધાં જ અહીં ટપકવા માંડ્યાં. એમાં પહેલાં આવે શ્રી ગાઈસ પછી ક્યાં તો શ્રી ક્લાઈમન અથવા તો શ્રી કુગ્લર. એમની પાછળ આવે બેપ અને કોઈ વાર મીપ પણ આવી પહોંચે.

એક વાગ્યો : બધાં જ રેડિયોની આસપાસ ટોળે વળીને એકધ્યાન થઈને બી.બી.સી. સાંભળે છે. આ સમયે ગુપ્ત નિવાસના બધાં જ સભ્યો શાંત હોય છે. શ્રીમતી વૅનડાન પણ, કારણ કે સમાચાર વાંચી સંભળાવનાર સાથે થોડી દલીલો કરાય ?

સવા વાગ્યો : જમવાનો વખત થયો. નીચેથી આવેલાં સર્વને એક એક પ્યાલો સૂપ અને જે હોય તો પુડિંગ મળે છે. શ્રી ગાઈસ આરામથી ટેબલને અઢેલીને દીવાન પર છાપું, સૂપ અને પડખે બિલાડી સાથે ગોઠવાય છે. આ ત્રણમાંથી એક પણ વસ્તુ ત્યાં ગેરહાજર હોય તો પોતાનો અણગમો જાહેર કરવાનું એ ચૂક્તા નથી. શ્રી ક્લાઈમન અમને શહેરના સમાચાર કહે છે. આ કામમાં એઓ ઘણા જ કુશળ છે. ઉતાવળે ઉપર આવીને શ્રી કુગ્લર ધીમો પણ સ્પષ્ટ અવાજ થાય એમ બારણું ખખડાવે છે. ને પછી હાથ ચોળતા કે પછી જોર જોરથી હાથ ઘસતા અંદર પ્રવેશે છે. એમની આ ક્રિયાનો આધાર એ ખરાબ મૂડમાં છે કે વાતો કરવાના મૂડમાં છે એની પર રહે છે.

પોણા બે : બધાં જ ટેબલ પરથી ઊઠે છે. અને પોતપોતાનાં કામે વળગે છે. માર્ગટ ને મમ્મી વાસણ ઘસવા રોકાય છે. શ્રી અને શ્રીમતી વૅનડાન એમના ખાટલા તરફ વળે છે. પીટર માળિયે અને પીમ એમના ખાટલા તરફ રવાના થાય છે. ડસેલ પણ એ જ દિશાએ જાય છે. અને ઍન પોતાનું ઘરકામ કરવા બેસે છે.

આ છે દિવસની પરમ શાંતિનો સમય, જ્યારે બધાં જ સૂઈ જાય છે અને તમને ખલેલ પહોંચાડવા કોઈ નથી. ચહેરો જોતાં લાગે છે કે ડસેલ ખાવાની વાનગીઓનાં સ્વપ્ન જુએ છે. પણ હું એ જોવામાં વખત બગાડતી નથી. કેમ કે સમય જતાં વાર લાગતી નથી. અને ખબર પડે એ પહેલાં જ ચાર વાગી જશે. વેદિયા ડસેલ ઘડિયાળમાં જોતા મારી પાસે હાજર થઈ જશે, કારણ કે ટેબલ સોંપવામાં હું એક મિનિટ મોડી પડી.   લિ. ઍન.

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બે ઘટના – એક સુખદ, એક દુઃખદ

તા. ૮-૭-૯૪. હમણાં હમણાં બહેનોને લગતી બે જુદી જુદી ઘટનાઓ જાણવા મળી. પહેલી સુખદ ઘટના આ વર્ષની ગુજરાતના ૧૨મા ધોરણના સામાન્ય પ્રવાહની પરીક્ષામાં જમાલપુરના મુસ્લિમ વિસ્તારની એફ.ડી. ગર્લ્સ હાઈ સ્કૂલની વિદ્યાર્થિની શમશેરબાનુ અન્સારી પહેલે નંબરે આવી. મિલમજૂરની આ દીકરી ઘરકામ અને સિલાઈમાં માને મદદ કરવાની સાથે પહેલે નંબરે આવી. આ પરીક્ષામાં પહેલા, બીજા કે ત્રીજા નંબરના માર્કમાં બે-ત્રણ માર્કનો ફેર પડે પણ શમશેરબાનુના બીજા નંબર કરતાં ખાસા ૧૫ માર્ક વધુ આવ્યા. લાગવગ, ભ્રષ્ટાચાર અને પરીક્ષામાં ચોરીના આ જમાનામાં, સ્વપ્રયત્ને, ગરીબ ઘરની દીકરી આવું સરસ પરિણામ લાવે તેની સમાજમાં ઘણી ઊંડી અસર થઈ છે. ગવર્નરે આ દીકરીને રાજભવનમાં બોલાવી ખાસ અભિનન્દન આપ્યાં અને પોતાના તરફથી શમશેરબાનુને મહિને ૫૦૦/- રૂ.ની સ્કૉલરશિપ કૉલેજના ત્રણ વર્ષ માટે મંજૂર કરી !

હવે એક બીજી દુઃખદ ઘટના. બંગાળના નક્સલવાડી ગામમાં આજથી ૩૫ વર્ષ પહેલાં સામ્યવાદીઓના એક જૂથે નક્કી કર્યું કે આ જમીનદારો એમ માનશે નહિ, તેમનાં તો વીણીવીણીને ખૂન જ કરવાં જોઈએ. આવી વિચારસરણીવાળો પક્ષ નક્સલવાદી કહેવાયો. આજે પણ બંગાળ, ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં નક્સલવાદીઓનું ઘણું જોર છે. ૧૭મી જુલાઈ, ૧૯૭૪ને દિને કલકત્તાની એક હાઈ સ્કૂલની હેડમિસ્ટ્રેસ અર્ચના ગુહાની પોલીસે ધરપકડ કરી. શા માટે ? પોલીસને શંકા હતી કે અર્ચનાનો ભાઈ નક્સલવાદી છે અને અર્ચના પાસેથી તેના વિશે માહિતી કઢાવવી હતી. તેના હાથપગ બાંધી તેને થાંભલા પરથી લટકાવી અને આમતેમ ફંગોળી. પગને તળિયે સળગતી સિગરેટ ચાંપી કુટુમ્બના અન્ય માણસોની આવી વલે થશે તેમ ધમકી આપી. આ વિધિ ૨૭ દિવસ ચાલી પણ કાંઈ વળ્યું નહિ. અને તેને છૂટી કરી. તેણે પોલીસ સામે ત્રાસ ગુજારવાની ફરિયાદ કરી પણ ફરિયાદ કોઈ નોંધે નહિ. છેવટે ચાર વર્ષ પછી તેની ફરિયાદ ઉપર પગલાં લેવાયાં અને પાંચ પોલીસ ઉપર તહોમત મુકાયાં. પણ પછી વકીલો, ન્યાયાધીશો, હાઈ કોર્ટ, સુપ્રિમ કોર્ટ, બધાંએ જાણે ભેગાં મળીને કેસ ચાલવા જ ન દીધો. છેવટે ફેબ્રુઆરી ૧૯૯૪માં સુપ્રિમ કોર્ટે હુકમ કર્યો કે પોલીસ ઉપર કેસ ચલાવવો ! દરમિયાન પાંચ તહોમતદારમાંથી ત્રણ ગુજરી ગયા છે અને એક વિદેશ ચાલ્યો ગયો છે. ન્યાયતંત્ર પણ કેવું મૃતઃપ્રાય થઈ ગયું છે !

૧૫મી ઑગસ્ટ અને ઝંડાવન્દન

તા. ૧૫-૮-૯૪. આજે ૧૫મી ઓગસ્ટ નિમિત્તે હ.કા. આર્ટ્સ કૉલેજ અને હ.કા. કૉમર્સ કૉલેજના સંયુક્ત ઝંડાવન્દન કાર્યક્રમમાં હું ગયો હતો. હવે એચ.કે. જેવી રડીખડી કૉલેજોમાં આઝાદી દિનના કાર્યક્રમો થાય છે. ઝંડાવન્દન મેદાનમાં કરી, વરસાદને કારણે, ભાષણો કરવા હૉલમાં ભેગા થયા અને ૧૯૯૪માં એચ.કે. નો આખો હૉલ ભરેલો હતો ! ૧૯૫૯માં વિસનગર કૉલેજમાં ૧૫મી ઓગસ્ટના ધ્વજવન્દન વિશે કૉલેજના પ્રોફેસરોનો અભિપ્રાય હતો કે કાર્યક્રમમાં પાંચ-દસ વિદ્યાર્થી અને તેટલા જ પ્રોફેસરો આવે છે એટલે કાર્યક્રમ ૭ વાગે, ૮ વાગે કે ૯ વાગે કરો બધું જ સરખું છે. પ્રિન્સિપાલ તરીકે મને આ કાંઈ ફાવે નહિ. તેથી આગલે દિવસે (૧૪મી ઑગસ્ટે) કૉલેજના ૧૫૦ વિદ્યાર્થીઓના ચાર મોટા વર્ગોમાં હું ગયો. વર્ગમાં પિરિયડ ચાલતો હોય ત્યારે વચમાં વર્ગશિક્ષકની પરવાનગી લઈ, વર્ગને પાંચ મિનિટ સંબોધન કર્યું. 'તમને આ ઝંડા-વન્દનનો કાર્યક્રમ કર્મકાંડ જેવો, અર્થ વગરનો લાગે છે. પણ બે-ચાર વર્ષ પછી તમે પણ એક છોકરીની સાડી સાથે ગાંઠ બાંધીને અગ્નિ આસપાસ ચાર ફેરા ફરશો તે પણ કર્મકાંડ જ છે ને ? તેમ શા માટે કરવું તેનાં કારણોની બહુ સમજ પડતી નથી છતાં આપણે તો હોંશે હોંશે તે કરીએ છીએ, કારણ કે તે હજારો વર્ષની પરંપરા સૂચવે છે. રાષ્ટ્ર તરીકે આઝાદ થયે બાર જ વર્ષ થયાં છે (૧૯૫૯ની વાત છે) એટલે રાષ્ટ્રિય જીવનની પરંપરા ઊભી કરવાની તમારી પણ ફરજ છે ને !' હાઉં, આવું વ્યાખ્યાન ચારે મોટા વર્ગમાં કર્યું અને ૧૫મી ઓગસ્ટે ઝંડાવન્દનમાં ૧૦૦ વિદ્યાર્થી અને બધા શિક્ષકો હાજર ! ૧૯૯૪માં હ.કા. કૉલેજોમાં હૉલ ભરીને વિદ્યાર્થી-શિક્ષકો હાજર જોઈને મને તો કેટલો આનંદ થાય !'

હોદ્દો અને ભેટ-સૌગાદ

તા. ૨૯-૮-૯૪. અમારા સમાજવાદી પંતપ્રધાન દક્ષિણ આફ્રિકાના પ્રવાસેથી પાછા આવી ગયા છે. આમ તો પ્રવાસ ૧૦ દિવસનો હતો પણ વડા પ્રધાનનો ખાસ સંદેશો મળતાં બે દિવસ પ્રવાસ ટૂંકાવી મુંબઈ ઊતરી સીધા દિલ્હી ગયા અને ત્યાં એક દિવસ રોકાઈ શનિવારની સવારની ફ્લાઈટમાં અમદાવાદ આવ્યા. સવારે પત્રકારો તેમને ગાંધીનગર મળવા ગયા તો ખબર પડી કે મુખ્ય પ્રધાન હજી ગાંધીનગર પહોંચ્યા જ નથી. પત્રકારોએ ખૂબ તપાસ કરી ત્યારે સમાચાર મળ્યા કે એરોપ્લેનમાંથી ઊતરી પ્રધાન સીધા અમદાવાદ વસતા પોતાના પુત્રને ઘેર ગયા છે. બપોરે જમી, આરામ કરીને સાંજે ગાંધીનગર આવશે. જોકે ઍરપોર્ટ ઉપર લેવા ગયેલા એક સરકારી ઑફિસરે હળવેકથી ઉમેર્યું કે

(અનુસંધાન પૃ. ૭૧૬)



સંમુખ સાગરમઠ-૩૧

સદાનાં સાથી સ્મરણ

——પ્રીતિ સેનગુપ્તા——

ચતુર્દિકે સુજલા, સુફલા ધરિત્રી વિસ્તરેલી હતી. પૂર્ણપકવ સુંદર સ્વરૂપ જ હતું એ, પણ મને કેવું લાગતું હતું? 'ઓહ, આ પ્રગાઢ, શ્યામ-હરિત પર્વતો કેટલા વધારે પડતા નજીક છે, આ રસ્તો કેટલો વધારે પડતો મરોડાતો, વળાંક લેતો જાય છે, આ ખીણ કેટલી વધારે પડતી સાંકડી છે...'

હા, મને ખુશી તો ઘણી હતી કે કઠિન માર્ગ-પરીક્ષા આખરે પૂરી થઈ હતી, પરન્તુ મન તિબેટની અદ્વિતીય દૃશ્યાવલિ માટે ઝૂરતું રહ્યું, નિઃશ્વાસ નાખતું રહ્યું.

પ્રકૃતિ પ્રસન્ન હોય, કૃપાવંત હોય તો જ પ્રયાણ સફળ અને સુખરૂપ નિવડે. તિબેટવાળી બસને છોડ્યા પછી અમારે પાંચ ટ્રકોમાં ચડવું ને ઊતરવું પડ્યું હતું. અને આ ત્રીજી બસમાં હવે બેઠાં હતાં. એ દરમ્યાન ચાલ્યાં, ચડ્યાં, ઊતર્યાં, લપસ્યાં, ભીનાં થયાં, ઊછળ્યાં, ઊંચકાયાં, ગભરાયાં. કોઈ આંચ ના આવી-એ નિયતિને કારણે. જે દૂર થઈ ગયું તેનો મોહ હવે છોડવાનો હતો, જે સમીપે હતું તેને સ્નેહ અને આદર આપવાના હતા. અસાધારણ સૌંદર્ય અને અનન્ય ગરિમાના સતત પ્રાપ્ત થયેલાં દર્શનની સ્મૃતિઓને હૃદયમાં સંકોરતાં રહેવાનો સમય હવે શરૂ થઈ ગયો હતો.

રસ્તાની બાજુમાં થઈને સાથે જ વહેતી સોના કોશી હજી એવી જ ગતિ-ચંચળ અને ગર્જન-મુખર હતી. એનાં પાણીમાં અસંખ્ય, અવિરત વમળ થતાં હતાં, ને પાણીનો રંગ ઘેરો કાળો થયેલો હતો. એ નિશાનીઓ બહુ સારી ના કહેવાય, ગાઈડે જણાવ્યું. હજી વધારે વરસાદ, પૂર અન સંહારની સંભાવના હતી. અમે જ્યાંથી સુખરૂપ નીકળી આવી શક્યાં તે પ્રદેશમાં. હવે ખરેખર તો બધાંએ એ પ્રદેશ તથા એની પ્રજાની સલામતી માટે પ્રાર્થના કરતાં રહેવાનું હતું.

અમે જોતાં ને વિચારતાં રહ્યાં, અને સૂર્યોજ્જ્વળ મધ્યાહ્ન પરિવર્તન પામતો ગયો. ઘેરાં કાળાં વાદળોએ ધીરે ધીરે આકાશને ભરી દીધું. હવામાં ઠંડક થઈ ગઈ. એ તો આરામદાયક હતી. ડાંગરના તાજા, કૂમળા, પોપટી ધરુથી લહેરાતાં ખેતરોની શોભાવાળાં કેટલાંયે કમનીય સ્થાન આવ્યાં-ગયાં. ફોટામાં એમને ઝડપી લેવાની તીવ્ર ઇચ્છા થતી રહી, પણ હવે અજવાળું અપૂરતું હતું.

મેં ગાઈડને કહી રાખેલું કે ધુલિખેલ પાસે ફોટા ખેંચવા માટે બસ ઊભી રાખવી. એ સ્થળ અત્યંત સુંદર, તસ્વીરયોગ્ય દૃશ્યપટ માટે વખણાય છે. એ તો કદાચ ભુલાઈ ગયું. વળી, પૂરતો પ્રકાશ પણ ક્યાં હતો? પણ કાઠમંડુથી પાંત્રીસેક કિ.મી. દૂર જ્યારે બસ ઊભી રહી, ને કારણ પૂછ્યું ત્યારે ગાઈડ કહે, 'ફોટા લેવા માટે.' મેં વ્યાવહારિક થઈને કહ્યું, 'હવે તો સાવ અંધારા જેવું થઈ ગયું છે. સમય બગાડ્યા વગર હવે આગળ નીકળી જઈએ.'

તો એ કહે છે, 'ના, ઊભાં તો રહેવું જ પડશે, કારણ કે એક ટાયરમાં પંકચર પડ્યું છે.'

શું? ફરીથી? અહીં નેપાલમાં પણ? અહીં પણ કસોટી ચાલુ જ હતી? એક-બીજાં સામે માથું હલાવી આશ્ચર્ય દર્શાવતાં અમે વારાફરતી બસમાંથી ઊતરવા લાગ્યાં. હું હજી બહાર નીકળી હતી કે એ જ ઘડીએ વરસાદ શરૂ થયો. ને તે પણ શરૂઆતની ઝરમર નહીં, પણ જોરદાર ઝાપટું. સાથે ખૂબ પવન પણ ઊપડ્યાં. બહાર ઊભાં રહેવાનું શક્ય ના રહ્યું. ડ્રાઈવર ને ગાઈડે ઝટપટ ટાયર બદલ્યું, ને પાછાં અમે રસ્તે પડ્યાં.

ભડગાંવ અને લલિતપુર એ જ રસ્તેથી જવાય. ત્યાંનાં પ્રાચીન સ્થાપત્ય, શિલ્પ ને કાષ્ઠ-કામ આખી દુનિયામાં વિખ્યાત છે. હું તો પહેલાં ત્યાં ગયેલી, ને ફરીથી જવાની પણ હતી જ - નહીં તો ત્યાં જવા વિષે ગાઈડને પૂછી જોયું હોત. કાઠમંડુ આવવામાં જ હતું. પંદરેક કિ.મિ. દૂર હોઈશું, ને ફરી અમારે અટકવું પડ્યું. બહુ જ ભીડ થઈ ગઈ હતી, રસ્તો બંધ કરાયો હતો. ડ્રાઈવર તો, કુતૂહલનો માર્યો, તરત બસ બંધ કરી, કૂદકો મારીને ભીડમાં ભળી ગયો. ગાઈડ પણ ઝાલ્યો રહે? થોડી વારે આવીને એણે કહ્યું કે હમણાં જ એક અકસ્માત થયો હતો. પશ્ચિમી પ્રવાસીઓથી ભરેલી મિનિ-બસ સાથે એક સ્થાનિક જાહેર-બસ અથડાઈ હતી. એમ



બુદ્ધજીવન દર્શાવતું તિબેટી થાન્કા-ચિત્ર

તો અમારાવાળી મિનિ-બસ પસાર થાય તેટલી જગ્યા એક તરફ હતી, પણ વધતા જતા ટોળામાં ડ્રાઈવર છૂ થઈ ગયો હતો. સામેથી આવતી જાહેર-બસો ધીરે ધીરે કરતી નીકળી આવતી રહી, ને પછી છૂટેલા'ઘોડાની જેમ ભાગતી. અમે જ બેઠાં રહ્યાં. અડધા-પોણા કલાકે ડ્રાઈવરભાઈ-ગાઈડભાઈ હસતાં હસતાં પાછા ફર્યા, મિનિ-બસને એ સાંકડી ખાલી જગ્યામાંથી ધીરે ધીરે કાઢી, ને આગળ વધ્યા.

શહેરમાં આવી ગયા પછી બધાંને પોતપોતાની હોટેલ પર ઉતારવાનાં હતાં. મારી હોટેલનું નામ સાંભળીને ગાઈડે કહ્યું કે ત્યાં મને ઉતારવા જઈ નહીં શકાય. 'કેમ ભાઈ ?' તો કહે, થામેલ નામના એ મહોલ્લામાં મિનિ-બસોને (કે જાહેર-બસોને) જવાની મનાઈ ફરમાયેલી હતી - નાના રસ્તા અને સંકડાશ કારણે. મને અને એ અમેરિકનોને થામેલને નાકે ઉતારી દીધાં. ડૉન અને બૉબ-એ અમેરિકનો તરત સાયકલ રિક્ષા ભાડે કરી પોતાની હોટેલ પર જવા નીકળી ગયા. મારા સ્વભાવ પ્રમાણે સૌથી પહેલો વિચાર મને ચાલીને જવાનો આવ્યો. દસેક મિનિટ જ થાય આમ તો. પણ સામાન સાથે એને ખેંચતાં ખેંચતાં, હાંફતાં હાંફતાં જવું સહેલું નહોતું. તેથી મેં પણ સાઈકલ-રિક્ષા લઈ લીધી. બસ, હવે વધારે શું કહેવાનું હોય ? ઉત્તુંગ શિખર ચઢી આવ્યા પછી તાજગી પણ લાગે, ને થાક પણ લાગે. હૃદયમાં વસી ગયેલા સ્થળની યાત્રાને અંતે હર્ષ પણ હોય, ને શોક પણ હોય. આરંભે જે હોય તે મનોભાવનો-તે ભાષાનો સંગાથ નિપટાવવાને સમયે ના પણ મળે.

જતી વખતે હતું તે કુતૂહલ પાછાં વળતાં સુધીમાં કૃતાર્થતાની લાગણીમાં પરિણમ્યું હતું. જેને વિષે સાંભળ્યું હતું તે જોવાયું હતું, જે કલ્પનામાં હતું તે અનુભવાયું હતું. માર્કો પોલોની જેમ કોઈ ઉમરાવના દરબારમાં જઈ 'તેબેથ'ના અચરજની વાતો કરવાનું આમંત્રણ મને મળવાનું નથી. મારે તો એ સર્વ સંવેદનો અને સ્મરણોને હૃદયના મખમલી દાબડામાં સજાવી રાખવાનાં છે. એમને કારણે જ હું ધનિક છું. (સંપૂર્ણ) ☐

અનુ.] પસ્તીનાં પાનાં [પૃ. ૭૧૪થી

દક્ષિણ આફ્રિકાથી મળેલ ભેટ-સૌગાદ ગાંધીનગર લાવે તો સરકારી તોશાખાનામાં જમા કરાવવી પડે, એટલે પહેલાં દીકરાને ઘેર ભેટ-સૌગાદ મૂકવા ગયા છે ! બોલો, દીકરા કેવા કામ આવે છે ?

પણ આમાં દીકરો કે દીકરી એ મહત્ત્વનું નથી. હું વાઈસ ચૅન્સેલર હતો ત્યારે યુનિવર્સિટીની સ્ટેટ બૅન્ક શાખાએ દિવાળી પ્રસંગે વા.ચે. અને રજિસ્ટ્રારને બરફ રાખવાના થર્મિક જગ ભેટ આપ્યા. મેં તો તે યુનિવર્સિટીના વા.ચે.ના કબાટમાં મૂકી રાખ્યો હતો. પણ ડ્રાઈવર મારફત કે બીજી કોઈ રીતે મારી દીકરીને ખબર પડી અને પછી મારી ગેરહાજરીમાં વા.ચે.ના રૂમમાં જઈ તે જગ ઘેર લઈ આવ્યાં ! ☐

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

સને ૧૯૬૬માં ગુ.સા. પરિષદનું જ્ઞાનસત્ર દ્વારકામાં ભરાયું ત્યારે બપોરની બેઠકમાં 'કલામાં આકૃતિ' ઉપર બોલનારા સાહિત્યકારો ૪૫થી વધારે હતા. એટલે પ્રમુખશ્રી જ્યોતીન્દ્રભાઈએ દરેકને છ મિનિટ ફાળવી અને બપોરે જમીને તુરત બે વાગ્યે જ બપોરની બેઠકનું સંચાલન કરવા બેસી ગયા. દરેક બોલનાર પાંચથી છ મિનિટને બદલે વધારે સમય લે તો બધાને ન્યાય મળે એટલે તેઓ પાંચ મિનિટે નાની બેલ વગાડતાં કે જેથી વકતા પછી એક મિનિટમાં પોતાનું વકતવ્ય સમેટી શકે. પણ સાહિત્યકારો ધરાર થોડો વિશેષ સમય લેવા લાગ્યા એટલે જ્યોતીન્દ્રભાઈએ અમારી પાસે શાળાનો ઘંટ મંગાવ્યો. અને સાહિત્યકારને ઘંટ વગાડી ચેતવવા લાગ્યા. ખાસ્સું હાસ્ય ફેલાયું. વળી છઠ્ઠી મિનિટે તો શાળાના ઘંટ માફક ઘંટ ચાલુ રહે એટલે વક્તા નાછૂટકે બેસી જાય. જો કે જે વક્તા વક્તવ્ય સમાપન કરતા લાગે તો વધારે એકાદ મિનિટ તેઓ બોલવા દેતા. તેવા એક કવિમિત્ર બોલવા ઊભા થયા અને બેસવા કહ્યું છતાં બેઠા નહિ. તેઓ કહે, અમે 'કલામાં આકૃતિ' વિષે સંશોધન કરી લેખ તૈયાર કરવામાં એક માસ વીતાવ્યો છે. અને તમે ફક્ત છ મિનિટ આપો તે અન્યાય છે. તેને બીજી છ મિનિટ અપાઈ પણ તેઓ બેઠા નહિ. ઘંટ વાગવા જ લાગ્યો. બે મિત્રોએ પ્રમુખની વિનંતીથી તેને બેસાડવા પ્રયત્ન કર્યો પછી તેઓ માંડમાંડ બેસી ગયા પણ તેનો આક્રોશ વધારે પડતો હતો. ભેગા થયેલા સાહિત્યકારોમાં તેમને કોઈએ બળ આપ્યું દરિયા કાંઠે જ પરિષદનું જ્ઞાનસત્ર હતું. તેઓતો જઈને દરિયાના કમરપુર પાણીમાં ઊભા રહ્યા અને કહેવડાવ્યું કે મારું વક્તવ્ય પૂરું કરવા દે, નહિતો સમુદ્રને આ શરીર અર્પણ કરીશ. યશવંતભાઈ અને હું તેમને સમજાવવા ગયા ત્યાં તો વ્યવસ્થામાં ત્યાં આવેલા સ્થાનિક ફોજદારે તેમને આત્મઘાતના પ્રયાસના ગુનાસર પકડી લીધા અને પોલીસચોકી લઈ ગયા. હું તરત તેમને મળ્યો - તો જીપમાંથી ઊતરી તેમણે અમોને આશ્વાસન આપ્યું - તમે પરિષદકાર્ય પતાવો, હું તેમની ઉપર ફરિયાદ નોંધીશ નહિ. પણ ફરી આવો ઉપદ્રવ ન કરે તેમ લખાવી છોડી મૂકીશ. સાંજે તે કવિમિત્ર નરમ બની ભોજનમાં ઉપસ્થિત થઈ-ગયા હતા.

રાત્રે જ્યોતીન્દ્રભાઈ સાંસ્કૃતિક કાર્યક્રમ જતો કરી તે કવિમિત્રને મળ્યા. તેમનું વક્તવ્ય સાદ્યંત સાંભળ્યું અને તેમનો જ્ઞાનસત્રના અહેવાલમાં ટૂંકમાં ઉલ્લેખ કરવા આશ્વાસન આપ્યું ☐

ધારાવાહી બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

હું સાંભળતો હતો. મેં પૂછ્યું, 'ત્યાર પછી ?'

ત્યાર પછી મેં જે સાંભળ્યું તેથી ભારે અચંબામાં પડી ગયો. સિનેમાની સામેથી રીટા ગાડીમાંથી ઊતરી અને બધા ભિખારી છોકરાઓને પૈસા આપ્યા. એ જોઈને ભિખારી છોકરાઓનું ત્યાં ટોળું એકઠું થયું. બાબલાએ જેને જેને જોયા તેને તેને પૈસા અપાવ્યા. 'આને પૈસા આપો, આને પૈસા આપો, એમ એ કહેતો ગયો. આ બાજુ જે છોકરો છે તેને તો પૈસા આપ્યા નહિ. બધાને આપો.'

રીટાએ કહ્યું. 'હવે સમય નથી, બાબલા. સિનેમા શરૂ થઈ જશે. આપણે મોડા પડશું.'

પણ બાબલો તો કેમે કરીને માન્યો નહિ. કહે, 'આને પૈસા આપો. નહિ તો હું નહિ આવું.'

'એણે તો કફોડી સ્થિતિમાં મૂકી દીધા' રીટાએ કહ્યું, 'હવે બધાને પૈસા આપું તો બહુ મોડું થઈ જાય. સિનેમા શરૂ થઈ જશે.'

પણ એ સમયે એક આઘાત આપે એવી ઘટના બની. એકાએક એક ગંદો ભિખારીનો છોકરો આવ્યો અને એણે બાબલાનો હાથ પકડ્યો. એણે બાબલાને કહ્યું, 'એ બાબલા ! તું અહીં ક્યાંથી ?'

બાબલાએ એને ઓળખ્યો. એણે પૂછ્યું 'તું અહીં શું કરે છે ?'

પેલા છોકરાએ કહ્યું, 'કલકત્તામાં ભીખ માગવા આવ્યો છું.'

રીટા તો સાંભળીને અસ્વસ્થ બની ગઈ. એણે કહ્યું, 'બાબલા, આ બાજુ આવતો રહે, એને અડકતો નહિ. એ તો ગંદો ભિખારી છે.'

બાબલાએ કહ્યું, 'ના મમ્મી, ભિખારી નહિ, મારા ગામનો છોકરો છે. હું એને ઓળખું છું. એને પૈસા આપો, મમ્મી ?'

રીટાએ કહ્યું, 'એને છોડી દે. જોને, એ કેવો ગંદો છે.'

બાબલાએ કહ્યું, 'એ તો મારો દોસ્તદાર માણિક છે.'

રીટા માણિક નામના છોકરા પાસે ગઈ. અને કહ્યું : 'ભાગ અહીંથી. ભીખ માગે છે ?'

બાબલાએ કહ્યું, 'એને મારો છો કેમ ? એ મારો દોસ્તદાર છે. મયરાડાંગાનો છોકરો છે.'

રીટાએ કહ્યું : 'એવાને તો મારવા જ જોઈએ. જોતો નથી કેવો નફ્ફટ છે, આવા બધા છોકરાઓ ચોર હોય છે ! ભિખારીનો વેશ લઈને કલકત્તામાં ભીખ માગવાને બહાને ચોરી કરે છે. ભાગ અહીંથી.'

બાબલો રીટાનો હાથ છોડીને માણિક તરફ દોડ્યો. એણે કહ્યું, 'માણિક, અહીં તું શું કરે છે ? ચાલ અમારે ઘેર.'

માણિકે પૂછ્યું, 'આ તારાં શું થાય ?'

બાબલાએ કહ્યું, 'એ મારાં મમ્મી છે'

માણિકે પૂછ્યું, 'મમ્મી એટલે ?'

બાબલાએ કહ્યું, 'મમ્મી એટલે શું તે મને ખબર નથી. એ લોકોએ મને કહ્યું છે કે એને મમ્મી કહીને બોલાવજે. ચાલ, હું તને મારે ઘેર લઈ જઈશ. તું રસ્તે રસ્તે ભીખ કેમ માગે છે ?'

માણિકે કહ્યું, 'મેં બે દિવસથી કંઈ ખાધું નથી. બહુ ભૂખ લાગી છે. હું તારે ઘેર આવું તો મને ખાવાનું આપશે ?'

બાબલાએ કહ્યું, 'હા ખાવાનું આપીશ. મારે ત્યાં બહુ ખાવાનું છે, રસગુલ્લાં છે, રાજભોગ છે, ચોકલેટ છે', માણિક તો હરખઘેલો થઈ ગયો. એણે કહ્યું, 'મને રસગુલ્લા બહુ ભાવે છે. કલકત્તામાં ખાવાની દુકાનમાં મને રસગુલ્લા દેખાયાં નહિ.'

એ લોકોની વાત પૂરી થાય તે પહેલાં રીટા એક પોલીસને લઈને ત્યાં આવી પહોંચી. બાબલા કે માણિકને એની ખબર પડી નહિ. એ બન્ને વાતોમાં મશગુલ હતા. પોલીસે આવીને માણિકનું ગળું પકડ્યું, એ ચમકી ગયો. આંખ ઉઘાડી પોલીસને જોતાં જ એણે નાસી જવાનો પ્રયત્ન કર્યો, પણ તે પહેલાં તો પોલીસે એને જકડી લીધો ને જમીન પર પછાડ્યો.

બાબલાએ ઘાંટા પાડીને કહ્યું, 'એને માર્યો કેમ ? કેમ પોલીસને બોલાવ્યો ?'

રીટાએ એને પકડી જોરથી પોતાની તરફ ખેંચ્યો અને કહ્યું, 'ખોટી ધમાલ ન કર. પોલીસ એની ફરજ બજાવે છે.. તું ડખલ ન કર.'

તો યે બાબલાએ એની વાત સાંભળી નહિ. એણે કહ્યું, 'એને તો હું ઓળખું છું. મારો દોસ્તદાર છે. એને પોલીસ શા માટે મારે ? એણે શું કર્યું છે ?'

પણ રીટાએ એની વાતનો જવાબ આપવાની જરૂરત જોઈ નહિ. એ ઝટપટ બાબલાને લઈને સિનેમા જોવા ચાલી ગઈ. પછી તો સિનેમા જોવામાં બાબલો એ વાત ભૂલી ગયો. એ લોકો સિનેમાહૉલમાં પહોંચ્યા ત્યારે સિનેમા શરૂ થઈ ગયો હતો. સિનેમાના પડદા પર વાઘ અને સિંહની લડાઈ શરૂ થઈ ગઈ હતી. એટલે બાબલાના મનમાંથી એ વાત નીકળી ગઈ હતી. એ બધામાં એ એવો તરબોળ થઈ ગયો હતો કે માણિક કે પોલીસ એના મનમાંથી નીકળી ગયા હતા. સિનેમાના જગતમાં માણિક, પોલીસ, મયરાડાંગા બધું જ અલોપ થઈ ગયું હતું.

* * *

એ વખતે બાબલો ઊંઘી ગયો હતો. રીટાની વાત સંભાળ્યા પછી મને થયું હતું કે આ ઠીક નથી. રીટાએ કહ્યું કે બાબલાનો સ્વભાવ રોજ રોજ બગડતો જાય છે. એની જોડે કેમ વર્તવું જોઈએ,

કહો તો. આજે જો મેં પોલીસને ન બોલાવ્યો હોત તો હું ભારે મુશ્કેલીમાં મુકાઈ જાત. સારું થયું કે ટાંકણે જ ત્યાં પોલીસ આવી ચઢ્યો.'

એની વાત સાંભળી મને મારા પહેલાંના દિવસો યાદ આવ્યા. એ માણિકની જેમ મને તો કેટલીય વાર પોલીસે ધક્કા મારીને બહાર ધકેલી દીધો હતો. આ વિરાટ કલકત્તા શહેરમાં કેટલાય દિવસ ભૂખે પેટે સૂતો છું. કેટલાય દિવસો વરસાદ વરસતો હોય ત્યારે સૂવા માટે ગેરેજની બહાર છાપરાં નીચે જગ્યા મળતી નહોતી. વરસાદમાં ભીંજાતાં ભીંજાતાં રાતદિવસ ગુજારવા પડતા હતા. પોલીસના ત્રાસમાંથી બચાય એવા દિવસો બહુ થોડા હતા. હું પણ બાબલાના મિત્ર માણિકના જેવો માણિક.

રીટાની વાત સાંભળી હું બાબલા પર ગુસ્સે ન થયો કે એ માણિક તરફ પણ ક્રોધ ઊપજ્યો નહિ. હું શી રીતે ગુસ્સે થાઉં ? ગુસ્સો હોય તો પોતાની જાત પર જ મારે ગુસ્સો કરવાનો હોય.

રીટાએ કહ્યું : 'કાલે તમે બાબલાને ધમકાવજો.' મેં હા પાડી.

રીટાએ કહ્યું : 'એને કહી દેજો કે પહેલાં એ ગમે તે હોય, પણ હવે તો એ આ ઘરનો છોકરો છે. આ ઘરની ઇજ્જત રાખવી હોય તો રસ્તે ભટકતા ભિખારી છોકરા જોડે સંબંધ ન રાખે.'

મેં કહ્યું, 'હા, એમ જ કહીશ.' પછી હું ઊંઘી ગયો. મનમાં વિચાર્યું, પેલા લોકો તો બાબલાને મળવા આવ્યા જ નથી. એ જ તો મયરાડાંગનો ભૈરવ આઢ્ઢી અને બાબલાની માસી જ તો. એ લોકો હવે શા માટે એને મળવા આવે ? આ છોકરો તેમને ગળે ઘંટીનું પડ હતો. તે પડ તો અમે ઉપાડી લીધું. એટલે એમનો તો છુટકારો થયો. એમણે તો એમની સગી આંખે જોયું છે કે એમના છોકરાને સંપન્ન માણસોએ દત્તક લીધો છે. તેમણે નિરાંત અનુભવી હશે કે એમના છોકરાને ખાવાપીવાનું અને પહેરવા-ઓઢવાનું ને બીજી બધી વાતનું સુખ જ સુખ છે. એટલે એમને બાબલા વિષે કોઈ પ્રકારની ચિન્તા નથી.

તે પછી એ જ બાબલો મોટો થયો. એને નિશાળમાં દાખલ કર્યો. એની નિશાળ કલકત્તામાં જ હતી. એ નિશાળમાં ફક્ત કલકત્તાનાં વી.આઈ.પી. લોકોના જ છોકરાઓ ભણતા હતા. જેમકે પ્રધાનો, ન્યાયાધીશો, સરકારના ઊંચામાં ઊંચા અધિકારીઓ, સેક્રેટરીઓ-એ બધાના છોકરાઓ ત્યાં ભણતા. દાર્જિલિંગ કે દેરાદૂનમાં સારામાં સારી શાળાઓ છે. એ જગ્યાએ બાબલાને ભણાવવા મારી પાસે પૂરતા પૈસા પણ હતા. પણ અમારો ફક્ત એક જ છોકરો ઘણી મુશ્કેલીથી એને મેળવ્યો છે : એને અમે દૂર શી રીતે મોકલી શકીએ ? વળી પાછું એ તોફાન કરે તો ?

ડૉક્ટરે કહ્યું હતું. છોકરાને બધો વખત તમારી પત્ની પાસે જ રાખજો. એને ક્યારેય એમનાથી દૂર રાખતા નહિ. આમ, બધી દૃષ્ટિએ વિચાર કરતાં એક દિવસ રીટા જાતે જ એને કલકત્તાની સારામાં સારી શાળામાં દાખલ કરીને આવી.

પ્રિન્સિપાલે જાતે જ બાબલાની ચકાસણી કરી એને પૂછ્યું, 'તારું નામ શું ?'

બાબલાએ કહ્યું : 'દેવવ્રત સેન.' 'તારા બાપનું નામ ?'

'મિસ્તર પલટુ સેન.'

બીજા કેટલાક સવાલો પૂછ્યા તેના ફટાફટ જવાબ આપ્યા. પ્રિન્સિપાલ પર ઘણી સારી છાપ પડી. એણે તરત જ દાખલ કર્યો. રીટાને કહ્યું, 'તમારો છોકરો ઘણો બુદ્ધિશાળી છે. ગભરાતો કે મૂંઝાતો નથી. અજાણી જગ્યામાં આવ્યો છે એમ એને લાગતું જ નથી. એ ઘણો આગળ વધશે. હું શિક્ષકોને એની પર ખાસ ધ્યાન આપવા કહીશ. તમે જરાય ફિકર ન કરશો. એના ભણતરની જવાબદારી મારી, પછી કશું ધ્યાનમાં આવતાં પૂછ્યું. 'એને રમતગમતમાં રસ ખરો ?'

રીટાએ કહ્યું : 'હા ટી.વી. માં ક્રિકેટ ફૂટબોલ વગેરેની રમતો ધ્યાનથી જોતો હોય છે. એના બાપને પણ ઘણો શોખ.'

પ્રિન્સિપાલે કહ્યું : 'એથી જ એ તંદુરસ્ત છે. હું તો કહું છું કે અત્યારથી જ આટલો બુદ્ધિશાળી છે. તો મોટો થશે ત્યારે એ જરૂર એના બાપના જેવો મોટો ઉદ્યોગપતિ થશે.

સામાન્ય રીતે કોઈ પણ પ્રિન્સિપાલ કોઈ વાલીની જોડે આવી વાત ન કરે. પણ હું ગ્રીઅરસન કંપનીનો માલિક છું એ જાણ્યા પછી એણે દાનને લોભે ખુશામત કરવા માંડી. પણ રીટા પાસેથી આ બધી વાત સાંભળી, મને તો હસવું જ આવતું હતું. બાબલો રીટાનો પોતાનો દીકરો તો હતો નહિ, પણ પ્રિન્સિપાલને થોડી એ ખબર હતી ? એટલે એ આટલો વર્ષ્યો.

એ ખુશામત ગમે તેટલી અણગમતી હોય. પણ બાબલો સારામાં સારી સ્કૂલમાં દાખલ થયો એ અમારે બન્ને માટે ઘણી આનંદદાયક ઘટના હતી. સવારે બાબલાને ગાડીમાં સ્કૂલમાં પહોંચાડવાની અને શાળા છૂટતાં એને પાછા ઘેર પહોંચાડવાની જવાબદારી ડ્રાઇવરને સોંપી હું નિશ્ચિન્ત બન્યો.

તે દિવસથી મેં ઑફિસના કામમાં પાછું મન પરોવ્યું. એ વખતે ઑફિસનું બજેટ તૈયાર થતું હતું. હું ઑફિસનાં બે કામમાં બહુ ધ્યાન આપું છું. અમારી ઑફિસના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ ના એ લોકો જ ઑફિસના કામ માટે જવાબદાર હોય છે. પણ મારે ઑફિસનાં બધાં કામની જવાબદારી લેવાની હોય છે. એ બે કામોમાં પહેલું કામ બજેટ પસાર કરાવવાનું, અને બીજું ઑડિટ એટલે કે હિસાબની ચકાસણી. મારો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તૈયાર કરે. પણ હું એને બારીકીથી જોઈ જતો. તે પછી જ બૉર્ડ ઑફ ડિરેક્ટરની સામે રજૂ કરતો. આમ કરવાનું મને મિ. ગ્રીઅરસને

(અનુસંધાન પૃ. ૭૨૦)

દેલોલની કાર્તિકેયની પ્રતિમાઓ

મુનીન્દ્ર વેણીશંકર જોશી

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેલોલ (૨૨°૩૮'ઉ ૭૩°૩૦' પૂ.) ગામ પાસેથી વહેતી ગોમાનદીના પટમાંથી રેતી કાઢવાની કામગીરી દરમ્યાન તાજેતરમાં કેટલાંક શિલ્પો તથા અન્ય પુરાવશેષો, સિક્કા વગેરે મળી આવેલ હતા. મળી આવેલ શિલ્પો પૈકી અત્રે કાર્તિકેયની બે પ્રતિમાઓ પ્રસ્તુત છે.

(૧) *કાર્તિકેય* : (જુઓ ચિત્ર નં. ૧)

રતાશ પડતા કે ગુલાબી રેતિયા પથ્થરમાંથી કંડારેલ પ્રતિમામાં કાર્તિકેય સમભંગ સ્થિત છે. સાદી પીઠિકામાં શિલ્પના પૃષ્ઠ ભાગે ટોચ ભાગેથી અર્ધવૃત્ત સાદું પરિકર છે. મસ્તક પર ટોપા ઘાટનું શિરત્રાણ અગ્રભાગે અલંકૃત છે. જે કાર્તિકેયના દેવસેનાપતિ સ્વરૂપને અભિવ્યક્ત કરે છે. તેમજ ગુજરાતમાંથી અદ્યાપિ પ્રાપ્ત કાર્તિકેયની પ્રતિમાઓમાં વિશિષ્ટ ભાત પાડે છે. દેવના વિગ જેવા વાળની લટો ખભા પર દર્શાવેલ છે. કર્ણાભૂષણ સ્પષ્ટ નથી. અર્ધ નિમિલિત નેત્ર અને મંદહાસ્ય સહિતની પ્રસન્નભાવયુક્ત મુખાકૃતિ ધ્યાનાકર્ષક છે. ગળામાં મધ્યમાં પદકયુક્ત પ્રાચીન પરિપાટીની એકાવલી છે. ગુપ્તકલાની પરિપાટીનો આમળાયુક્ત કટિબંધ મધ્યમાં લૂપ સહિત દર્શાવેલ હોઈ સમયાંકન માટે નોંધપાત્ર છે. પગના પંજાથી સહેજ ઊંચે દર્શાવેલ ચુસ્ત ધોતીવસ્ત્રની મધ્યપાતના છેડા ગોમૂત્રિકભાત યુક્ત છે. દ્વિભુજ દેવના દક્ષિણ હસ્તમાં શક્તિ કહેતાં ભાલો છે. જ્યારે વામ કર કટ્યવલંબિત છે. સામાન્ય તથા આ હસ્તમાં કુક્કુટ દર્શાવવામાં આવે છે. પ્રતિમાનું સૌથી નોંધપાત્ર અને કાર્તિકેયની પ્રતિમાઓમાં સંભવત અદ્યાપિ જોવા ન મળેલ લક્ષણ તે પ્રતિમાના વામહસ્ત નીચે ઉપવસ્ત્રના ફેલાયેલ પટના અગ્રભાગે આગલા બેપગ ઊંચા રાખી ઊભેલા અશ્વનું અંકન છે. સામાન્ય રીતે સુંદ, કાર્તિકેયની પ્રતિમામાં વાહન મોરનું અંકન જોવા મળે છે. જે ઉપર જણાવેલ શિરત્રાણ અને અશ્વના અંકનથી કલાકારે સ્કંદના દેવસેનાપતિ સ્વરૂપને સ્ફૂટ કરેલ છે. સદરહુ પ્રતિમાનું માપ ૬૭X૩૫X૧૬ સે.મી. છે.


(૨) *કાર્તિકેય* : (જુઓ ચિત્ર નં. ૨)

સદરહુ પ્રતિમાનાં સામાન્ય લક્ષણો ઉપર ચર્ચિત પ્રતિમાને મળતા જ છે, જેમાં દેવ સાદી પીઠિકા પર સમભંગ સ્થિત છે. પરંતુ ઉક્ત પ્રતિમાની જેમ મસ્તક પર શિરત્રાણ ને બદલે આડી પટ્ટીઓની મધ્યમાં પાંદડા ઘાટનાં પદકયુક્ત મસ્તિકાભરણ છે, જે શામળાજી શૈલીને મળતું છે. મુખભાગ પણ પથ્થરની જાત તથા સંભવતઃ પાણી તથા રેતીના ઘસારાને કારણે ખંડિત છે. વધુમાં આ પ્રતિમામાં પણ ખભા પર કેશલટો દર્શાવેલ છે. જે સમયાંકન માટે સહાયક છે. દ્વિભજિ દેવના દક્ષિણ હસ્તમાં શક્તિ છે. જ્યારે કટ્યવલંબિત વામ હસ્તમાં કુક્કુટ છે. આમળા ઘાટના કટિબંધમાં મધ્યભાગે લૂપ દર્શાવેલ છે. પગના ઘૂંટણ પરથી પસાર થતી વનમાળા છે. પૃષ્ઠભાગે જમણી તરફ મુખ અને ડાબી તરફ પીંછાં રાખી ઊભેલ વાહન મયૂર છે. જ્યારે ડાબી તરફ કટિબંધનો ફેલાયેલ છેડો છે. વસ્ત્રની પરિપાટી ઉક્ત પ્રતિમા જેવી છે, જેની મધ્યપાટી ગોમૂત્રિકભાતયુક્ત છે.

સમયાંકન

બન્ને શિલ્પ ગુલાબી કે રતાશ પડતા રેતિયા પથ્થરનાં હોવાં સાથે વર્ષોથી નદીની રેતમાં ધરબાયેલાં રહેતાં રેતી તથા પાણીના ઘસારાની અસરથી નુકસાન પામેલ હોવા છતાં સમયાંકન માટે ઉપયોગી દેહાંકન, અલંકરણની શૈલી જેવા મહદ્ અંશે સુસ્પષ્ટ આલેખનો ઉપયોગી થઈ શકે તેમ છે, જે પૈકી દેહાંકનની શૈલી જોતાં સુદૃઢ શરીરસૌષ્ઠવ, પ્રમાણમાં જાડા પગ, મુખાકૃતિ વગેરે ઉપરાંત પદ્કયુક્ત એકાવલી, ખભા પર દર્શાવાયેલ વામનીલટો, આમળાઘાટનો લૂપ સહિતનો કટિબંધ વગેરે તેના સમયાંકન માટે ઉપયોગી છે.

બન્ને પ્રતિમાના જાડા પગ, ટૂંકી ધોતી, ગોમૂત્રિકભાતની



કાર્તિકેય ચિત્ર નં. ૧



કાર્તિકેય ચિત્ર નં. ૨

મધ્યપાટી, લૂપ સહિતનો ડાબી તરફ લટકતા છેડા સહિતનો આમળાઘાટનો કટિબંધ વગેરે શામળાજીની ઈ.સ. ૪થી સદીની ઊભા સ્વરૂપની શિવપ્રતિમા સાથે સામ્ય ધરાવે છે. ઉપરાંત આ જ સમયની શામળાજીની કુમાર કે સ્કંદની ઊભા સ્વરૂપની પ્રતિમાની એકાવલી, બાજુબંધ, આમળાઘાટના કટિબંધ તથા ગોમૂત્રિકઘાટની મધ્યપાટી સહિતની ટૂંકી ધોતી, જાડાપગ, મુખાકૃતિ, ખભા પરના વાળ વગેરે સાથે સામ્ય ધરાવે છે. જ્યારે બીજી પ્રતિમાનો મસ્તક પરનો મુકુટ વિશેષ કરીને મુકુટ મધ્યેનું અલંકરણ પણ આ પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે જ્યારે લૂપ સહિતના આમળા ઘાટના કટિબંધ તથા ધોતીની પરિપાટી શામળાજીની શિવની ખંડિત પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે. આમ છતાં આ પ્રતિમાઓમાં જોવા મળતી વનમાલા, પરિકરની શૈલી વગેરેને કારણે એને સહેજ પાછળની ગણીએ તો પણ ઈ.સ.ની ૫મી સદીમાં મૂકી શકાય તેમ છે. જ્યારે પ્રથમ પ્રતિમા તેના ટોપાઘાટના શિરત્રાણ તથા ડાબી તરફ નીચે કંડારાયેલ અશ્વને કારણે આ વિષયના અભ્યાસીઓ માટે રસપ્રદ છે. આમ છતાં મહદ્અંશે મથુરાની ગુપ્તકલાની પરિપાટીમાં ઘડાયેલ છે, અને શામળાજીના શિલ્પોની શૈલી સાથે સામ્ય ધરાવે છે. ❑

અનુસંધાન| સુખનું અસુખ [પૃ. ૭૧૮થી

ભારપૂર્વક કહ્યું હતું. બજેટ તૈયાર થયાં પછી મારે એક વાર ભારતની બહાર જવું પડે એમ હતું. ઑફિસને કામે જ જર્મની જવાનું હતું. પણ તે નક્કી કરતાં પહેલાં મેં ડૉક્ટરને પૂછ્યું, 'આ સંજોગોમાં શું હું એક વાર સાત દિવસને માટે જર્મની જઈ શકું?'


ડૉક્ટર બધું જાણતો હતો. એણે પૂછ્યું, 'હવે તમારી મિસીસ કશી ધાંધલધમાલ નથી કરતાં?' મેં કહ્યું, 'જરાય નહિ. તદ્દન સ્વસ્થ છે.' ડૉક્ટરે પૂછ્યું, 'દેવવ્રત સ્કૂલમાં જાય છે?'

મેં કહ્યું, 'હા, જાય છે. ક્યારેય આળસ નથી કરતો કે સ્કૂલે ન જવા માટે કશું બહાનું નથી કાઢતો. એની સ્કૂલ તો સવારે હોય છે. એ મળસ્કે નિશાળે જાય છે. અને બાર વાગે ઘેર આવી જાય છે. ત્યાર પછી આખો દિવસ રીટા જોડે જ હોય છે. સાંજે હું રીટાને લઈને ક્લબમાં જાઉં છું. ક્યારેક ન્યૂ માર્કેટમાં જાઉં છું તો ક્યારેક ગંગાના ઘાટ પર. ત્યારે રીટા બિલકુલ સ્વસ્થ હોય છે, અને બાબલો પણ સ્વાભાવિક રીતે જ વર્તતો હોય છે.'

ડૉક્ટરે પૂછ્યું, 'પહેલાંની જેમ રસ્તે રખડતા, ભીખ માગતા છોકરાને મળતો નથીને?' 'ના, એ બાબતમાં અમે બહુ જ તકેદારી રાખીએ છીએ. ગમે તેની જોડે મળવાની તક જ એને ન મળે એવી ગોઠવણ કરી છે. આખો વખત અમારી નજર સામે જ રાખીએ છીએ.' ડૉક્ટરે કહ્યું: 'જો આમ બધું ઠીકઠાક હોય તો તમે સાત દિવસ માટે જર્મની જઈ શકો. પણ રોજ ત્યાંથી તમારી મિસીસને ફોન કરજો.'

(ક્રમશઃ)

ચેસ-કૉર્નર : કોયડો-૧૨



સફેદ મહારાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (**White to play and mate in two moves**)

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ka2,Qb2,Rb5-Ba7,Pg3.**

કાળાં : **Ka6, Rh7,P-g6**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે — અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (**e-mail -shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ જાન્યુઆરી મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના સપ્ટેમ્બર ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં. ૧૦નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Bd6**	
જો......	**Rxe8, Rf8, Rh7, Rh6, P-f5**
(૨) **Qg3#**	
જો....	**Rg8**
(૨) **Qxh5#**	
જો....	**Kg5**
(૨) **Qf4#**	

આ વખતે સાચો ઉકેલ મોકલનારનાં નામ : (૧) ઝેડ.એસ. ઝાલાવાડિયા (અમદાવાદ) (૨) કૃષ્ણકાન્ત પી. ત્રિવેદી (ભાવનગર) (૩) નીરવ શાહ (અમદાવાદ) -અર્પી શાહ

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૯

યોગેન્દ્ર માંકડ

ધર્મસુધાર અને વિચારબુદ્ધિ

નાસ્તિકવાદ : ધર્મ, ધાર્મિકતા, ધર્મ પુસ્તક અને ઈશ્વરની અવિરત આલોચનાની પરંપરાના વિસ્તરણ રૂપે નાસ્તિકવાદી વિચારનો ઉદ્ભવ અને વિકાસ એ ઉપર ઉલ્લેખિત વિચારપ્રવાહની તાર્કિક પરિણતિ હતી. જ્ઞાનપ્રકાશ યુગના સમયમાં નાસ્તિકવાદની ખુલ્લી રીતે હિમાયત કરવી બહુ સલાહભરેલું માનવામાં આવતું નહોતું. આ કારણસર તેમજ નાસ્તિકવાદી વિચારને નીંદનીય શબ્દ તરીકે વ્યાપક રીતે જોવાતો હોવાને કારણે વૉલ્તેરને બાદ કરતાં કેટલા ચિંતકો સાચા અર્થમાં નાસ્તિકવાદી વિચારના સમર્થકો હતા તેનો કયાસ કાઢવો મુશ્કેલ છે. સત્તરમી સદીમાં ટોમસ હૉબ્સનું નામ નાસ્તિકવાદી વિચાર સાથે સાંકળવામાં આવતું હતું અને કેટલાક વિદ્વાનો સ્પૅનિશ ચિંતક સ્પિનોઝાનું નામ પણ તેમાં મૂકે છે; પરંતુ તે મહદ્ અંશે સર્વેશ્વરવાદી હતો એવું પણ માનવામાં આવે છે. નાસ્તિકવાદ અનૈતિક વર્તનને જન્મ આપે છે અને તે કોઈ પણ સામાજિક વ્યવસ્થાના અસ્તિત્વ માટે ખતરારૂપ છે એવો ખયાલ તે સમયે સામાન્ય હતો. આમ છતાં ડહોલબાખ (D'holbach) નામનો ચિંતક ઈશ્વરના ખયાલનો પ્રખર વિરોધી હતો અને તેના મતે ઈશ્વરશ્રદ્ધાથી વધુ ભયંકર અને ખતરનાક બીજો કોઈ ખયાલ નહોતો. ઈશ્વરશ્રદ્ધાથી વધુ કોઈ ભ્રામક બાબત નહોતી અને મનુષ્યની અતૃપ્ત ઈચ્છાઓ જ તેના મૂળમાં હતી એવું તે સ્પષ્ટપણે માનતો હતો. તેણે એવી પણ દલીલ કરી કે અસલામતી - પછી તે કોઈ પણ પ્રકારની હોય અને તેનો સ્રોત કોઈ પણ હોય - ધર્મનાં નવાં નવાં સ્વરૂપોને જન્મ આપે છે. તે જ પ્રમાણે દિદેરો નાસ્તિકવાદી પરિકલ્પનાઓમાં રાચતો પણ સાથેસાથે એમ પણ માનતો હતો કે તેનો જમાનો નાસ્તિકવાદી વિચારને આક્રમક રીતે આગળ ધપાવવા માટે અનુકૂળ નહોતો.

અલબત્ત, નાસ્તિકવાદની સામે આ પ્રકારનો ઉદામવાદી વિરોધ એ કંઈ સામાન્ય બાબત નહોતી. છતાં અનુભવાતિતતા સામેનો વિરોધ ઉત્તરોત્તર પ્રભાવક બનતો જતો હતો અને લા મેત્રિ જેવાના મતાનુસાર જ્યાં સુધી વિશ્વ નાસ્તિકવાદી નહિ બને ત્યાં સુધી સુખી નહિ થાય અને ત્યાં સુધી ધર્મસંબંધી સંઘર્ષોનો પણ અંત નહિ આવે. જો નાસ્તિકવાદ પ્રસ્થાપિત થાય તો જ મનુષ્યમાં પડેલી સર્જનાત્મક શક્તિને બહાર આવવા માટે મોકળાશ અને અવકાશ ઊભાં થાય અને તો જ તે સાચા સુખનો અનુભવ કરી શકે.

પશ્ચિમી દાર્શનિક પરંપરામાં નાસ્તિકવાદનુ વિશિષ્ટ સ્થાન છે. જ્ઞાનપ્રકાશ યુગે અનેક વિચારપ્રવાહો અને વિચારશાખાઓને જન્મ આપ્યો. તેમાં નાસ્તિકવાદનો પણ સમાવેશ થાય છે. માર્ક્સનું પ્રખ્યાત વિધાન - 'ધર્મ એ દમનનો ભોગ બનેલાઓનો નિશ્વાસ છે. હૃદયહીન વિશ્વની લાગણી છે અને આત્માવિહીન સંજોગોનો આત્મા છે. ધર્મ એ લોકોને પિવડાવવામાં આવતું કેફી પીણું છે' - એ નાસ્તિકવાદી વિચારધારાની ચરમ સીમા છે. પરંતુ માર્ક્સના આ વિધાનની પ્રેરણા પાછળ જ્ઞાનપ્રકાશ યુગે ઊભી કરેલી ધાર્મિક સત્તા, અંધશ્રદ્ધા અને પરંપરા વગેરે વિરુદ્ધ આબોહવા અને તેના પુરોગામી ચિંતકોએ આપેલા વિચારોમાં પડેલી છે. વાસ્તવમાં હેગલવાદી વિચારધારાના જમણેરી અને ડાબેરી એવા બે ફાંટાઓ પડ્યા જેમાં પ્રથાકીય પરિવર્તનલક્ષી વામપંથી વિચારોમાં વિમુખતાનો ખયાલ મહત્ત્વનો છે.

હેગલ અને માર્ક્સને વૈચારિક રીતે જોડતી કડીમાં ફોયરબાખ અને મોઝિસ હેસ નામના બીજા બે મહત્ત્વના ચિંતકોનો સમાવેશ થાય છે. આ ત્રણે ચિંતકોના વિચારોનો પ્રભાવ માર્ક્સના ચિંતન પર સ્પષ્ટ રીતે વર્તાય છે. ઉદાહરણ તરીકે માર્ક્સે દ્વંદ્વાત્મકતા, વિમુખતા અને મિલકત અંગેના ખયાલો વિશે અનુક્રમે હેગલ, ફોયરબાખ અને મોઝિસમાંથી પ્રેરણા મેળવી છે. બીજું, ધર્મ અને ઈશ્વરવિમુખતાના સ્રોત છે એ ખ્યાલ જ્ઞાનપ્રકાશ યુગીન અનેક ચિંતકોના વિચારોમાં જુદીજુદી રીતે પડેલો છે, જેમાં અનેક ઉદામવાદી ચિંતકો જેવા કે કાર્લ માર્કસ, આર્થર શોપેનહાઉઅર અને ફ્રિડરીખ નિત્શે જેવાનો પણ સમાવેશ થાય છે. વિચારોને કાર્યાન્વિત કરનાર માધ્યમ તરીકે વિચારસરણીને નક્કર શબ્દદેહ આપવામાં વામપંથી હેગેલવાદીઓનો ફાળો સવિશેષ છે. ખાસ કરીને ફોયરબાખ અને માર્ક્સનો. તેનું સચોટ અને વેધક નિરૂપણ જર્મન ચિંતક ફોયરબાખમાં જોવા મળે છે.

લુડવિગ આન્દ્રિઆસ ફોયરબાખનો જન્મ ૧૮૦૪માં થયો હતો. ધાર્મિક મનોવિજ્ઞાનને સ્થાને દાર્શનિક ભૌતિકવાદ (philosophical materialism) મૂકવાનો યશ તેને જાય છે. બર્લિન અને એરલાન્ગેન વિશ્વવિદ્યાલયોમાં તેણે અભ્યાસ કર્યો અને પ્રખ્યાત જર્મન દાર્શનિક હેગેલનો તે વિદ્યાર્થી હતો. પરંતુ પોતાના વિચારો પરિપક્વ થતાં તેણે હેગેલના દાર્શનિક આદર્શવાદને સંપૂર્ણપણે નકાર્યો. ૧૮૩૦માં તેણે 'થૉટ્સ ઑન ડેથ ઍન્ડ ઈમ્મોર્ટાલિટી' નામનું પુસ્તક લખ્યું. આ પુસ્તકમાં શાશ્વત જીવન સાથે જોડાયેલા ખયાલોની ટીકા કરવામાં આવી. ૧૮૩૩માં તેણે 'હિસ્ટરી ઑફ મૉડર્ન ફિલૉસોફી : ફ્રોમ બેકન ટુ સ્પિનોઝા' નામનું પુસ્તક લખ્યું. પરંતુ તેનું સૌથી પ્રસિદ્ધ પુસ્તક 'ધ એસેન્સ ઑફ ક્રિસ્ટીઆનિટી' તેણે ૧૮૪૧માં લખ્યું. ધર્મની ટીકા તેનો મુખ્ય વિષય હતો. આ પુસ્તક દ્વારા તેણે એવું પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન

કર્યો કે લોકોની માનસિક જરૂરીઆતને સંતોષવાની તેની ક્ષમતા જ ધર્મના અસ્તિત્વને વાજબી ઠરાવે છે. ધર્મના સમર્થનમાં આ સિવાયની બીજી કોઈ પણ દલીલની દાર્શનિક કે અન્ય પ્રકારના આધારની હોઈ શકે નહિ. તેના મત પ્રમાણે લોકો અને તેમની ભૌતિક આવશ્યકતાઓ જ સામાજિક અને રાજકીય વિચારોનો આધાર હોઈ શકે. વ્યક્તિ અને તેનો દિમાગ તેના પર્યાવરણની નિપજ છે તેમજ તેની સમગ્ર ચેતના તેની જ્ઞાનેન્દ્રિયો અને બાહ્ય જગત વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે. બીજું, તેના મતે ફિલૉસોફીનું મુખ્ય કામ આલોચના કરવાનું હતું. એટલે કે વર્તમાનને ભૂતકાળથી મુક્ત કરવાનું. હેગેલના સૌથી મોટા ઉદ્દામવાદી અનુયાયી તરીકે ફોયરબાખ પોતાને માર્ટિન લુથર બીજા તરીકે ઓળખાવતો. તેના મત પ્રમાણે ધર્મને 'ડિમિથોલોજાઈઝ' (અલૌકિક કથાઓથી મુક્ત) કરવામાં આવે તો જ માનવી મુક્ત થઈ શકે. વિચારોનો ઇતિહાસ એ ઉત્તરોત્તર એક પ્રકારના મોહનિરસનનો ઇતિહાસ હતો. જો ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરને એક સંકીર્ણ દેવતામાંથી વૈશ્વિક અમૂર્તતામાં પરિવર્તિત કરવામાં આવ્યો હોય, તો વિમુખતાના ઉદ્દામવાદી સાધન દ્વારા આલોચનાનું કામ ઈશ્વરજ્ઞાન (theoilogy)ને સ્થાને નૃવંશશાસ્ત્ર (anthropology)ને મૂકવાનું અને ઈશ્વરને સ્થાને માનવીને મૂકવાનું હતું. ફિલૉસોફીને જીવન તરફ વાળવાની હતી, માનવીને 'અમૂર્તતાઓના ભૂત'ની પકડમાંથી મુક્ત કરવાનો હતો, તેને 'અલૌકિક'ની ચુંગાલમાંથી છોડાવવાનો હતો. ધર્મમાં શ્રદ્ધાને કારણે 'ખોટી ચેતના' (false consciousness) જ ઊભી થાય. 'સાચી ચેતના' કેવળ ફિલૉસોફીમાંથી જ ઉદ્‌ભવે. માટે ચેતનાના કેન્દ્રમાં ઈશ્વરને સ્થાને માનવીને મૂકીને ફોયરબાખે 'અનંતતા'ને 'સાંતતા'માં લાવવાનો પ્રયત્ન કર્યો. આ ચિંતન થોડી વિગતે જોઈએ :

માણસે ઈશ્વર વિશે વાસ્તવમાં જે કંઈ કહ્યું છે તે એક ગુહ્ય ભાષામાં તેની પોતાની જ વાત છે અને તેને પોતાને જ લાગુ પડે છે. જો ધર્મ વિશે મૂળ સત્ય ઉચ્ચારવામાં આવે તો સમજાશે કે તે નાસ્તિકવાદ જ છે અથવા તો માનવતાનો વિધેયાત્મક આગ્રહ છે.

આથી ઈશ્વરને માણસે આપ્યા હોય તે સિવાયના ગુણો હોઈ શકે નહિ. અને આ અર્પિત ગુણો તે વાસ્તવમાં જ રહેલાં ઉત્તમોત્તમ તત્ત્વોનો અર્ક છે. જેટલે અંશે આ ગુણોમાં તથ્યાંશ છે તેટલે અંશે તેમાં (ઈશ્વરમાં) તથ્યાંશ છે. ધર્મ આ સંબંધને ઉલટાવી નાખે છે. અને વાસ્તવમાં જે માનવીનું પોતાનું છે તેને ઈશ્વરનું નામ અને આકાર આપી, અર્પિત કરી, જે વાસ્તવમાં કેવળ માનવીય અને નક્કર છે તેને માનવી કરતાં ઘણું ઊંચું સ્થાન આપે છે. ધર્મ એ મનુષ્યનું તર્ક, લાગણીઓ અને મનુષ્ય તરીકેનું સ્વ-વિભાજન છે. તેની બુદ્ધિ અને ઊર્મિઓનું એક કાલ્પનિક 'દૈવીતત્ત્વ' પ્રત્યે 'ટ્રાન્સફરન્સ' થાય છે જેથી તેની એક આગવી સ્વતંત્રતા ઊભી થાય છે અને એ કારણથી તે મનુષ્ય પર દમન ગુજારે છે અને આધિપત્ય પણ ભોગવે છે. ધાર્મિક વિમુખતા એ કેવળ ભૂલ જ નથી પરંતુ મનુષ્યનું દારિદ્રય પણ છે, કેમકે તે મનુષ્યના સારા ગુણ લઈ લે છે અને ઈશ્વરને આપે છે.

ધર્મ જેટલે અંશે દેવી તત્ત્વને સમૃદ્ધ બનાવે છે તેટલે અંશે માનવીને સત્ત્વહીન બનાવે છે. લોહિયાળ બલિદાન તેનો ઉત્તમ દાખલો છે. માનવતાનું અપમાન થવું જ જોઈએ અને તેની ગરિમાનું હનન પણ થવું જ જોઈએ જેથી ઈશ્વરનો સાક્ષાત્કાર સોળે કળાએ ખીલે અને સુચારુ રૂપે નિખરે. જેને તે પોતાનામાં નકારે છે તે ઈશ્વરમાં છે જ તેવું મનુષ્ય દૃઢપણે માને છે. તે ઉપરાંત ધર્મ એક માનવીની બીજા માનવીઓ સાથે સંવાદિતા પૂર્વક રહેવાની શક્તિ કુંઠિત કરી નાખે છે કેમકે ધર્મ એક માનવીના બીજા માનવી માટેના પ્રેમને 'દૈવી તત્ત્વ'ની દિશામાં ધકેલે છે અને એ રીતે તેનું એટલે કે પ્રેમનું ધોવાણ થાય છે, એકતા અને પારસ્પરિકતાનો હ્રાસ થાય છે. દુન્યવી મૂલ્યોનું મહત્ત્વ ઓછું આંકવામાં આવે છે અને સામાજિક સંવાદિતા અને સમાનતાનું નિર્માણ અત્યંત મુશ્કેલ બને છે.

એટલે ધર્મને ઉથલાવવો એ સાચાં મૂલ્યોનો સાક્ષાત્કાર કરવા બરાબર છે. જે ક્ષણે લોકો એમ સમજશે કે ધર્મ પ્રત્યે આસક્તિ તેમની બાળબુદ્ધિની નિપજ છે ત્યારે તેઓ સાચા અર્થમાં માનવીય સમાજોનું નિર્માણ કરી શકશે. માનવી જ માનવીનો દેવ છે (homo homi ni deus). જો માણસનું તત્ત્વ એ માણસનું પરમ તત્ત્વ હોય તો માનવીનો માનવી પ્રત્યેનો પ્રેમ એ પ્રથમ અને સર્વોચ્ચ નિયમ અને કાર્ય છે.

આથી ફિલૉસોફીનું કામ પરિવર્તનશીલ આલોચના દ્વારા માનવીને તેના 'વિમુખાયેલા સ્વ'ને પાછો મેળવવાનું છે અને ભૌતિક વિશ્વને પ્રાથમિકતા આપવાનું છે. ધર્મનું સ્થાન માનવવાદે લેવું પડશે. જે પ્રેમ અત્યાર સુધી ઈશ્વર તરફ વહેતો હતો તે હવે માનવકેન્દ્રી થશે અને એ રીતે માનવજાતની એકતાની પુનઃ પ્રાપ્તિ થશે, માનવીની પોતાની પુનઃ પ્રાપ્તિ થશે. આથી માનવજાતનો અભ્યાસ 'વાસ્તવિક, ભૌતિક વિશ્વ'માં રહેતા 'વાસ્તવિક' માનવીથી થવો જોઈએ. વાસ્તવમાં માર્ક્સે પોતાની ડૉક્ટરલ થીસિસ સબમીટ કરી ત્યારે ફોયરબાખનું ઉલ્લેખિત પુસ્તક પ્રગટ થઈ ચૂક્યું હતું. ફોયરબાખના વિચારોની અસર એંગ્લ્સે આ શબ્દોમાં મૂકી છે : (હેગેલિઅન) ત્રાટક તૂટ્યું. 'રૂઢ વ્યવસ્થાને તોડીફોડીને એક બાજુએ ફેંકી દેવામાં આવી. ઉત્સાહ સાર્વત્રિક હતો. અમે સૌ રાતોરાત ફોયરબાખવાદીઓ બની ગયા').

(ક્રમશઃ)

સાહિત્યસંપર્ક

બે કવિઓને નરસિંહ મહેતા ઍવૉર્ડ

નિરંજન ભગત

ઈ.સ. ૧૯૫૮ પછી ભાગ્યે જ કવિતા લખનાર ઔદ્યોગિક નગરના સંતાન કવિ



નિરંજન ભગતને નરસિંહ મહેતા ઍવૉર્ડ એનાયત થાય છે એ ઘટના એમની કવિતાનું મૂલ્ય હજુ અસ્ત પામ્યું નથી તેનું પ્રમાણ છે. નિરંજન ભગત ઓછું પણ સત્ત્વશીલ લખનાર સર્જક છે. આથી અડધી સદી પછી પણ એ ગઈ કાલના નહીં, આજના કવિ રહ્યા છે. નિજી ભાવનો ભમરડો એમણે વારંવાર ફેરવ્યો નથી.

અમદાવાદમાં ૧૯૨૬ની અઢારમી મેના રોજ એમનો જન્મ. ત્યારે ઔદ્યોગિક ક્રાન્તિ આરંભાઈ ચૂકી હતી અને યંત્રયુગ બેસી ગયો હતો. પ્રારંભિક શિક્ષણ મ્યુનિસિપલ શાળામાં અને પછી પ્રોપ્રાયટરી અને નવચેતન હાઇ સ્કૂલમાં લીધું હતું. ઉચ્ચ શિક્ષણ લેવા મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. ત્યાંથી સ્નાતક થઈને અમદાવાદ આવ્યા અને અંગ્રેજી વિષય લઈને અનુસ્નાતક થઈને અંગ્રેજીના અધ્યાપક બન્યા. આજીવન શિક્ષણકાર્ય કર્યું. વૈષ્ણવ વાતાવરણ વચ્ચે ઊછરેલા નિરંજન ભગતના માનસ પર પહેલાં સંસ્કાર એ જ પડ્યા. 'પૂર્વાલાપ'ના વાચને એમની કાવ્યરુચિ કૉળી. ઉમાશંકર-સુંદરમ્‌ની કવિતાના વાચને એ રુચિ સંસ્કૃત બની. વળી રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'ના પઠને કાવ્યસર્જન પ્રતિ ગતિ થઈ. અંગ્રેજી અને બંગાળી ભાષામાં ગદ્યકાવ્ય-ગીતની રચના કરી. પરન્તુ પરભાષામાં કવિતા રચવી એ દુઃસાહસ સમજાતાં માતૃભાષા ગુજરાતીમાં જ કાવ્યસર્જન શરૂ કર્યું. બ.ક. ઠાકોર સાથે એમને ઘરોબો હતો. 'ભણકારા'ની અસર એમણે ઝીલી હતી. વળી વિશ્વકવિતાનો પરિચય થતાં રિલ્કે અને બૉદલેરનો પ્રભાવ ઝીલ્યો, જે એમની આધુનિક કવિતામાં જોવા મળે છે.

નિરંજન ભગતની પ્રારંભની કવિતા રોમૅન્ટિક અને પાછળની કવિતા આધુનિક એમ બે વિભાગમાં વહેંચાયેલી છે. એ પરંપરાને પકડીને આધુનિકતા તરફ વળ્યા છે. 'હરિવર મુજને હરી ગયો' કે 'મિલન મોરલી' જેવી રચનાઓમાં દયારામની કાવ્યધારાની છાયા વર્તાય છે. પરન્તુ પછી તરત જ નિરંજનની પોતાની મુદ્રા ઊપસી આવી છે. 'આષાઢ', 'ઘડીક સંગ' જેવાં ગીતોમાં રંગદર્શિતાનાં દર્શન થાય છે. સૉનેટ, મુક્તક અને ઊર્મિકાવ્યમાં એમની છંદની સફાઈ, લય, અપૂર્વ કલ્પના, સંવેદનની તાજગી અને સચોટ અભિવ્યક્તિ જોવા મળે છે. 'સંસ્મૃતિ'થી એમની કવિતાનો વળાંક છે. નગરજીવનની તાસીર વ્યક્ત કરતી કવિતા 'પ્રવાલદ્વીપ'માં છે. એ આધુનિકતાનું ગાન છે. મુંબઈ એમને મન 'આધુનિક અરણ્ય' છે. નગરજીવન સભ્યતાને એમણે છતી કરી છે. મનુષ્ય એનું અસ્તિત્વ ગુમાવી ચૂક્યો છે. એ હિંસક પશુ બનીને રખડી રહ્યો છે. 'પાત્રો' પ્રવાલદ્વીપનું જ નહીં, આધુનિક ગુજરાતી કવિતાનું વિશિષ્ટ કાવ્યગુચ્છ છે, જે ટી.એસ. એલિયટની 'વંધ્યભૂમિ' કે બૉદલેરની 'પૅરિસ દૃશ્યાવલી'ની કક્ષાનું છે. 'ગાયત્રી' એમનું મહત્ત્વાકાંક્ષી દીર્ઘકાવ્ય છે. કવિ માનવતાવાદી છે, તો વાસ્તવવાદી પણ છે જ. એમની સઘળી કવિતા 'છંદોલય બૃહત્‌' માં સંગૃહીત થયેલી છે.

કવિતા ઉપરાંત એમણે પ્રસંગોપાત્ત વિવેચનકાર્ય પણ કર્યું છે. એમની વિવેચના પ્રસ્તારયુક્ત છે. એ માંડીને વાત કરે છે. એમણે વિશ્વકવિ અને કવિતાની વાત કરી છે. 'કવિતાનું સંગીત', 'યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા', 'ન્હાનાલાલની ઊર્મિકવિતા' ઈત્યાદિમાં એમનું વિવેચનકર્મ જોવા મળે છે. હવે તો એમના ગદ્યલેખોના આઠ સંગ્રહો 'સ્વાધ્યાયલોક' એ નામે પ્રસિદ્ધ થયા છે.

નિરંજન ભગતે અનુવાદ દ્વારા અન્ય ભાષાની માતબર કૃતિ ગુજરાતીમાં ઉતારી છે. રવીન્દ્રનાથ ટાગોરકૃત ચિત્રાંગદાનો એમણે સરસ અનુવાદ કર્યો છે. કવિ ઓડેનના કાવ્યોનો અનુવાદ પણ કર્યો છે. એમણે 'બ.ક. ઠાકોર અધ્યયન ગ્રંથ'નું સંપાદન કર્યું છે. સુંદરમ્‌નાં કાવ્યોમાંથી એમને પ્રિય એવાં કાવ્યોનું 'કેટલાંક કાવ્યો' એ નામે સંપાદન કર્યું છે. પરિચય ટ્રસ્ટના 'સાહિત્ય' સામયિકનું સંપાદન પણ કરેલું. એમની કવિતાનું મૂલ્ય અવારનવાર પુરસ્કૃત થતું રહ્યું છે. એમને 'કુમાર ચંદ્રક', 'નર્મદ સુવર્ણચંદ્રક', 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત થયેલ છે તે એમની કવિપ્રતિભાની પુરસ્કૃતિ છે. ગુજરાતી કવિતાક્ષેત્રે નિરંજન ભગત એમની કવિતા થકી દીર્ઘકાળ લગી સ્મરણીય રહેશે. નગરના સંતાનની નગર સભ્યતાની કવિતા આપણી ભાષાનું સાચું ઘરેણું છે.

ઉશનસ્‌


ઓગણીસ વર્ષની વયે ૧૯૩૯માં 'કુમાર'માં જેમનું પ્રથમ કાવ્ય પ્રસિદ્ધ થયેલું તે નટવરલાલ કુબેરભાઈ પંડ્યા - ઉશનસ્‌-ને નરસિંહ મહેતા ઍવૉર્ડ મળે છે એ એમની કવિપ્રતિભાની એક વિશેષ પુરસ્કૃતિ છે. એ સતત કાવ્યસર્જન કરતા કવિ છે. ઉશનસ્‌ અનુગાંધીયુગના સમર્થ સર્જક છે. એમનો જન્મ ઈ.સ. ૧૯૨૦માં



વડોદરા જિલ્લાના સાવલી ગામમાં થયો હતો. બાલ્યકાળ ઉત્તરગુજરાતમાં પસાર કર્યો. ૧૯૩૮માં ડભોઈમાંથી

સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



હવે જીરવી નથી શકતો હું પંડિતના લવારાને,
કિનારા પર રહી ઉપદેશ આપે ડૂબનારાને.
-અનંતરાય ઠક્કર 'શાહબાઝ'



ચમનમાં અન્યને ના માન્ય હો ખુશ્બૂ ભલે મારી;
સ્વમાની ફૂલ છું, મારા સુધી તો હું સુવાસિત છું.
-નઝીર ભાતરી

મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. ઉચ્ચ શિક્ષણ વડોદરામાં લીધું. થોડોક સમય શિક્ષકની નોકરી કરી. 'નભોવાણી'ના તંત્રી પણ થયેલા. ૧૯૪૬માં નવસારી કૉલેજમાં અધ્યાપક બન્યા અને વલસાડની કૉલેજનું આચાર્યપદ શોભાવ્યું. આમ, લગભગ આજીવન શિક્ષણ સાથે જ અનુબંધ રહ્યો.

'પ્રસૂન' (૧૯૫૫)થી પ્રારંભાયેલી ઉશનસ્‌ની કાવ્યયાત્રા 'રૂપ-અરૂપ વચ્ચે' (૧૯૯૭) સુધી વિસ્તરેલી છે. પરન્તુ પૂર્ણ થઈ નથી, કેમ કે એ સતત પ્રવૃત્ત કવિ રહ્યા છે. વિપુલતા અને વૈવિધ્યતા એમની કવિતાનું લક્ષણ છે. સૉનેટ, ગીત, ગઝલ, પદ્યનાટક, દીર્ઘકાવ્ય, અછાંદસ, હાઈકુ એમ અનેક કાવ્યસ્વરૂપોમાં એમણે ખેડાણ કર્યું છે. પરન્તુ એમને પ્રિય તો સૉનેટ જ. જાણે કે એ જ એમનું સ્વરૂપ ! એમની કવિપ્રતિભાને માણવા-પ્રમાણવામાં સૉનેટ જ ખપ લાગે. છતાં ય પૂરા ઉત્સાહથી અન્ય કાવ્યસ્વરૂપોમાં સફળ રીતે કલમ ચલાવી છે. એ પૂર્ણ આવેગથી કાવ્યસર્જન કરે છે. સંવેદનાની ઉત્કટતા સૉનેટમાં પામી શકાય છે. સૉનેટ પછી ગીતમાં એમણે કલમ ચલાવી છે. અન્ય સમકાલીન ગીતકારોની તુલનાએ ઉશનસ્ ઝાંખા લાગે છે, છતાંય સૉનેટ પછી વિપુલ સંખ્યામાં એમણે ગીતોનું સર્જન કર્યું છે. એમનાં ગીતોમાંથી પસંદ કરાયેલાં ગીતોનો સંચય 'વેદના એ તો વેદ' નામે પ્રસિદ્ધ થયો છે. પદ્યનાટક અને અછાંદસ કાવ્યો એમનામાં રહેલા પ્રયોગપ્રિય કવિની ઓળખ આપે છે.

'મને બન્ને ખેંચે પ્રણય, પૃથ્વીનો રમણીનો' એમ ગાનાર ઉશનસ્‌ની વસુધાપ્રીતિ એમની કવિતાનો મૂળ સ્વર છે. આ વસુધાપ્રીતિ અર્થાત્ પ્રકૃતિપ્રીતિ. સાથે પ્રણય એમની કવિતામાં ભરપૂર છે. પણ ત્યાં જ પૂર્ણવિરામ નથી. રાષ્ટ્રપ્રીતિ પણ એમની કવિતાનો એક વિષય છે. વળી, પારિવારિક ભાવનાં કાવ્યોના સર્જનમાં ઉશનસ્ અદ્વિતીય છે. છંદ એમને સહજ છે, તો કલ્પન, અલંકાર અને

(અનુસંધાન પૃ. ૭૨૫)

ગુરુ બજુવાની બચપણની શાળા

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાની ઉંમર ચૌદ વર્ષની હતી, ત્યારની આ વાત છે. એ વખતે તેઓ સાતમા ધોરણમાં અભ્યાસ કરતા હતા. અભ્યાસમાં તેમનું ચિત્ત જરાય ચોંટે નહીં છતાં ઘરનાં બધાંને રાજી રાખવા તેઓ મને-કમને શાળાએ જતા, ને એકાદ-બે પીરિઅડ ભરી ચુપચાપ શાળામાંથી બહાર નીકળી જતા. વર્ગશિક્ષકે તેમને આ અંગે વારંવાર પૃચ્છા કરેલી, છતાં તેમણે સાહેબને કશો સ્પષ્ટ જવાબ આપેલો નહીં.

એક દિવસ સાહેબે તેમને ઠપકો આપતાં કહ્યું : 'તારે અહીં ભણવું જ ન હોય તો શાળા છોડીને ચાલ્યો જા.'

'આ શાળા તો મેં કેદુની છોડી દીધી છે, પણ પિતાજી મને ધક્કો મારે છે એટલે અહીં આવું છું.'

'પણ શાળા છોડીને તું ક્યાં જાય છે, એ તો કહે ?' માસ્તરે પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરતાં પૂછ્યું.

'જાઉં છું તો એક બીજી જ મને ગમતી શાળામાં. નામ આપવામાં સાર નથી.' બજુવાએ જવાબ આપ્યો.

'કેમ સાર નથી ? જરા નામ તો કહે...'

'પ્રિય વસ્તુનું નામ હૃદયમાં જ રહે એ બહેતર છે. એટલે એનું નામ હું મારા હોઠેથી તો નહીં જ ઉચ્ચારી શકું.' બજુવાએ સ્પષ્ટ જવાબ આપી દીધો.

સાહેબે બજુવાની વિરુદ્ધ તેમના પિતાને ફરિયાદ કરી. બંનેને એક જ વાતનું આશ્ચર્ય થતું હતું કે એ રોજ શાળા છોડીને ક્યાં જતો હશે અને બંનેએ શાળા છોડીને બજુવા ક્યાં જાય છે તેની તપાસ કરવાનું નક્કી કર્યું.

એક દિવસ બજુવા શાળા છોડીને બહાર આગળ વધવા લાગ્યા. ત્યારે છુપાતા-છુપાતા સાહેબ અને તેમના પિતા પણ તેમની પાછળ પાછળ, થોડી વાર પછી બજુવાને સ્મશાનના દરવાજામાં પ્રવેશતા જોઈ બંનેને આશ્ચર્ય થયું. સ્મશાનમાં પ્રવેશીને બંનેએ જોયું તો ચારસા ઉપર સળગતી એક લાશ સામે બજુવા આંખો મીંચી, હાથ જોડીને ચૂપચાપ ઊભા રહી ગયા હતા.

પિતાએ તેમને ઢંઢોળતાં પૂછ્યું : 'ત્યારે તું રોજ અહીં આવે છે, ખરુંને ?'

બજુવા આંખો ખોલતાં બોલ્યા : 'હા, આજ તો મારી સાચી શાળા છે.'

'એ તો કહે, અહીં તું શું શીખવા આવે છે ?' પિતાજીએ પૂછ્યું.

'શીખવા નહીં, પણ બધું જ શીખેલું અહીં ભૂલી જવા આવું છું.' બજુવાએ ધીમા અવાજે જવાબ આપ્યો.

સાહેબ તો તેમનો જવાબ સાંભળીને ખુશ ખુશ થઈ ગયા, ને પૂછ્યું : 'મને લાગે છે કે રોજ રોજ અહીં આવીને તું ઘણું બધું શીખી ગયો છે. તારા અહીંના અનુભવ વિશે થોડી વાત ન કરી શકે ?'

'બીજું તો હું અહીં કંઈ જ કરતો નથી. માત્ર સળગતી ચિતાને જોતો રહું છું, ને એ ચિતાના તાપથી મારા શરીરને પણ તપાવતો રહું છું. કહેવું હોય તો કહી શકાય કે બસ આ છે મારું તપ, જેના થકી હું શૂન્યતાનો – ક્ષણભંગુરતાનો સાક્ષાત્કાર કરતો રહું છું.' ને થોડી વાર મૌન રહીને તેમણે ઉમેર્યું, 'આ ચિતાનો તાપ જ મારા માટે જ્ઞાનનો પ્રકાશ બની ગયો છે !'

બજુવાની વૈરાગ્ય-જ્ઞાનનિષ્ઠા જોઈને સાહેબ તથા તેમના પિતાજીએ તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો 'તું તો બીજો શંકરાચાર્ય નીકળ્યો !'

તેમનો વાંસો થાબડતા સાહેબ બોલ્યા :' 'તું ખરેખર શૂન્યને સમજી ગયો છે, ને એટલે જ કહું છું તારી ઉંમર ચૌદ વર્ષની નહીં, પણ એક સો ચાલીસ વર્ષની કે તેથી પણ વધારે છે !'

હસતા હસતા બજુવા બોલી ઊઠ્યા : 'હજુ તો મારો જન્મ થઈ રહ્યો છે ને તમે મને એકસો ચાલીસ વર્ષનો વૃદ્ધ પણ બનાવી દીધો !' ને સ્મશાનમાં ચોતરફ ઊડી રહેલી ચિતાની રાખ સાહેબને બતાવતાં તેમણે ઉમેર્યું, 'મારા માટે તો આ જ છે જ્ઞાનનો ગુલાલ !'

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૭૨૪થી

પ્રતીક એમની કવિતામાં આગન્તુક લાગતાં નથી. ક્યારેક ચિંતન તો ક્યારેક આધ્યાત્મિકભાવ કવિતામાં ડોકાય છે. એમની અભિવ્યક્તિમાં સચોટતા અને ભાષામાં પ્રૌઢિ સાથે ઊંચી કલ્પનાશક્તિ જોવા મળે છે. પ્રાસાદિકતા એમની કવિતાનો ગુણ છે. 'વળાવી બા આવી' જેવી કાવ્યકૃતિ દીર્ઘકાળ લગી સાહિત્યમાં જીવન્ત રહેશે.

ઉશનસે યુરોપ, અમેરિકા અને કૅનૅડાનો પ્રવાસ કર્યો અને તેનાં ફળસ્વરૂપે 'પશ્ચિમી દેશોનો પ્રવાસ' જેવી પ્રવાસકથા મળી છે. એમણે 'સદ્માતાનો ખાંચો' નામક આત્મકથા પણ લખી છે. જયન્ત પાઠકનાં કાવ્યોનું સંપાદન પણ કર્યું છે. સર્જન સાથે વિવેચનમાં ઉશનસે ગતિ કરી છે. 'મૂલ્યાંકન' એમનો વિવચનગ્રંથ છે. 'કવિતા સર્જન અને ભાવન' એમનો વ્યાખ્યાન-સંગ્રહ છે. એમની કવિપ્રતિભા 'કુમારચન્દ્રક', 'નર્મદ સુવર્ણચન્દ્રક', 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'ન્હાનાલાલ પારિતોષિક', 'સાહિત્ય અકાદમી પુરસ્કાર', 'અરવિંદ સુવર્ણચંદ્રક', ઈત્યાદિ દ્વારા અવારનવાર પુરસ્કૃત પણ થતી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદનો પ્રમુખનો હોદ્દો પણ એમણે શોભાવ્યો છે.

વિકાસોન્મુખ આ સર્જકનું સન્માન એ પરોક્ષ રીતે ગુજરાતી કવિતાનું સમ્માન છે. આથી જ આ ઘટના આનંદપ્રદ બની રહે છે.

-પ્રફુલ્લ રાવલ

કલાવાર્તા

અવિનાશ ઠાકર


૧૯૫૫માં રાજકોટમાં જન્મેલા અવિનાશ ઠાકરે નાનપણથી જ તેમના જાણીતા કલાકાર પિતાશ્રી સનત ઠાકર તથા નિકટના સંબંધી મનહર મકવાણા



પાસે કલાના સંસ્કારો પ્રાપ્ત કર્યા. તેઓ આર્ટ્સ ગ્રેજ્યુએટ છે. છેલ્લાં પાંચ વર્ષથી સુખ્યાત કલાકાર વૃંદાવન સોલંકી પાસે તેઓ સર્જનાત્મક કલાની પ્રેરણા તથા માર્ગદર્શન મેળવી રહ્યા છે. ૧૯૭૦થી ૧૯૯૯ સુધીમાં તેમણે ભારતમાં તથા ભારતની બહાર ભરાયેલાં ગ્રૂપ શોમાં




જેસલમેરની ગલી : પેન્ક ડ્રોઇંગ.
(ચિત્રકાર : અશ્વિન ઠાકર)



મકાનોની ભાતીગળ ડિઝાઇન (ચિત્રકાર : અશ્વિન ઠાકર

ભાગ લીધો છે. રિલાયન્સ દ્વારા યોજાતા 'હાર્મનિ' નામના ગ્રૂપ પ્રદર્શનમાં પણ તેમનાં ચિત્રો પસંદગી પામ્યાં. ૧૯૯૯માં મુંબઈની ગૅલરી લીલામાં તેમનું વૈયક્તિક પ્રદર્શન યોજાયું. ૧૯૫૯થી ૨૦૦૦ સુધીમાં તેમને વિવિધ સ્થળોનાં અગત્યનાં પ્રદર્શનોમાં ઇનામો મળ્યાં છે. વળી, ફોટોગ્રાફીમાં પણ ઊંડો રસ ધરાવતા હોઈ તેમને ૨૦૦૦ની સાલમાં ગુજરાત લલિતા કલા અકાદમીના પ્રદર્શનમાં તેમની તસવીર માટે તેમને ઈનામ મળ્યું. તે પૂર્વે ૧૯૯૭માં મુંબઈની કલાગુર્જરી દ્વારા તસવીરકલા માટે ઈનામ મેળવ્યું. તેમનાં ચિત્રો ભારતની જાણીતી સંસ્થાઓમાં સંગ્રહાયાં છે. તથા અમેરિકામાં ગૅલરી ફ્રિમોન્ટમાં પણ તેમનું ચિત્ર સંગ્રહાયું છે. તેમની પુત્રી ઈશા પણ એક આશાસ્પદ



'ડાકોર' અમૂર્ત કક્ષાનુ ડ્રોઇંગ
(ચિત્રકાર : અશ્વિન ઠાકર)

કલાકાર તરીકે બહાર આવી રહી છે.

અવિનાશ ઠાકરનાં તાજેતરનાં ચિત્રો સ્થળકીય દૃશ્યચિત્રો તથા શેરીઓનાં પરિપ્રેક્ષ્ય દર્શાવતાં ધ્યાનપાત્ર ચિત્રો છે. એક્રેલિક માધ્યમમાં સર્જાયેલાં આ દૃશ્યચિત્રોમાં તેમણે તૈલરંગોની અસરો ઉત્પન્ન કરી છે, કારણ કે જૂનાં ગ્રામ મકાનોની ભીંતો તથા જમીનમાં તેમણે ખરબચડું પોત રંગો દ્વારા સર્જ્યું છે તે સ્થળનું વાતાવરણ તો તેઓ દર્શાવી શક્યા છે, પણ તેમાં છાયા-પ્રકાશની અદ્ભુત અને નિગૂઢ લીલા દ્વારા તેઓ આ ચિત્રોને અધિવાસ્તવિક કક્ષાએ પહોંચાડી શક્યા છે. (જુઓ આ અંકના પૂઠા પરનું ચિત્ર) એમ લાગે છે કે અવિનાશ મહાન ચિત્રકાર રેમ્બ્રાનાં ચિત્રોમાં જોવા મળતા 'કિયરાસ્કયુરો' - છાયાપ્રકાશની કલાત્મક રીતે પ્રયોજાયેલી ટૅક્નિકથી પ્રભાવિત છે. તેમના ગુરુ સુખ્યાત ચિત્રકાર વૃંદાવન સોલંકીનાં ચિત્રો તથા ડ્રોઈંગ્સમાં પણ આ પ્રકારની છાયાપ્રકાશની અસરો કલાત્મક રીતે, અવિનાશનાં 'જૂનું ગ્રામ મકાન માયા ભુસાના ડેલાનાં પગથિયાં, જેવાં શીર્ષકવાળાં ચિત્રોમાં પરિપ્રેક્ષ્ય વસ્તુઓનું નિજી પોતદર્શન' વાતાવરણસર્જન, છાયાપ્રકાશની નિગૂઢ લીલા ખાસ નોંધપાત્ર તત્ત્વો છે. છતાં આ તત્ત્વો આ ચિત્રોને કેવળ વાસ્તવદર્શી ચિત્રો કે એકેડેમિક મનોયત્નો બનાવવાને બદલે તેમને અતિક્રમી અધિવાસ્તવવાદી સ્થળચિત્રોની કક્ષાએ પહોંચાડે છે. તેમનું


ઇનામવિજેતા ચિત્ર 'રૂફ ટૉપ્સ' (મકાનોનાં છાપરાંવાળા ભાગો દર્શાવતું) ભૌમિતિક આકારોનું લયબદ્ધ અને છાયાપ્રકાશમય છે તથા તેમાં એક્રેલિક રંગોની પોતયુક્ત રંગાવટ પણ ધ્યાનપાત્ર છે. ટૂંકમાં આ ચિત્રો આકારો, રંગો, ડિઝાઈન, છાયા-પ્રકાશ તથા વિવિધ પોતનું સમન્વયાત્મક સૌંદર્ય સર્જે છે અને પ્રેક્ષકોને સૌંદર્યલક્ષી સંતપર્ક અનુભવ પણ કરાવે છે. તેમનું ૧૯૯૮નું 'ગ્રામ આંગણ' ચિત્ર એક્રેલિક રંગોમાં કેનવાસ પર શૈલીગત ગ્રામિણ મકાનોના આકારોને તથા બહારના આંગણને પ્રકાશ-છાયાની ટેક્નિકમાં આલેખે છે. ભાતીગળ સંસ્કૃતિની યાદ આપતી લોકકલા પણ મકાનોની ભીંત પર જોવા મળે છે. -બંસીલાલ દલાલ

કલાવૃત્ત


દીપિકા પટેલ અને સીમા રાવતની ચિત્રસૃષ્ટિ

દીપિકા પટેલ અને સીમા રાવતે ડ્રૉઈંગ અને ચિત્રકલામાં ડિપ્લોમા મેળવ્યો છે. ઉભયે ગ્રૂપ પ્રદર્શનોમાં અને કલાશિબિરોમાં ભાગ લીધો છે. બંને હાલમાં 'પિકઝેલ ક્રાફ્ટ'માં તેમની સેવાઓ આપી રહ્યાં છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ સર્જનાત્મક ચિત્રકલા તરફ વળ્યાં છે અને તેમાં નોંધપાત્ર કાર્ય કરી રહ્યાં છે. સાચા અર્થમાં તેઓ આશાસ્પદ અને ઉત્સાહી યુવા સ્ત્રીકલાકારો છે.

સીમા રાવતમાં ભાવાત્મક કાચ-ચિત્રો આકૃતિપ્રધાન શૈલીમાં છે. તેમાં તેમણે માનવીય આકૃતિઓને પુષ્પો, વૃક્ષો, પક્ષીઓ જેવાં કુદરતી તત્ત્વોના સંબંધમાં નિરૂપી છે. તે દ્વારા તેઓ પ્રેમ, શાંતિ, નૈરાશ્ય, મનોગૂંચ, સારપ અને દુરિતને એક જ વ્યક્તિમાં અને સમગ્ર કૌટુંબિક જીવનમાં એક રમતરૂપે અભિવ્યક્ત કરે છે. તેમનાં બધાં જ કાચ-ચિત્રોમાં મનોવૈજ્ઞાનિક ઊંડાણ છે અને કેટલાંક ચિત્રો તો તેમનાં સેલ્ફ-પોર્ટ્રેટ બન્યાં છે. તેમના રંગોમાં પ્રવાહિતા છે. તેમની રંગ યોજના તેમની વિવિધ મનોસ્થિતિ તથા લાગણીઓની અભિવ્યક્તિ જોડે સુમેળ સાધે છે.



મનની શાંતિ - કાવ્ય-ચિત્ર : સીમા રાવત



'સ્ટિલ લાઇફ' કોલાજ ચિત્ર : દીપિકા પટેલ

દીપિકા પટેલનાં સર્જનાત્મક સ્ટિલ લાઈફ કૉલાજ ચિત્રો હૅન્ડ મેડ પેપર પર પ્રિન્ટેડ કપડાના ટુકડાઓ તથા રંગીન પેન્સિલો દ્વારા સંરચનાબદ્ધ થયાં છે. તેમાં કપડાનું પોતવૈવિધ્ય તથા ડિઝાઈનો પણ ખાસ ધ્યાન ખેંચે છે અને આપણને સ્પર્શગમ્ય લાગણી કરાવે છે. બાટલીઓ, માટલાં તથા બરણીઓનાં વિવિધ રૂપાં એકબીજાં પર પડેલાં તથા એકબીજાંની પાછળ મુકાયેલાં જોઈ શકાય છે. તેમનાં ચિત્રોમાં તેમણે રંગોની મનોહર સંવાદિતા સર્જી છે અને ટપકાં રેખાઓ, પુષ્પોની વિવિધ બ્લૉક પ્રિન્ટ તથા ટાઈ ઍન્ડ ડાઈના ટુકડાઓના કલાત્મક વિનિયોગ દ્વારા તેમણે આકર્ષક, ભૌમિતિક આકારોવાળી અને કેટલીક વાર અમૂર્તતા તરફ ઢળતી સંરચનાઓ તૈયાર કરી છે. જાણીબૂઝીને તેમણે આકારો, રંગો અને પોતસર્જનમાં સ્વતંત્રતા લીધી છે. તેથી જ રસપ્રદ, આકર્ષક સ્ટિલ લાઈફ કૉલાજ સંરચનાઓ નિષ્પન્ન થઈ છે. તેમણે ચિત્રોમાં પ્રકાશ અને છાયાનાં રૂપોનું સમતોલન સાધ્યું છે. સાધનિક શૈલીમાં સુશોભનાત્મક પ્રિન્ટેડ ડિઝાઈનનો સર્જનાત્મક વિનિયોગ અનુ-આધુનિક શૈલીનો છે.

મોલિના ખિમાનીની ચિત્રસૃષ્ટિ

ગુજરાતના સુખ્યાત તસવીરકાર હેમેન્દ્ર શાહનાં સુપુત્રી અને વડોદરાના જાણીતા ચિત્રકાર યુનુસ ખિમાનીનાં ધર્મપત્ની મોલિનાનો ૧૯૬૩માં જન્મ. આમ તો બી.કૉમ.ની ડિગ્રી ધરાવતી મોલિનાએ ભરતનાટ્યમ્‌માં સંગીત વિશારદની ઉપાધિ મેળવી છે તથા દોઢ મહિનાનો તસવીરકલાનો કોર્સ પણ કર્યો



કલ્પનામય પ્રાણી : મોલિના ખિમાની

કંકાવટી

છે. કલાકાર પતિના સાંનિધ્યમાં નાનપણથી જાગૃત થયેલો ચિત્રકલાનો શોખ પાંગર્યો અને તેને સર્જનાત્મક યોગ્ય દિશા મળી. તેનાં ચિત્રોનાં પ્રદર્શનો મુંબઈ, વડોદરા અને અમદાવાદની ગૅલરીઓમાં યોજાયાં છે. ખાસ તો વડોદરાની બાલભવન સોસાયટીમાં ૧૯૯૪થી ૧૯૯૮ સુધી તેમણે કલા અને નૃત્યનાં શિક્ષિકા તરીકે જે સેવાઓ આપી તે દરમ્યાનના બાલચિત્રકલાના સંસ્કારો તેમનાં ચિત્રો ઝીલે છે, કારણ કે તેમનાં ચિત્રોમાં બાલસુલભ નિર્દોષતા, સ્વાભાવિકતા તથા કુતૂહલ છે. તે એક હેન્રી રુસો જેવા નિર્દોષ, અશિક્ષિત (ચિત્રકલામાં) કલાકારની માફક તેમનાં જલરંગો ડ્રાઈ પેસ્ટલના માધ્યમમાં એલિસ ઈન વન્ડરલૅન્ડની અજાયબ સૃષ્ટિની યાદ આપતી કે હાન્સ ઍન્ડરસનની પરીકથાઓના કાલ્પનિક જગતની યાદ આપતી નિજી અભિવ્યક્તિવાળી અલૌકિક સૃષ્ટિ રચે છે. આ સૃષ્ટિમાં ઍકેડેમિક કલાને અપેક્ષિત નિયમોનો ભાર નથી અને તેની અપેક્ષા કરવી પણ વ્યર્થ છે. જે છે તે સ્વતંત્ર, ધબકતું, લયબદ્ધ ફૅન્ટેસ્ટિક (કલ્પનામય) પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિનું રૂપાંતર પામેલું અદ્દ્ભુત, સુંદર, મનોહર, ભારરહિત, પારદર્શી રંગો અને આકારોવાળું અલૌકિક, આગવું વિશ્વ છે. તેમાં દૃશ્યકાવ્ય છે તો રંગો-આકારોનું સંગીત અને નર્તન પણ છે. આ ચિત્રો ખરેખર એક અવિસ્મરણીય નાવીન્ય અને તાજગીભર્યો દૃશ્યજગતનો કાવ્યમય અનુભવ કરાવે છે. -બંસીલાલ દલાલ

સમુદ્ર તરવાનો નવો વિશ્વવિક્રમ સ્થાપનાર કુ. વર્ષા કેડિયા

મહારાષ્ટ્ર રાજ્યના અમરાવતી નગરની કુ. વર્ષા કેડિયા નામની યુવતીએ ઈ.સ. ૧૯૮૮માં મોરક્કોથી જિબ્રાલ્ટર સુધીનું ભૂમધ્ય સમુદ્રનું ૨૨ કિલોમીટરનું અંતર સતત વિનાવિરામ ૩ કલાક ને ૫૦ મિનિટમાં તરીને તેની અગાઉનો મારિયા રૂસી નામની યુવતીનો એ અંતર ૩ કલાક ને ૫૨ મિનિટમાં તર્યાનો વિશ્વવિક્રમ તોડીને ભારતનું ગૌરવ વધાર્યું છે. આ વિશ્વવિક્રમ તોડવા બદલ તેને Rock of Gibralterનું



ગૌરવપ્રદ બિરુદ આપવામાં આવ્યું છે.

આવી અનન્ય સિદ્ધિ હાંસલ કર્યા પછીય તેણે સંતોષ ન માનતાં ઈંગ્લિશ ચૅનલનું અંતર ૧૭ કલાક ને ૨૧ મિનિટમાં તરીને કાપી બતાવ્યું હતું. આ કામ માઈક રીડ ૩૨ વાર પ્રયત્ન કર્યા છતાં જે ન કરી શક્યો તે અમરાવતીની આ યુવતીએ પોતાની ૧૭ વર્ષની વયે કરી બતાવ્યું હતું. ફ્રાંસ ને ઈંગ્લંડ વચ્ચેની આ ઈંગ્લિશ ચૅનલ તેણે ગઈ ૨૫ સપ્ટેમ્બરના રોજ પાંચ વાગે તરી બતાવી હતી. હજુ તે વધુ સિદ્ધિરૂપે શ્રીલંકા ને ભારત વચ્ચેના સમુદ્રનું ૪૨ કિલોમીટરનું અંતર ઓછા સમયમાં તરી બતાવીને વિશ્વવિક્રમ સ્થાપવા ઈચ્છે છે. તેની આ ઉપલબ્ધિ પાછળ તેનો સતત દશ વર્ષનો સખત પુરુષાર્થ રહેલો છે. અમરાવતીના હનુમાન વ્યાયામ પ્રસારક મંડળમાં ટૉમી જોસની દોરવણી હેઠળ તેણે પોતાના કૉલેજકાળમાં તાલીમ લીધી હતી. એના પિતા કિશોર કેડિયાએ પોતાની પૌત્રીને સુવિધા મળે તે માટે તરવાના હોજ પાસે પોતાનું ઘર બંધાવ્યું હતું. આમ, તેમની ઈચ્છા બર આવવા પામી. વર્ષાને રાજ્ય કક્ષાનાં તથા રાષ્ટ્રિય સ્તરનાં ઘણાં ઈનામો પ્રાપ્ત થયાં છે. આ અગાઉ તેણે ગેટ વે ઑફ ઈન્ડિયાથી મુંબઈ સુધીના સમુદ્રનું નવ કિલોમીટરનું અંતર ૧૯૯૬માં ઓછા સમયમાં તરી બતાવેલું. એ પછી ૧૯૯૭માં ધરમતાહથી ગેટ વે ઑફ ઈન્ડિયાના સમુદ્રનું ૩૬ કિલોમીટરનું અંતર અલ્પ કાળમાં તરી બતાવ્યું ને ત્યારબાદ ૧૯૯૯માં ઝૂરિચ સરોવરમાં ૨૬ કિલોમીટર અંતર ૧૦ કલાક ને ૪ મિનિટમાં તરી બતાવ્યું છે. આ સિદ્ધિઓ પછી રાજુ પાલેકર નામના કોચ પાસે માર્ગદર્શન ને તાલીમ પ્રાપ્ત કરી તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ પાંચ વાગ્યે ઈંગ્લિશ ચૅનલ છ કલાકમાં તેણે તરી બતાવી. તે વખતે દરિયાઈ પાણીનું ઉષ્ણતામાન ૧૩થી ૧૪ ડિગ્રી સેલ્સ્યસ એટલે ૫૭.૨ અંશ ફેરનહીટ હતું. આ રીતે તેણે પોતાનાં પુરોગામી તરવૈયાઓ મિહિર સેન, અનીતા સૂદ, આરતી સાહા અને આરતી પ્રધાનનો વિક્રમ તોડીને નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે. અમરાવતીના માજી નગરપતિ ઉમરલાલ કેડિયાની પૌત્રી તથા પિતા કિશોર કેડિયા ને માતા ઉમા કેડિયાના જેવું દૃઢ મનોબળ ને ઉમદા સંસ્કાર ધરાવતી કુ. વર્ષાએ પોતાના વતન મહારાષ્ટ્રને તથા ભારતને ગૌરવાન્વિત કર્યું છે. -ડૉ. ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'

વાળની સંભાળ

અત્યારે સવારે વધુ ઠંડી લાગે છે તેથી ત્વચાની સાથે વાળની સંભાળ જરૂરી છે. આ સીઝનમાં વાળ વધારે સૂકા થઈ જાય છે. શિયાળામાં વાળમાં તેલ લગાવવાથી રાહત થાય છે. તે ઉપરાંત તમે નીચે જણાવેલ હેરપેક વાપરી શકો છો.

દહીંને બરાબર ફીણી તેમાં ચાર-પાંચ ચમચી મધ નાખી આ મિશ્રણને વાળમાં લગાવી દસ મિનિટ બાદ વાળ ધોઈ નાખો. કોરા થવા દો. પછી હૂંફાળા તેલનો વાળમાં મસાજ કરવો. ત્યાર બાદ બીજે દિવસે માઈલ્ડ શેમ્પૂથી ધોઈ નાખો. (સંદેશ)

બિશનુપુર
(દેશાટન-૩૪)



પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લાનું આ સુંદર શહેર કોલકાતાની દક્ષિણ-પશ્ચિમે લગભગ ૧૫૦ કિ.મી. દૂર આવેલું છે. બિશનુપુરને 'પૂર્વ ભારતની મંદિરોની નગરી' એ બિરુદથી ગિનેશ બુકમાં નવાજ્યું છે. પશ્ચિમ બંગાળનાં બાંકુરા, મિદનાપુર, બર્દવાન, ઝારખંડ, છોટા નાગપુર અને સંથાલ પરગણાં મળીને બનેલું બિશનુપુર પ્રાચીન મલ્લભૂમિની રાજધાની હતું, તેનો લેખિત ઈતિહાસ ઈ.સ. ૬૯૫ સુધી મળે છે. આ આખો પ્રદેશ ઐતિહાસિક સ્થાપત્યોથી ભરપૂર છે.

બિશનુપુરનું વિશિષ્ટ આકર્ષણ 'યોગેશચન્દ્ર સંગ્રહાલય' છે, જેમાં આદિ માનવ દ્વારા બનાવેલાં પથ્થરનાં ઓજાર, અગ્નિ પ્રગટાવવાનો ચકમક પથ્થર, કુલડિયાં તેમજ પાષાણયુગનાં અસ્ત્રશસ્ત્રથી માંડી હજારો વર્ષો જૂની કાર્નેલિયન, મણિ અને સુલેમાનીનાં આભૂષણો બહુ સારી રીતે સચવાએલાં છે. બિશનુપુરની આજુબાજુ વસતી પ્રજાને દેશની પ્રાચીન પ્રજા માનવામાં આવે છે. એ પ્રજાએ કલા કૃતિઓનું નવું સર્જન કર્યું છે જેને વિશ્વખ્યાત 'બાંકુરા મિટ્ટી મૂર્તિકલા' કહેવાય છે. એ શૈલીમાં તૈયાર થયેલા 'બાંકુરાના ઘોડા' ભારતીય ગૃહઉદ્યોગની ઝાંખી કરાવે છે.

બિશનુપુરની આસપાસ ૧૬મી ૧૭મી સદીમાં બનેલાં કેટલાંય મંદિરો હયાત છે. એમાંનાં કેટલાંક 'મિટ્ટી મૂર્તિકલા'નાં સર્વશ્રેષ્ઠ નમૂનાં છે. ઈ. ૧૫૮૭માં મલ્લરાજ વીર હમીર દ્વારા નિર્મિત રસમાન્ચા મંદિર તથા ૧૬૪૩માં મલ્લરાજ રઘુનાથસિંહ દ્વિતીય દ્વારા નિર્મિત શ્યામરાય મંદિર મુખ્ય છે. સ્થાનિક વણકરો દ્વારા વણાએલી 'બાલૂચારી સાડીઓ' વિખ્યાત છે. સાડી પર પૂરી એક વાર્તા ચિત્રિત કરેલી હોય છે. બિશનુપુર સંગીતપરંપરા માટે પણ પ્રખ્યાત છે. બિશનુપુર જવા માટે ઠંડીની મોસમ વધુ અનુકૂળ છે.

('યોગક્ષેમ'ને આધારે)



ચાલી ગઈ વરસીને હમણાં જ વર્ષા
છાંટી ધીરે ઝરમરો, ધરતી અફાળી
જાગી ઊઠી : ઠરી ગઈ ધૂળ આસપાસ,
ને વાદળાં ગગનના પટમાં છવાયાં.

('પદ્મનિદ્રા'માંથી) -રામચન્દ્ર પટેલ

જગન્નાથ અહિવાસીની જન્મશતાબ્દી

જેમનાં ચિત્રો દેશ-વિદેશનાં સંગ્રહાલયોમાં જોવા મળે છે એવા નામાંકિત કલાકાર, ઉમદા કલામીમાંસક અને આદર્શ કલાગુરુ જગન્નાથ અહિવાસીનો જન્મ એક સૈકા પૂર્વે ૧૯૦૧માં ગોકુલ (ઉત્તરપ્રદેશ) પાસેના એક ગામમાં થયો હતો. ૧૯૨૨માં મુંબઈની સર જમશેદજી જીજીભોય કલાશાળા (જે.જે. સ્કૂલ ઑફ આર્ટ)માં જોડાઈ કલાઅભ્યાસ કરતાં આગળ આવેલા. આ દરમ્યાન એમને મેયો ચંદ્રક, બૉમ્બે આર્ટ સોસાયટીનો સુવર્ણચંદ્ર અને બીજાં અનેક પારિતોષિકો મળ્યાં.

૧૯૩૧માં તેઓ મુંબઈની ઉક્ત આર્ટ સ્કૂલમાં ફેલો તરીકે નિમાયા. તેમના પ્રયત્નોથી આ કલાશાળામાં ભારતીય ચિત્રકલાનો સ્વતંત્ર વિભાગ શરૂ થયો. ૧૯૩૫માં



એમને ગ્લેડસ્ટન એવૉર્ડ મળ્યો. ભારતીય લઘુ ચિત્રશૈલીનો અને બંગાળના 'શાન્તિ નિકેતન' કલાકાર્યનો એમના પર ખૂબ પ્રભાવ હતો. તેમની દ્વિમિતિયુકત સપાટ ચિત્રશૈલીમાં આલંકારિક તત્ત્વોના લીધે ચિત્રો વધુ લોકભોગ્ય બન્યાં. કળાક્ષેત્રે શ્રી અહિવાસીની વિશિષ્ટ સેવાઓ બદલ ૧૯૬૬માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ બહુમાન કરેલું. લખનઊ મ્યૂઝીઅમ, પ્રિન્સ ઑફ મ્યૂઝીઅમ (મુંબઈ), ભારત કલાભવન (વારાણસી), નૅશનલ મ્યૂઝીઅમ (દિલ્હી) વગેરે સંગ્રહસ્થાનોમાં તેમજ ઈંગ્લંડનાં મહારાણી, સર લેસ્લી વિલ્સન, પતિયાળાના મહારાજા વગેરે જેવી હસ્તિઓનાં સંગ્રહોમાં પણ એમની ચિત્રકૃતિઓ સચવાયેલી છે. એમની પરિપાટીમાં જે કેટલાક શિષ્યો તૈયાર થયા તેમાં યજ્ઞેશ્વર શુક્લ, વાસુદેવ સ્માર્ત, રસિકલાલ પરીખ વગેરેનો સમાવેશ થાય છે. આ મહાન ચિત્રકારનું ૧૯૭૩માં અવસાન થયું. 'કુમાર'ના વાચકો એમની કલાપ્રસાદીથી સુજ્ઞાત છે.

-ભરત'કુમાર' પ્રા. ઠાકર

ભારતની વિવિધ પ્રકારની ગાય

ભારતના વિવિધ પ્રદેશોમાં ભૌગોલિક પરિસ્થિતિ, ઘાસચારા આદિની સ્થિતિ તથા આબોહવા અનુસાર ગાયોના પ્રકાર તથા એમની વિશેષતાઓ જોઈએ :

અમૃતમહાલ ગાય : આ ગાય મૈસૂર રાજ્યમાં થાય છે અને તે રાખોડી રંગની

હોય છે. *હલ્લીકર ગાય :* મૈસૂર રાજ્યની આ ગાય દૂધ વધારે આપે છે અને તે લાંબા શિંગડાં ધરાવે છે. *કંગાયમ ગાય :* કોઈમ્બતુરની આસપાસના પ્રદેશની આ ગાયનું પૂંછડું લાંબું હોય છે તથા તે દસથી બાર વરસ સુધી દૂધ આપે છે, પણ દૂધનું પ્રમાણ ઓછું હોય છે. *ખિલ્લારી ગાય :* ટૂંકાં પૂંછડાવાળી આ ગાયની ગરદન નીચેની ઝાલર-ગોદડી ખૂબ મોટી હોય છે. *કૃષ્ણાવેલી ગાય :* કૃષ્ણા નદીના આસપાસના વિસ્તારમાં થતી આ ગાય સારા પ્રમાણમાં દૂધ આપે છે. *બરગૂર ગાય :* કોઈમ્બતુર પાસેના બરગૂર પર્વતના પ્રદેશની આ ગાય પર કાબૂ રાખવાનું અઘરું છે અને તે દૂધ પણ ઓછું આપે છે. *આલમબાદી ગાય :* આ ગાય દૂધ ઓછું આપે છે. મૈસૂર પ્રદેશની આ ગાયના વાછરડામાંથી થતા બળદ ભારે પરિશ્રમ કરી શકે છે.

ગિર ગાય : મુખ્યત્વે બદામી રંગની હોય છે. તે ઠંડીગરમી સારા પ્રમાણમાં સહી શકે છે. પાળવામાં આવે ત્યારે તે ખૂબ નમ્ર તથા પ્રેમાળ બની રહે છે. એનો વંશ સારા પોષણથી તથા સાચવણીથી જો સુધારવામાં આવે તો તે દરરોજ પચાસ લિટર સુધી દૂધ આપી શકે છે. બ્રાઝિલમાં આ ગાય લાખોની સંખ્યામાં છે અને તેના નંદિ હજારોની સંખ્યામાં છે. ત્યાંના સિક્કા પર આ ગાયની આકૃતિ અંકિત કરેલી છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં આ ગાય મોટી સંખ્યામાં છે. 'ગિર ગાય'નું ઉદ્ભવસ્થાન ભારતના કિનારા પર ગુજરાત રાજ્યનાં (સૌરાષ્ટ્રનાં) જંગલોમાં છે અને ત્યાંથી આ ગાય નજીકના મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પ્રસરેલી છે. વિશિષ્ટ દેખાવ ધરાવતી આ ગાયનું કપાળ આગળ પડતું સામાન્ય ગોળ, લાંબા લટકતા કાન, પાછળ વળેલ શિંગડાં આંટા લઈ ઊંચાં વળેલાં હોય છે. ગિરની ગાય ડેરી માટે ઉત્તમ છે. તેનો ઉપયોગ સ્થાનિક જાતિની ગાય, સહીવાલ તથા સિંધી ગાયની વંશસુધારણા માટે થાય છે. ગિર ગાયની નિકાસ શ્રીલંકા, ઑસ્ટ્રેલિયા, ઉત્તર તથા દક્ષિણ અમેરિકા ખાતે થાય છે.

ગિર ગાયનું સરાસરી વજન ૩૮૫ કિલોગ્રામ તથા ઊંચાઈ ૧૩૦ સે.મી. હોય છે જ્યારે નંદિનું વજન ૫૪૫ કિલોગ્રામ તથા ઊંચાઈ ૧૩૫ સેન્ટિમીટર હોય છે. એક વાર દૂધ આપતી થાય ત્યારથી દૂધ આપતી બંધ થાય તે સમયના ગાળામાં તે ૧૫૯૦ કિલોગ્રામ દૂધ આપે છે. આમાં તેણે વધુમાં વધુ ૩,૧૮૨ કિલોગ્રામ દૂધ સાડાચાર ટકા ફૅટ સાથે આપીને વિક્રમ સ્થાપ્યો છે.

દેવની ગાય : ડાંગ વિસ્તારની આ ગાય સારા પ્રમાણમાં દૂધ આપે છે. *ડાંગી ગાય :* અહમદનગર, તથા ડાંગ વિસ્તારની આ ગાયની ચામડી ચમકતી હોય છે. તે દૂધ ઓછું આપે છે પણ એના વંશના બળદ ખડતલ હોય છે. *મેવાતી ગાય :* આ ગાયમાં ગિરની તથા હરિયાણાની ગાયનો ખૂબ દૂધ આપવાનો ગુણ રહેલો છે. આ ગાયના વંશના બળદ ખડતલ હોઈ ભારે બોજો ખેંચી શકે છે.

નિમાડી ગાય : આ ગાય ગિર જાતિની ગાય જેવી દેખાય છે. ચામડી પર સફેદ ડાઘ હોય છે. તે દૂધ સારા પ્રમાણમાં આપે છે. *કાંકરેજ વઢિયાર ગાય :* ઉત્તર ગુજરાતની પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ફેલાયેલી આ ગાય ખડતલ છે. તે દૂધ સારા પ્રમાણમાં આપે છે. ગળાની ઝાલર સામાન્ય છે. આ વંશના બળદ ખડતલ હોય છે. *માલવી ગાય :* આ ગાય મોટે ભાગે ગૌચરભૂમિ હોય ત્યાં ઊછરે છે. એના વંશના બળદો સામાન્ય ગાડાં ખેંચી શકે છે. આ ગાય મુખ્યત્વે ગ્વાલિયર રાજ્યમાં જોવામાં આવે છે. *થરપારકર ગાય :* જોધપુર-જેસલમેર વિસ્તારની આ ગાય દૂધ પુષ્કળ આપે છે અને એના વંશના બળદો બળવાન હોય છે. આ ગાયની માગ વિવિધ પ્રદેશોમાં સારા પ્રમાણમાં છે. *બચૌર ગાય :* બિહાર રાજ્યની આ ગાયના વંશના બળદો બળવાન હોય છે. *પવાર ગાય :* સંયુક્ત પ્રાંતની લાંબાં, ઊંચાં શિંગડાંવાળી આ ગાય તેજીલો, તોફાની સ્વભાવ ધરાવે છે અને દૂધ ઓછું આપે છે. ભગનારી દજ્જલ ગાય : આ પુષ્કળ દૂધ આપતી પંજાબની ગાય છે. *ગાવલાવ ગાય :* મધ્યપ્રાંતની આ ગાયને પૂરતો ઘાસચારો અપાય તો સારા પ્રમાણમાં દૂધ આપી શકે છે. *હરિયાણા ગાય :* આ ગાય પુષ્કળ દૂધ આપે છે. કોલકાતા વિસ્તારમાં ગાય દૂધ આપતી બંધ થાય ત્યારે આવી નકામી બે ગાયના બદલામાં કસાઈઓ ગાયો પાળનારને એક હરિયાણા ગાય આપે છે. *હાંસી-હિસ્સાર ગાય :* આ ગાયના વંશના બળદો બળવાન થાય છે પણ ગાય હરિયાણા ગાય જેટલું દૂધ આપતી નથી. *અંગોલ ગાય :* તામિલનાડુની આ ગાય તથા એના વંશના બળદ બળવાન તથા ખડતલ હોવાથી અમેરિકાની ગાયની ઓલાદ સુધારવા આ ગાયની ત્યાં નિકાસ કરવામાં આવે છે. *રાત ગાય :* આ ગાય દૂધ ઓછું આપે છે તથા તેના વંશના બળદ સામાન્ય ખેતરો માટે જ ઉપયોગી હોઈ તે ગરીબોની ગાય કહેવાય છે. *કેનવારિયા ગાય :* બુંદેલખંડની આ ગાય દૂધ ઓછું આપે છે. *ખેરીગઢ ગાય :* ખેરીગઢ ક્ષેત્રની આ ગાય દૂધ ઓછું આપે તથા મારકણી છે. *સાહીવાલ ગાય :* પંજાબની આ ગાય સારા પ્રમાણમાં દૂધ આપે છે. *સિંધી ગાય :* પ્રમાણમાં ઓછો ખોરાક ખાઈ વધારે દૂધ આપતી આ ગાય મુખ્યત્વે પાકિસ્તાનમાં પળાય છે. *ધન્ની ગાય :* આ ગાય ઓછામાં ઓછું દૂધ આપે છે. *સીરી ગાય :* સિક્કિમ, ભૂતાનની આ ગાયના શરીર પર ઠંડીથી બચવા ખૂબ વાળ હોય છે. આ વંશના બળદ બળવાન હોય છે.

-શાંતિકુમાર જ. ભટ્ટ

('નવનીત સમર્પણ'માંથી ટૂંકાવીને)

કોળું

ગળચટ્ટાં પીળાં કે રાતાં, ગોળ કે લંબગોળ, વજનદાર નાનાં-મોટાં કોળાં તથા સાકરકોળાં તરીકે ઓળખાતા કોળાના ઔષધીય

ગુણો ઘણા છે.

ગાજરની જેમ કોળું પણ વિટામિન 'એ'થી ભરપૂર હોય છે. ગાજરની જેમ તેનો રસ કાઢીને પીવાથી આંખના દોષ નિવારી શકાય છે. નબળી અને નંબરવાળી આંખોવાળાંઓને નિયમિત રોજ એક-બે પ્યાલા રસ પીવાથી દૃષ્ટિમાં સારો એવો સુધારો થાય છે.

ગોળ કે ખાંડ નાખ્યા વગરનું કોળાંનું શાક રસાદાર અને સ્વાદિષ્ટ બને છે. કોળાની છીણને વઘારીને તેનું કચુંબર કે સંભારો પણ બને છે. વળી એનું રાયતું, મુઠિયાં, ઢેબરાં અને ભજીયાં પણ બની શકે છે. ઉત્તર ભારત અને રાજસ્થાનમાં કોળાનો રસ સાકરની સાથે ભેળવીને તેનાં ચોસલાં 'પેંઠા' રૂપે મીઠાઈ તરીકે જોવા મળે છે. પૂરતું પાકેલું અને જૂનું થયેલું કોળું વધારે ગુણકારી ગણાય છે.

કોળું ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં વર્ષાયુ પાક તરીકે વવાય છે. કાપ્યા વગરનું કોળું તેની મજબૂત છાલને લીધે બે વર્ષ સુધી બગડતું નથી. કોળાનું ફળ પાંચથી પંદર કિલોગ્રામનું હોય છે.

કોળું ઠંડું, મધુર, બળવર્ધક, પૌષ્ટિક અને વીર્યવર્ધક તથા પિત્તનાશક છે. ઉન્માદ, ભ્રાંતિ, ગાંડપણ, જેવા માનસિક રોગોમાં અકસીર ગણાય છે. હૃદયરોગ, મૂત્રમાર્ગના રોગો, મંદાગ્નિમાં ફાયદાકારક છે. કોળાનાં બીજ વિષનાશક તથા પેટના કૃમિનાશક છે. તેનાં બીજમાંથી મીંજ રૂપે વપરાતી મગજતરી બદામ જેવી પૌષ્ટિક, નિદ્રા લાવનાર તથા પ્રોસ્ટેટ ગ્રંથિને દુરસ્ત કરનાર ગણાય છે. કોળાનો રસ મુત્રલ, સોજો મટાડનાર તથા ડાયબીટીઝમાં લાભદાયક ગણાય છે. ફેફસાં કે શરીરના કોઈ પણ ભાગમાં થતા રક્તસ્રાવમાં ફાયદો કરે છે.

('સ્વસ્થમાનવ'માંથી) -પ્રા. મહેન્દ્રકુમાર રામદાસ શાહ

યશવંત પંડ્યાની એક ગણનાપાત્ર સિદ્ધિ તેઓ સફળ બાળનાટક આપી શક્યા એ છે. એ બાળનાટકોમાં જે અમી છે એ જ એકંદરે યશવંત પંડ્યાની સમગ્ર નાટ્યસૃષ્ટિને પણ, આકર્ષક બનાવનાર મુખ્ય તત્ત્વ છે. 'સાકરનો શોધનારો' કોલસામાંથી સાકરની શોધ કરવા પ્રેરાતા બાળ-ચિત્તની કલ્પનામયતામાં ડોકિયું કરાવે છે. 'ડોલતા ડુંગર' યશવંતના હૃદયની બધી કવિતા સાથે અવતર્યું છે. સાગરના બાહ્રહૃદયના અરમાન કેવા માઝા મૂકીને અંકુરીત થઈ ઊઠે છે અને કઠોર નઠોર જગતમાં કેવા ટૂંપાઈ જાય છે, એ જાણે પીંછીના થોડાક લસરકાથી ચિત્રાંકિત કર્યું છે. કલ્પનાલોકનું ચિત્ત પહેલું અને વાસ્તવ જગતનું તે પછી મૂકવાના લેખકની સહજ નાટ્ય દૃષ્ટિ ભાગ ભજવી ગઈ છે. દિવાસ્વપ્નની ઉડાઉગીરી રંગીન રૂપે બતાવ્યા પછી વાસ્તવજગતની તંગદિલી પ્રશ્ચાદ્દર્શનથી નિરૂપવાના ઔચિત્યભાનમાં કલાકારની સફળતાની ચાવી છે.

ઉમાશંકર જોશી

> તુલસી પર ઘર જાય કે, દુઃખ ન કહીએ રોય;
> માન ગુમાવે આપનો, બાંટ ન લેવે કોય.

બનારસ (કાશી)ના વિદ્વાન શાસ્ત્રી વિદ્યાશંકરજી સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિનો વિષય શીખવતા હતા. એ વખતે ભારતના વાઈસરૉય લૉર્ડ કર્ઝન વિદ્યાલયની મુલાકાતે આવવાના હતા અને બધા જ અધ્યાપકોએ લૉર્ડ કર્ઝનને મળવાનું હતું. વિદ્યાશંકરજી આ ઓળખવિધિમાં પોતે હાજર નહીં રહે એમ પ્રાચાર્યને જણાવ્યું ત્યારે 'આનું પરિણામ સારું નહીં આવે' એમ પ્રાચાર્યે કહ્યું. લૉર્ડ કર્ઝન યાદિ પ્રમાણે બધા અધ્યાપકોને મળ્યા પણ તેમાં શાસ્ત્રીજી નહોતા. કર્ઝન શાસ્ત્રીજીના ખંડને બારણે જઈ ઊભા. શાસ્ત્રીજી દંગ થઈ ગયા. બોલ્યા : 'પધારો, પધારો.' ત્યારે કર્ઝન બોલ્યા : 'વિદ્યાવંતોને આજ્ઞા ન કરાય, એમને સામેથી મળીને ધન્ય થવાય.

*

કપડાં પર ઘી કે તેલના ધાબા પડી જાય તો તેના પર ટૅલ્કમ પાઉડર ભભરાવી ઉપર છાપું પાથરી દેવું.

*

આરસને ચકચકિત રાખવા પાણીમાં થોડું કેરોસિન ભેળવી તેનું પોતું કરવું. ઍસિડ કદી વાપરવો નહીં.



> દાનં વિત્તાદૃતં વાચઃ કીર્તિધર્મૌ તથાયુષઃ ।
> પરોપકરણં કાયાદસારાત્ સારમાહરેત્ ॥
> ધનમાંથી દાનને, વાણીમાંથી કલ્યાણને, આયુષ્યમાંથી કીર્તિ અને ધર્મને, શરીરમાંથી કીર્તિને એમ અસારમાંથી સારને લઈ લેવો.

ગણિતગમ્મત

૪૫ - ૪૫ = ૪૫ નીચેની રીતે પુરવાર કરી શકાય

૯૮૭૬૫૪૩૨૧ (અંકોનો આખરી સરવાળો) = ૪૫
– ૧૨૩૪૫૬૭૮૯ (અંકોનાં આખરી સરવાળાં) = ૪૫
૮૬૪૧૯૭૫૩૨ (અંકોનો આખરી સરવાળો) = ૪૫

*

'તમે અંદર કેવી રીતે આવ્યા, બહાર ચોખ્ખું લખ્યું છે કે પરવાનગી વગર અંદર આવવું નહિ !'

'હું પરવાનગી લેવા જ અંદર આવ્યો છું.'

*

ઑસ્ટ્રેલિયા અને મધ્ય અમેરિકાનાં જંગલોમાં પિચર નામનું એક વૃક્ષ થાય છે, જેની ડાળી પર ઘડા આકારનાં પાંદડાં થાય છે. આ પાંદડાંમાં એક પ્રકારનું ઘટ્ટ પ્રવાહી હોય છે જેની પર કિટકો-ઉંદરો આહાર માટે આવે છે અને તેમાં ડૂબી જાય છે.

*

જાન્યુઆરી ૨૦, ૨૦૦૧નો દિવસ આ ચાલુ ૨૧મી સદીનો પ્રથમ દિવસ કે જેમાં વર્ષના ચારેચાર આંકડાઓ પણ તારીખ અને મહિનામાં તેના તે જ ક્રમમાં પરિણમે છે જેમ કે, ૨૦,૦૧

*

અમેરિકા અને જર્મનીના પ્રવાસીઓને આકર્ષવા માટે કેરળના પ્રવાસન મંત્રાલયે એક વિશિષ્ટ યોજના ઘડી છે. તેઓ અમેરિકા અને જર્મનીના રસ્તા પર ખાસ પ્રકારનો રોડ-શો કરી રહ્યા છે. ઈ.સ. ૨૦૦૦ના વર્ષમાં ૨,૧૧,૦૦૦ વિદેશી પર્યટકોએ કેરળની મુલાકાત લીધી હતી. આ રોડ-શોમાં પ્રવાસયોજકો, હૉટલ-માલિકો, આયુર્વેદના નિષ્ણાતો અને હેલ્થ રિસૉર્ટવાળા પણ ભાગ લેશે.



...પણ શેઠ, આપે જ ભાર દઈને કીધેલું કે જરા ભારે... વજન પડે એવી સેક્રેટરી મારા માટે શોધી લાવો એટલે પછી આ...

*

કલાકણિકા : ઈ.સ. ૪૭૭ની મૈત્રેય બુદ્ધની કાંસ્ય પ્રતિમા, જેના પર ચાઈનીઝ સુવર્ણ ઢોળ ચઢાવેલો છે.



POSTED AT PSO AHMEDABAD ON 17th of Every Month.
Licensed to Post Without Pre Payment Licence No. 185 - RNI New Delhi No. 1834/57
'કુમાર' ૧૭ નવેમ્બર ૨૦૦૧. સળંગ અંક : ૮૮૭. છૂટક નકલ રૂપિયા ૨૦. Kumar Regd. No. GAMC-925

પ્રેમ એ સુખ છે;
અપેક્ષા એમાં વિઘ્ન છે.

વિવિધ વિચિત્રતાથી ઉભરાતું આપણું મન છે. તેમાં સારપ છે તેટલી જ અધૂરપ પણ છે, તેટલી જ મલિનતા છે. આ બધું એકસાથે જ રહે છે, વધે છે, વિકસે છે. ગુલાબના મનોરમ ફૂલ અને તેની સાથેના અણીયાળા કાંટાની જેમ. શું એવી કોઈ તરકીબ હોઈ શકે કે ફૂલની સુગંધ માણી શકાય અને કાંટાથી જાતને બચાવી શકાય? એવું કોઈ કરી શકે એને કળા જ કહેવાય! સાધ્ય થઈ શકે એવી આ કળા છે. જેને જેને આપણે હૃદયથી ચાહીએ, પ્રેમ આપીએ ત્યારે આપણને સુખનો અનુભવ થાય છે. એ પ્રેમ માણસ પ્રત્યે હોય કે પશુ- પક્ષી પ્રત્યે હોય, ત્યારે, બન્ને પક્ષે સુખનો અનુભવ થાય છે. પણ પેલા ગુલાબના ફૂલ સાથેના કાંટાની જેમ જો પ્રેમની સાથે જ એ વ્યક્તિ પ્રત્યે આપણા ચિત્તમાં અપેક્ષાના કંટકના અંકુરો પણ ઊગી જાય અને એ અપેક્ષા આપણા પ્રેમના પનાથી યે મોટા પનાની હોય અને તે ન સંતોષાય એટલે આપણને દુઃખ અને આઘાત લાગે. સરવાળે પ્રેમનું સુખ કરમાવા લાગે. નંદવાઈ પણ જાય. પ્રેમ કરીએ - પ્રેમ જ કરીએ, મૈત્રીનો માંડવો બાંધીએ, સાથે સાથે અપેક્ષાના કાંટાથી સાવધ રહીએ - ચિત્તને બને તેટલું તેનાથી બચાવીએ તો પછી માખ વિનાનું મધ મળ્યા જ કરશે, મધુર મધ મળ્યા જ કરશે.

પ્રદ્યુમ્નસૂરિ
('પાઠશાળા' માંથી)

સ્થાનસમર્પિત
એક 'કુમાર'પ્રેમી તરફથી

દીપક પ્રિન્ટરી, અમદાવાદ-૩૮૦૦૦૧